## સુવિચાર

**બુધ્ધિ અને કપટથી જીવનમાં ઘણી દુર્લભ વસ્તુઓ મળી જાય છે... પણ ભાગ્ય અને ભગવાનની મરજી વગર ભોગવી શકાતું નથી...**

ગ્રામ્ય આવૃત્તિ પાનાઃ ૧૨

તા. ૪-૧૨-૨૦૨૪, બુધવાર
વર્ષઃ ૧૩, અંક : ૨૨૫

પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329


arham publications RAJKOT
RAJKOT/639/2022-2024 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક ®
સાંધ્ય દૈનિક

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281- 2461234, 2460999 ✆ 94266 72303 ✉ abataknews@gmail.com @abtakmedia


**'રમશે ગુજરાત જીતશે ગુજરાત': કાલથી ૩૧મી માર્ચ સુધી યોજાશે ખેલ મહાકુંભ**
(વાંચો છેલ્લા પાને)


મહાકુંભમાં કરોડો લોકો જોડાવાની સંભાવનાને લઇ કંપનીઓ બ્રાન્ડીંગ પાછળ રૂ. ૩૦૦૦ કરોડ ખર્ચશે


ગુમસુદા કોમેડિયન સુનિલ પાલની ભાળ મળી!


બોર્ડર-ગાવસ્કર ટ્રોફીની બીજી ટેસ્ટ રમવા વોશિંગટન સુંદર તૈયાર


ઉર્વિલ પટેલની વધુ એક સદી સાથે ગુજરાતનો સળંગ પાંચમો વિજય

### ફડણવીસ શિંદેને મળતા મહારાષ્ટ્રની ખેંચતાણનો અંત?

# 'એકનાથ' ડે.સીએમ પદ સ્વીકારવા તૈયાર!: દેવેન્દ્રનો રસ્તો સાફ

## સાંજે ભાજપના ધારાસભ્યોની બેઠકમાં દળના નેતાની કરાશે પસંદગી: આવતીકાલે નવી સરકારની શપથ વિધી

## કાલે માત્ર મુખ્યમંત્રી અને બે નાયબ મુખ્યમંત્રી જ શપથ ગ્રહણ કરે તેવી શકયતાઃ સત્તા વહેંચણી માટે સતત બેઠકોનો ધમધમાટ

**અબતક, રાજકોટ**

મહારાષ્ટ્રમાં આવતીકાલે નવી સરકારની શપથવિધી યોજાશે. મુખ્યમંત્રી પદે ભાજપના ધારાસભ્ય જ શપથ લેશે તે ફાઈનલ થઈ ગયું છે. બે ડેપ્યુટી સીએમ રહેશે. આજે સાંજે ભાજપના ધારાસભ્યોની બેઠક મળશે જેમાં દળના નેતાની પસંદગી કરવામાં આવશે દરમિયાન ગઈકાલે કાર્યકારી મુખ્યમંત્રી એકનાથ શિંદે અને પૂર્વ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ મળતા મહારાષ્ટ્રમાં છેલ્લા ઘણા દિવસથી ચાલતી સત્તાની ખેંચતાણનો અંત આવી ગો હોય આવી ગયો હોય તેવું લાગી રંહ્યું છે. શિંદે અંતે નાયબ મુખ્યમંત્રી પદ સ્વીકારવા માટે તૈયાર થઈ જતા 'દેવેન્દ્ર' માટે સીએમ પદનો રસ્તોસાફ થઈ ગયો છે. મોદી-શાહની જોડી સરપ્રાઈઝ આપવા માટે જાણીતી છે. મહારાષ્ટ્રમાં પણ ભાજપ સરપ્રાઈઝ નામ જાહેર કરે તેવી શકયતા પણ નકારી શકાતી નથી.



મહારાષ્ટ્રમાં ભાજપના ધારાસભ્ય દળના નેતા કરવા માટે હાઈકમાન્ડ દ્વારા ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સિતારમણની નિરીક્ષક તરીકે નિયુકતી કરી છે. બંને નિરીક્ષકો મુંબઈ પહોચી ગયા છે. દરમિયાન આજે સાંજે મહારાષ્ટ્ર પ્રદેશ ભાજપ કાર્યાલય ખાતે ભાજપના ધારાસભ્યોની બેઠક મળશે જેમાં નિરીક્ષકોની ઉપસ્થિતિમાં દળના નેતાની પસંદગી કરવામાં આવશે જે આવતીકાલે સાંજે મુંબઈના આઝાદ મેદાન ખાતે યોજાનારા શપથ ગ્રહણ સમારોહમાં મહારાષ્ટ્રના નવા મુખ્યમંત્રી તરીકે શપથ ગ્રહણ કરશે. હાલ મુખ્યમંત્રી પદ માટે દેવેન્દ્ર ફડણવીસનું નામ સૌથી આગળ ચાલી રહ્યુ છે. એકનાથશિંદે અને અજીત પવારને નાયબ મુખ્યમંત્રી બનાવવામાં આવશે. ગઈકાલે સાંજે દેવેન્દ્ર ફડણવીસ રાજયના કાર્યકારી મુખ્યમંત્રી એકનાથ શિંદેને મળવા ગયા હતા. શિંદે અંતે નાયબ સીએમ પદ સ્વીકારવા તૈયાર થઈ જતા દેવેન્દ્રનો સીએમ પદ માટેનો રસ્તો સાફ થઈ ગયો છે. જોકે હજી મોટી રાજકીય ઉથળ પાથલની સંભાવના પણ નકારી શકાતી નથી છેલ્લી ઘડીએ કવરમાંથી કોઈ નવું નામ પણ નિકળી શકે છે.

ભાજપ અને શિવસેના વચ્ચે સત્તાની વહેંચણીની વાટાઘાટોમાં સફળતા મળતાં,
(અનુ. આઠમા પાને)

# કેનેડામાંથી હજારો ભારતીયોને ઉચાળા ભરવા પડશે

## ૨૦૨૫ના અંત સુધીમાં લગભગ ૫૦ લાખ કામચલાઉ વર્ક પરમિટની સમયસીમા સમાપ્ત થઈ જશે, નવા ઈમિગ્રેશન નિયમો હેઠળ અનેક લોકોને દેશ છોડવા મજબુર કરાશે

### કેનેડાના ઈમિગ્રેશન નિયમોમાં મુખ્ય ફેરફારો શું છે?

નવી નીતિ હેઠળ, કાયમી રહેવાસીઓની સંખ્યા વાર્ષિક લક્ષ્યાંક ૨૦૨૫ સુધીમાં ૫૦૦,૦૦૦ થી ઘટીને ૩૯૫,૦૦૦ કરાશે, જે ૨૧% ઘટાડો દર્શાવે છે, તેમ એક અહેવાલમાં જણાવાયું છે. કામચલાઉ વિદેશી કામદારો અને આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓની સંખ્યામાં પણ કાપ મૂકવામાં આવશે, જેમાં ૨૦૨૬ સુધીમાં કામચલાઉ વિદેશી કામદારોની સંખ્યામાં ૪૦% થી વધુ અને આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓની સંખ્યામાં ૧૦% થી વધુ ઘટાડો થવાની ધારણા છે.

**અબતક, નવી દિલ્હી**

કેનેડા સરકારે કેટલાક નવા ઈમિગ્રેશન નિયમો બનાવ્યા છે, જેની અસર ભારત સહિત ઘણા દેશોના લોકો પર પડશે. કેનેડાના ઈમિગ્રેશન મિનિસ્ટર માર્ક મિલરે કહ્યું કે ૨૦૨૫ના અંત સુધીમાં લગભગ ૫૦ લાખ કામચલાઉ વર્ક પરમિટની સમયસીમા સમાપ્ત થઈ જશે. મતલબ કે આ પરમિટ પર કામ કરતા લોકોમાંથી ઘણા લોકોએ કેનેડા છોડવું પડી શકે છે.

કેનેડાએ તેની ઈમિગ્રેશન નીતિઓમાં
(અનુ. આઠમા પાને)

### કેનેડામાં ૧૬.૮૯ લાખ ભારતીયો રહે છે

અન્ય દેશોમાં જઈને સ્થાયી થવા ઈચ્છતા ભારતીયો માટે કેનેડા એક પ્રિય સ્થળ છે. સપ્ટેમ્બરના એક રિપોર્ટ અનુસાર કેનેડામાં ૧૬,૮૯,૦૫૫ ભારતીયો રહે છે. દેશમાં રહેતા ભારતીય વિદેશીઓમાં સી-સ્યુટ એક્ઝિક્યુટિવ્સ, એન્જિનિયર્સ, ટેકનિશિયન અને વૈજ્ઞાનિકો જેવા કર્મચારીઓનો સમાવેશ થાય છે. અસ્થાયી વિદેશી (અનુ. આઠમા પાને)



# પંજાબના પૂર્વ ડે.સીએમ સુખબીરસિંહ બાદલ પર ફાયરિંગ: માંડ-માંડ બચ્યાં

## અમૃતસર ગોલ્ડન ટેમ્પલના દરવાજે સુખબીર સિંહ પર ફાયરિંગ કર્યું પરંતુ ગોળી દિવાલમાં વાગતા બચી ગયા: ઘટના સ્થળે જ લોકોએ આરોપીને પકડીને પોલીસ હવાલે કર્યો

**અબતક, પંજાબ**

પંજાબમાં શિરોમણિ અકાલી દળના નેતા સુખબીરસિંહ બાદલ પર ફાયરિંગના સમાચાર સામે આવ્યા છે, પરંતુ આ હુમલામાં તે સહેજ માટે બચી ગયા હતા. એવું કહેવામાં આવી રહ્યું છે કે સુવર્ણ મંદિરના ગેટ પર એક વ્યક્તિએ તેમના પર ફાયરિંગ કર્યું હતુ. હુમલાખોરે ફાયરિંગ કરતાની સાથે જ ઘટનાસ્થળે હાજર લોકોએ આરોપીને પકડી લીધો હતો. પોલીસે આરોપીને કસ્ટડીમાં લીધો છે. તેની પાસેથી એક પિસ્તોલ પણ મળી આવી છે. આરોપીનું નામ નારાયણસિંહ બતાવવામાં આવી રહ્યું છે. તે પક્ષ ખાલસા સાથે સંકળાયેલો છે. પંજાબના પૂર્વ ડેપ્યૂટી મુખ્યમંત્રી સુખબીર બાદલ મંગળવારથી અમૃતસરના સુવર્ણ મંદિર એટલે કે શ્રી હરમંદિર સાહિબ ગુરુદ્વારાની બહાર ચોકી કરીને સજા ભોગવી રહ્યા છે. તેઓ મંગળવારે બપોરે વ્હીલચેર પર ગુરુદ્વારા પહોંચ્યા હતા. તેના ગળામાં દોષિત



હોવાની નિશાની પણ લટકતી રહે છે. તેમને સજાના પહેલા દિવસે સુવર્ણ મંદિરના સામુદાયિક રસોડામાં વાસણો પણ સાફ કર્યા હતા. આ દરમિયાન તેણે સેવાકર્મીઓનો પોશાક પહેર્યો હતો. રક્ષક માટે હાથમાં ભાલો. સુખબીર સિંહ બાદલના પગમાં ફ્રેક્ચર છે, તેથી પ્લાસ્ટર લગાવવામાં આવ્યું છે અને તેઓ વ્હીલચેર પર દેખાઈ રહ્યાં છે. શીખ સમુદાયની 'સુપ્રિમ કોર્ટે' એટલે કે શ્રી અકાલ તખ્ત સાહિબએ સુખબીર બાદલને ધાર્મિક સજા સંભળાવી છે. તે ગુરુદ્વારામાં સેવા કરશે. વાસણો ધોશે અને ચોકીદારી પણ રાખશે. શ્રી દરબાર સાહિબમાં બનેલા જાહેર શૌચાલયની પણ સફાઈ કરશે. ૨૦૦૭ થી ૨૦૧૭ દરમિયાન અકાલી દળની સરકાર દરમિયાન ધાર્મિક ભૂલો માટે જથેદાર શ્રી અકાલ તખ્તે બાદલ અને તેમની પાર્ટીના નેતાઓને સજા ફટકારી છે. અકાલી નેતાઓ સેવા આપીને સમાન સજાની ભરપાઈ કરી રહ્યા છે.

### અમરેલીમાં ફિલ્મને ટક્કર મારે તેવી કહાની

# અપહરણ થતાં પરિવારથી વિખૂટો પડેલો બાળક ૨૪ વર્ષે માતા-પિતા પાસે પરત ફર્યો

## જાગૃત અઢિયા અઢી દાયકા બાદ પરત ફરતા લોહાણા પરિવારમાં હરખની હેલી: ખરાઈ માટે પોલીસે ડીએનએ ટેસ્ટ કરાવ્યો

**અબતક, રાજકોટ**

અમરેલીમાં ફિલ્મને ટક્કર મારે તેવી કહાની સામે આવી છે. વર્ષ ૨૦૦૦માં લોહાણા પરિવારના ચાર વર્ષીય બાળક જાગૃત અઢિયાનું અપહરણ થયું હતું. જે બાળકને શોધી કાઢવા આંદોલનો થયાં હતા, વિશેષ તપાસ સમિતિની રચના પણ કરવામાં આવી હતી પરંતુ ચાર વર્ષના બાળકની કોઈ જ ભાળ મળી આવી ન હતી. ઘટનાને અઢી દાયકા વીતી જતાં પરિવારે પણ પુત્રની વાપસીની આશા છોડી દીધી હતી પણ ૨૪ વર્ષે હરિયામાંથી પોતાના માતા-પિતાને શોધતો એક યુવક અમરેલી પરત ફરતા લોહાણા પરિવારના હરખની હેલી છે. જો કે, ચાર વર્ષની ઉમરમાં જે બાળકનું અપહરણ કરવામાં આવ્યું હતું અને જે યુવક પરત ફર્યો છે તે બંને એક જ છે કે કેમ તે જાણવા પોલીસે યુવક અને તેના માતા-પિતાના ડીએનએ ટેસ્ટ કરાવ્યા છે.





### ત્રણ દાયકા પૂર્વે ગાઝિયાબાદથી ભેદી રીતે ગુમ થયેલો બાળક પરિવાર પાસે પરત પહોંચ્યો

અમરેલી જેવો જ એક કિસ્સો ગાઝિયાબાદમાંથી સામે આવ્યો છે. વર્ષ ૧૯૯૬માં વીજળી વિભાગના નિવૃત કલાર્કનો પુત્ર ભીમસિંઘ ભેદી રીતે ગુમ થઇ ગયો હતો. આ ઘટનાને ૩૧ વર્ષ વીત્યા બાદ પુત્ર પરિવાર પાસે પરત ફરતા પોલીસે તાત્કાલિક યુવક અને તેના માતા-પિતાના ડીએનએ ટેસ્ટની કાર્યવાહી હાથ ધરી છે. જો કે, આ યુવક દેહરાદૂનમાં પણ એક પરિવારના લાપતા પુત્ર મોનુસિંઘ તરીકે ઓળખ આપી રહી ચુક્યાનું સામે આવતા તુલરામે તેને પુત્ર તરીકે સ્વીકારવાનો ઈન્કાર કરી દીધો છે પણ તેની પત્ની લીલાવતીએ આ યુવક પોતાનો જ પુત્ર હોવાની જીદ કરતા અંતે ડીએનએ ટેસ્ટ કરાવવા તજવીજ હાથ ધરી છે.

સમગ્ર મામલાની જો વિગતવાર ચર્ચા કરવામાં આવે તો તા.૧૦/૩/૨૦૦૦ ના રોજ સાંજના ૫:૩૦ વાગ્યાં આસપાસ અમરેલીના મણિનગરમાં રહેતા જિતેન્દ્રભાઈ વિઠ્ઠલભાઈ અઢિયાના પોણા ચાર વર્ષના પુત્ર જાગૃતે બાજુના રવિનગરમાં કાકાની સાથે રહેતાં બા પાસે જવાની જીદ કરી હતી. માતા આરતીબેને બાનું ઘર થોડા અંતરે જ હોઈ પુત્રને એકલો જ ત્યાં જવા માટે મોકલી દીધો પરંતુ આ બાળક ક્યારેય બા સુધી પહોંચી શક્યો નહીં. રસ્તામાં જ કોઈએ તેનું અપહરણ કરી લીધું હતી. ચાર વર્ષના બાળકના અપહરણના લીધે અમરેલી શહેરમાં હાહાકાર મચી ગયો હતો. સમગ્ર તંત્ર બાળકની શોધમાં લાગ્યું હતું પણ ભાળ મળી ન હતી.

વર્ષ ૧૯૯૬માં ૭ એપ્રિલના રોજ જન્મેલા જાગૃતના અપહરણકાંડે ગુજરાતભરમાં
(અનુ. આઠમા પાને)


શું તમે રીપોર્ટર બનવા માંગો છો?
શું તમારે મીડિયામાં કામ કરવું છે?
શું તમે નોકરીની શોધમાં છો?
તો તમારા આ પ્રશ્નોના જવાબ અમારી પાસે છે
અબતક સાંધ્ય દૈનિક
રૂબરૂ મળો : સવારે ૧૦ થી સાંજે ૬ સુધી
'અબતક' મીડિયા હાઉસ, રાષ્ટ્રીય શાળા-રાજકોટ
મો.નં. ૯૪૨૬૬ ૭૨૩૦૩


# ભણતર વધુ છતા યુવાન દિશા શૂન્ય શા માટે?

## આજનો યુવાન પોતાનું વ્યક્તિત્વ ખોઈને બીજાના હાથે વેંચાય ગયો છેઃ આધુનિકતામાં અંધ બનેલો યુવાન પોતાની દિશા ભટકી ગયો છેઃ ઘરડાઘરોનું વધતું પ્રમાણ યુવાનની બદલાતી દિશાનો પુરાવો છે

યુવાનીમાં જ યુવાને જીવન ઘડતર કરવાનું હોય પણ આજે તેને માર્ગદર્શન આપનારા છે જ નહી. આજના યુવાનને સારા-નરસાની પરિભાષા સમજવાની જરૂર છે. યુવાનએ શકિતનો અખુટ ભંડાર, જો આપણે તેને યોગ્ય દિશાએ વાળીએ તો આપણા દેશને ઘણો ફાયદો મળે તેમ છે. વિશ્વમાં સૌથી યુવાધન આપણા દેશ ભારત પાસે છે, પણ ચોકકસ માર્ગદર્શન વગર આજનો યુવાન પોતાનું વ્યકિતત્વ ખોઈ બેઠો છે એટલું જ નહી તે બીજાના હાથે વહેચાઈ ગયો છે. વિશ્વના અન્ય દેશોમાં યુવાનો માટે ઘણા મહત્વના પગલા યોજનાને કારણે તેનો વિકાસ ઝડપી બન્યો છે. યુવા શકિતનો શ્રેષ્ઠ વિકાસ જ આપતા દેશની સાચી પ્રગતિ છે. યુવાનીમાં જ યુવાને જીવન ઘડતર કરવાનું હોય પણ આજે તે વ્યસનોના રવાડે ચડીને પોતાના જીવન સાથે પરિવારને પણ મુશ્કેલીમાં મુકે છે.

આજનો યુવાન બધુ જ કરવા માંગે છે પણ તેને સહયોગ આપનારા કયાં? જીવન કૌશલ્યોનો વિકાસ કરીને તેને આગળ વધવું છે પણ માર્ગદર્શન કયા મળે છે. આજનો યુવાન ભટકી રહ્યો છે. ધો. ૧૦ કે ૧૨ પાસ કર્યા બાદ કે કોલેજ કર્યા બાદ તેને નોકરીની તકો વધુ ન હોવાથી પ્રાઈવેટ જોબ પસંદ કરવી પડે છે. પૈસા કમાવાની હોડમાં તે ખરાબ સંગતને કારણે આડા ધંધા પણ કરવા લાગે છે. દેખાદેખીને કારણે બાઈક મોબાઈલ જેવી વસ્તુની જીદ મા-બાપ માટે મુશ્કેલી મુકે છે. વિદેશમાં તો ૧૮ વર્ષનો પુત્ર થાય એટલે મા-બાપની જવાબદારી પુરી થઈ થઈ જાય છે. જયારે આપણે ૨૮ કે ૩૦ વર્ષનાં પુત્રને પણ પૈસા આપવા પડે છે. જે એક નગ્ન સત્ય છે.


આજના યુવાન શારીરિક રીતે સક્ષમ હશે પણ માનસિક રીતે ઘણો નબળો આર્થિક તંગીને કારણે લાગે છે. યુવાનને ૧૨ પાસ પછી શું કરવું તેની પણ ખબર હોતી નથી, મિત્રો જાય છે એટલે તે પણ જાય ને મા-બાપના ફિના પૈસા બગાડે છે. યુવાનને સંબંધ બગડે નહી તે રીતે ના પાડતા આવડતી જ નથી જેને કારણે તે મુશ્કેલીમાં મુકાય છે. આજે ચોરી કે અન્ય ગુનામાં પકડાતા લોકોમાં યુવા વર્ગ વધુ જોવા મળે છે જે ગંભીર બાબત છે. આજનો યુવાન દિશા વિહીન હોવાથી લારી-ગલ્લા કે પાની



દુકાને વધુ જોવા મળે છે. પોતાના પરિવાર કે પોતાની જીંદગીના લક્ષ્ય વિશે તેને કશી ખબર જ નથી તે પોતાની મસ્તીમાં જ રજળપાટ કરે છે. આજના મા-બાપને સૌથી વધુ ચિંતા છોકરાને પગભર કરવાની છે. લાખો રૂપિયાની ફિ ભર્યા બાદ પણ નોકરીના ઠેકાણા ન હોવાથી લોન કે વ્યાજે પૈસા લઈને ઘર ચલાવવું પડે છે. આજે યુવાનોના રોલ મોડેલ ફિલ્મ સ્ટારો કે ક્રિકેટરો હોય છે જે જીવનમાં કશા જ કામના કે માર્ગ દર્શન આપતા નથી. યુવાનોના આદર્શ રોલ મોડેલ જ તેના જીવનને એક નવી દિશા આપે છે.

આજના યુવાને પોતે યુવા થયો છે તે પણ ખબર નથી તેથી જ તેને જવાબદારીનું ભાન નથી. મારા ભાઈબંધ પાસે આ વસ્તુ છે જે મારા પાસે કેમ ન હોય આવી દેખાદેખીને કારણે મા-બાપ પાસે જીદ કરતાં મા-બાપો પણ પોતાના સંતાનોની જીદ પુરી કરવા ગમે તેમ કરવા તૈયાર થાય છે. આપણા દેશમાં યુવાનોનો ઉપયોગ જરૂર પડે ત્યારે જ કરાય છે જેમ કે પ્રચાર-પ્રસાર, રેલી, મેલાવડા વિગેરેમાં વિશાળ જમેદની બતાવવા એકઠા કરાય છે.

યુવાનોનો એક સમુદાય પોતાની કારકિર્દી વિશે જાગૃત હોવાથી તે સારૂ ભણતર મેળવીને વિવિક સ્પર્ધાત્મક પરીક્ષા આપીને આગળ વધી રહ્યો છે. આપણા પરિવાર સમાજ અને દેશ માટે શ્રેષ્ઠ કાર્ય યુવાન જ કરી શકે છે. યુવાન પોતાના જીવનનો વિકાસ કરીને તેના ભવિષ્યને આદર્શ અને સુરક્ષિત કરે છે આજે તો ઈસ્ટા, ફેસબુક, ઈન્ટરનેટ ચેટીંગ જેવામાં પોતાના દિવસ દોઢ જીબીમાં જ પુરો કરી નાખે છે. કોમ્પ્યુટર યુગનો ગુગલ યુવાનને સાચા રસ્તે વાળવાની જરૂર છે, પણ આજે તો તેના માટે કામ કરનારી સંસ્થાઓ પણ નથી. આપણા દેશમાં રાષ્ટ્રીય યુવા દિવસની ઉજવણી કરાય છે, પણ પણ એક દિવસ બાકીના ૩૬૪ દિવસ યુવાનો માટે કાંઈ થતું નથી.



યુવાનોની બરબાદીમાં એક કારણ વિદેશી સંસ્કૃતિનું આંધળુ અનુકરણ પણ છે. મા-બાપે આપણેલા તમામ ઉછેર સાથેના સંસ્કારો પ્રેમ-હુંફ, લાગણી ખરાબ સંગતને કારણે પરિવારને બરબાદ કરી નાંખે છે, તેની ઘણી સમસ્યા છે પણ યુવા વર્ગને સહયોગ સાથ આપીને તેની સાથે ચાલનારા કે દોડનારાની હાજરી જ નથી. ઓનલાઈન શોપીંગના આંકડાનો સર્વે બતાવે છે કે ૧૮ થી ૩૫ વર્ષની વયના જ વધુ ખરીદી કરે છે. પહેલા મા-બાપને છોકરીની ચિંતા રહેતી હતી પણ આજે છોકરાની ચિંતામાં તે રાત-દિવસ ઊંઘી પણ શકતો નથી. યુવા શકિતના વિકાસ માટે તેને સાચો રાહબર મળે તો જ તે રાષ્ટ્ર

### વિશ્વમાં સૌથી યુવાધન ભારત પાસે છેઃ વિશ્વના અન્ય દેશોની સરખામણીએ તેનો વિકાસ આપણે ત્યાં જોવા મળતો નથી, યુવા શક્તિના શ્રેષ્ઠ વિકાસથી જ દેશ આગળ વધી શકેઃ આજે તો વ્યસનોની લતમાં યુવાન ખલાસ થઈ ગયો છે

માટે વિકાસની કડી બની શકે છે.

એક યુવા વર્ગ મોટી સંખ્યામાં ઉચ્ચ શિક્ષણ મેળવી રહ્યો છે જે આગામી ત્રણ-ચાર વર્ષમાં શિક્ષણ મેળવી બહાર આવશે ત્યારે એક મોટો વર્ગ આપણાં દેશને મળશે. આજે ઈન્ટરનેટ માધ્યમથી આંગળીના ટેરવે દુનિયા સામે ખડી થઈ જાય છે ત્યારે પણ યુવાનો ખરાર રસ્તે વળતા જોવા મળે છે. ટેકનોલોજીના ગેરફાયદાઓને કારણે મુશ્કેલીનો ભોગ યુવાન જ બને છે. દેશમાં દર ૪૦ મીનીટે એક યુવા વ્યકિત આપઘાત કરે છે. આપણી સરેરાશ ઉમર ૨૯ વર્ષથી સહેજ વધારે છે જયારે ચીનની ઉંમર ૩૫ આસપાસ જોવા મળે છે. આપણા દેશમાં ૭૦ ટકાથી વધુ વસ્તીની ઉમર ૩૫ વર્ષની છે જે આંકડા જ બતાવે છે, યુવા દેશ છે.

નોલેજ કોર્નર



ડો.અરૂણ દવે
મો.૯૮૨૫૦૭૮૦૦૦

સ્વામી વિવેકાનંદજીએ યુવાનો માટે કહ્યું હતું કે, 'જયાં સુધી તમો ધ્યેય પ્રાપ્ત ન કરો, ત્યાં સુધી સતત કાર્ય કરતા જ રહેવું' તેમણે યુવાનોને 'સ્ટેન્ડ અપ' સૂત્ર આપ્યું હતું. આજની યુવા પેઢી શિક્ષણ, પરીક્ષા, વિદ્યાનો કેવી રીતે ઉપયોગ કરવો તેનો તેને ખ્યાલ નથી. હેડફોન ભરાવીને સંગીત સાંભળતા યુવાનોને બુનિયાદી શિક્ષણના પાયાના કાર્યો જ આવડતા નથી. યુવાન જેન ડોમેસ્ટિક કામ ગણે છે તે જ કામ સાચુ શિક્ષણ છે. થ્રી ઈડિયટસ અભિજીત જોશીએ બહુ જ સરસ વાત લખી છે, ટ્રેનીંગ અને એજયુકેશનમાં ફરક છે. સંસ્કાર અને ઈચ્છાની વચ્ચે આજનો યુવાન અટવાયો છે. સમાજની નવ રચનામાં યુવાનો ફાળો સવિશેષ હોય છે. આજનો યુવાન સમાજની કરોડ રજજુ છે. આજના યુવાને દારની પ્રત્યેની જવાબદારી સાથે સમાજ માટે પણ પોતાની જવાબદારી છે તે ભૂલવુંના જોઈએ આજે સૌ એ યુવાનોને જાગૃત કરીને તમામ સહયોગ સાથે તેના વિકાસના દ્વાર ખોલી આપવા પડશે.

# કુમળી વયની બાળકીઓ સાથેના દુષ્કર્મના કિસ્સા વાંચીએ ત્યારે કમકમાટી છૂટી જાય છે

## મહિલાઓની સુરક્ષા ફક્ત 'બેટી બચાવો'ના નારા સુધી સીમિત રહેવા પામી છે

દરરોજ વર્તમાન પત્ર ખોલવામાં આવે ત્યારે એક પણ દુષ્કર્મની ઘટના વાંચવા ન મળે,એવો દિવસ ભાગ્યે જ જાય છે. આવી ઘટનાઓ સામે તંત્ર જરૂરી પગલાં પણ લે છે, કોર્ટ દ્વારા સજા પણ ફરમાવવામાં આવે છે. તેમ છતાં દુષ્કર્મની સંખ્યામાં ઘટાડો થતો નથી, કે બંધ થતી નથી, એ દુઃખદ બાબત છે.

દુષ્કર્મ સારી બાબત તો નથી જ નથી. દુષ્કર્મ પુખ્ત વયની વ્યક્તિ સાથે કરવામાં આવતું તેમ છતાં ક્ષમ્ય તો નથી જ નથી.પરંતુ છેલ્લા કેટલાક સમયથી બે કે ચાર વર્ષ નાની નાની કુમળી વયની બાળકીઓ સાથેના દુષ્કર્મના કિસ્સા વાંચીએ ત્યારે કમકમાટી છૂટી જાય છે. ચાર વર્ષની બાળકીની સંમતિથી તો આ કૃત્ય નહીં થયું હોય ? એટલું જ નહીં પરંતુ આવી ઘટનાઓનું પ્રમાણ દિવસેને દિવસે વધતું જ જાય છે.

કમનસીબી એ છે કે,છેલ્લાં કેટલાક સમયથી આપણા કહેવાતા શિષ્ટ સમાજમાં બાળકીઓ, સગીરાઓ કે મહિલાઓ સાથેના દુષ્કર્મના બનાવો ભયંકર રીતે વધી રહ્યાં છે.રોજ રોજ નવા દુષ્કર્મના કિસ્સાઓ નજર સામે આવ્યા કરે છે. કાયદાકીય વ્યવસ્થા અને સામાજિક જાગૃતિ માટે સતત પ્રયત્નો થતા રહે છે. જ્યારે આવા દુષ્કર્મના કિસ્સાઓ સામે આવે છે, ત્યારે સમાજ ચિંતકો, સામાજિક સંગઠનો અને મહિલા આયોગ ખૂબ ઊંડી ચિંતામાં પડી જાય છે. સમગ્ર દેશમાં ૧૮ વર્ષથી નાની દીકરીઓ ઉપર દુષ્કર્મ આચરવામાં અમદાવાદ પાંચમા ક્રમે છે. ગુજરાત રાજયમાં ૧૦૦ માંથી ૭૯ બળાત્કારના અપરાધીઓ છૂટી જાય છે. દિવસે ને દિવસે વધતા જતા દુષ્કર્મની ઘટનાઓને ધ્યાને લઈને તંત્ર દ્વારા ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવી છે. પરંતુ આ ઘટનાઓની ગંભીરતા જોતાં, તેને અટકાવવા ટાસ્ક ફોર્સ ટૂંકું પડે એવું દેખાય છે. આથી કાયદો જ એટલો કડક બનાવવામાં આવે કે બીજી વખત આવું જઘન્ય કૃત્ય આચરતાં પહેલા સો વખત વિચાર કરે. દુષ્કર્મના આરોપીને આકરી સજા થવી જ જોઈએ. પોલીસે પોતાની ધાક બતાવવી પડશે. સરકારે કાયદાનો અત્યંત કડક અમલ કરવો પડશે. આવા કિસ્સા સમગ્ર




સ્ત્રી શરમ છે. ગુજરાત સરકાર દ્વારા મહિલાઓની સુરક્ષા ફક્ત બેટી બચાવોના નારા સુધી સીમિત રહેવા પામી હોય, એવું જોવા મળે છે. ૧૮ વર્ષથી નાની દીકરીઓની જાતિય સતામણીમાં છઠ્ઠા ક્રમે છે.

દુષ્કર્મ અંગેના તાજેતરમાં બનેલા થોડા કિસ્સાઓ પર નજર દોડાવીએ તો....

મહિલાઓ અને દીકરીઓ માટે કથિત રીતે સુરક્ષિત કહેવાતા ગુજરાતમાં એક જ દિવસમાં દુષ્કર્મની ચાર ઘટનાઓ સામે આવી છે.અમરેલીના વડીયામાંથી, અમદાવાદના વાસણામાંથી, અમદાવાદના સાબરમતી વિસ્તારમાંથી અને ચોથી ઘટના ભાવનગરના વરતેજ ગામની છે. જેમાં એક યુવતી બે સગીરા અને એક માસુમ બાળકી નરાધરમોનો ભોગ બની છે. અમરેલીના વડીયામાં ૨૧ વર્ષની યુવતીને લગ્નની લાલચ આપીને ચાર વ્યક્તિઓ દ્વારા સામૂહિક દુષ્કર્મ આચરવામાં આવ્યું હતું. ભાવનગરના વરતેજ વિસ્તારમાં શ્રમિક પરિવારની ચાર વર્ષની પુત્રીને ચોકલેટ અપાવવાની લાલચ આપીને દુષ્કર્મ આચરવામાં આવ્યું હતું. અમદાવાદના સાબરમતી વિસ્તારમાંથી પણ દુષ્કર્મની ઘટના સામે આવી હતી.જ્યાં પડોશીએ ૧૪ વર્ષની સગીરા પર દુષ્કર્મ આચર્યું હતું. અમદાવાદના વાસણા વિસ્તારમાં ૧૨ વર્ષની સગીરા સાથે દુષ્કર્મની ઘટના સામે આવી છે.આ તો નોંધાયેલા કિસ્સા છે, પણ છાને ખૂણે કેટલી ઘટનાઓ બની જતી હશે કોણ ખબર.

સોશિયલ મીડિયાની આડ અસર, નાની વયે વિદ્યાર્થીના હાથમાં મોબાઈલ ફોન આપી દેવા જેવા અનેક કારણો છે.નાની ઉંમરના બાળકોને વધારે પડતા ફેશનવાળા ટૂંકા વસ્ત્રો પહેરાવીને દેખાડો કરવાની વાલીની મનોવૃત્તિ અથવા તો ઘેલછા પણ અસરકર્તા ગણાવી શકાય. ટીવી સિરિયલોના શો જોઈને,એવી સિરિયલોનું અનુકરણ જેવી બાબતો પણ બાળકોને ખૂબ જ નાની ઉંમરમાં પુખ્ત બનાવી દે છે.આજના મા બાપ પોતાના બાળકનું ઉંમરને આધારે મૂલ્યાંકન કરશે,તો એ ભીંત ભૂલે છે.કારણ કે આજનું બાળક આ મીડિયાની અસરના માધ્યમે ઉંમર કરતાં વહેલું પુખ્ત થઈ ગયું છે. આથી દુષ્કર્મની બનતી ઘટનાઓમાં મા-બાપનો રોલ પણ જવાબદારી ભર્યો છે, એવું કહેવું વધું પડતું નથી. બાળકના ઉછેરમાં મા બાપે નાનપણથી જ અનટચમેન્ટની સમજણ ડેવલપ કરવી જોઈશે.અનટચમેન્ટની સમજણ આપવી જોઈએ. ગુડ ટચ અને બેડ ટચની સમજણ બાળકોને આપવી જોઈએ. બાળકોને ગમતી અમુક ચીજ વસ્તુઓ ઘરમાંથી ન મળવાને લીધે, બાળકો બીજા દ્વારા મળતા તેવા પ્રલોભનોમાં લલચાઈને પણ ફસાતા હોય છે.બીજાના પ્રલોભનોમાં બાળકો દોરવાઈ ન જાય,એ સમજણ પણ બાળકોને આપવી જોઈએ. દરેક બાળકોને આ બાબતે મા બાપે જાગૃત કરવા જોઈએ. ટૂંકમાં બાળકના ઉછેરમાં મા બાપનો અહમ રોલ રહેવા પામ્યો છે. મા બાપ જો આ જવાબદારી ખંખેરીને વર્તન કરશે, તો આવી ઘટનાઓમાં વધારો થતો રહેવાનો.

ચિંતનની પાંખે



વિઠ્ઠલભાઈ વઘાસિયા
Vdvaghasia@gmail.com.

યુવક યુવતીઓ માટે મનોવિજ્ઞાનિક કાઉન્સેલિંગ સેન્ટર શરૂ કરવા જોઈએ. શાળામાં આ કામ થવું જરૂરી છે. માતા-પિતા કે ઘરના વડીલોએ પોતાનું સંતાન મોબાઈલ કે અન્ય કોઈ સાધનમાં શું અને કેટલું જોવે છે, તેનું ધ્યાન રાખે.

## આજનું રાશિફળ

**તા.૪.૧૨.૨૦૨૪, બુધવાર, સંવંત ૨૦૮૧, માગશર સુદ ત્રીજ, પૂર્વાષાઢા નક્ષત્ર, વણિજ કરણ, આજે રાત્રે ૧૧.૧૯ સુધી જન્મેલાંની ચંદ્રરાશિ ધન (ધ,ભ,ફ,ઢ) ત્યારબાદ મકર (ખ,જ) રહેશે**

**મેષ (અ,લ,ઈ) :** આંતરિક શક્તિ વધે, દિવ્ય ચેતનાનો વિકાસ થાય, લાભ આપતો દિવસ,પ્રગતિ થાય.

**વૃષભ (બ,વ,ઉ) :** ભાગ્યની દેવી રીઝતી જણાય, નવીન તક હાથ માં આવે,ધાર્યા કામ પાર પાડી શકો.

**મિથુન (ક,છ,ઘ) :** મનમાં ચીડિયાપણું રહે, માનસિક વ્યગ્રતા રહે, મનનું ધાર્યું ના થાય, મધ્યમ દિવસ.

**કર્ક (ડ,હ) :** ભાગીદારીમાં કામ કરતા મિત્રોને સારું રહે, દામ્પત્યજીવનમાં સારું રહે, પરિવાર સાથે આનંદ માણી શકો.

**સિંહ (મ,ટ) :** તબિયતની કાળજી લેવી, ખાણી પીણી બાબત ધ્યાન રાખવા સલાહ છે, જીવનપદ્ધતિમાં ફેરફાર કરવા પડે.

**કન્યા (પ,ઠ,ણ) :** પ્રણયમાર્ગે આગળ વધી શકો, મનની વાત વ્યક્ત કરી શકો. દિવસ ખુશનુમા વીતે.

**તુલા (ર,ત) :** તમારા પોતાના શોખ માટે સમય ફાળવી શકો, પરિવાર સાથે સમય વિતાવી શકો, દિવસ આનંદમાં પસાર કરી શકો.

**વૃશ્ચિક (ન,ય) :** નવી પ્રતિભા કેળવી શકો, રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો,આગળ વધવાની તક પ્રાપ્ત થાય.

**ધન (ધ,ભ,ફ,ઢ):** તમારા સૌમ્ય વાણી-વર્તનથી લાભ થાય, નોકરિયાતવર્ગને સારું રહે, પ્રગતિકારક દિવસ રહે.

**મકર (ખ,જ ) :** તમારા ક્ષેત્રમાં આગળ વધી શકો, વેપારીવર્ગને સારું રહે, સ્તિરવર્ગને મધ્યમ રહે, કામકાજમાં સફળતા મળે.

**કુંભ (ગ,સ,શ) :** ખર્ચ પર અંકુશ રાખવો પડે, આવક જાવકનો મેળ કરવો જરૂરી. વધુ વિશ્વાસેના ચાલવું.

**મીન (દ,ચ,ઝ,થ) :** નસીબ સાથ આપતું જણાય, આકસ્મિત લાભ થાય, ગમતી વ્યક્તિ સાથે સમય વિતાવી શકો.

## ખરાબ શુક્ર સ્ત્રીસુખમાં ઉણપ લાવે છે

ભોગ, વિલાસ, કલા, શૃંગાર, વૈભવના સ્વામી શુક્ર મહારાજ મકર રાશિમાં પ્રવેશી ચુક્યા છે શુક્ર જીવનસાથી પણ બતાવે છે શુક્ર લક્ષ્મી દર્શાવે છે શુક્ર સ્ત્રી દર્શાવે છે માટે જ જયારે ઘરમાં કોઈ પણ રૂપે સ્ત્રીનું આગમન થાય કે વિદાઈ થાય ત્યારે આ બધી બાબતોમાં ઘણો ફેરફાર થતો જોવા મળે છે. માતા,બહેન, પત્ની, ભાભી, દીકરી કોઈ પણ રૂપે સ્ત્રી લક્ષ્મીકારક છે માટે જ જ્યાં સ્ત્રીઓનું સન્માન થાય છે ત્યાં શુક્ર ખુશ થાય છે અને તમામ ઐશ્વર્ય આપનાર બને છે જયારે સ્ત્રીઓનું અપમાન થતું હોય કે સ્ત્રી વિષે ખરાબ વાત થતી હોય તેનાથી શુક્ર બગડે છે. જે મિત્રોને શુક્ર બળવાન કરવો હોય પોતાની ઓરા સુધારવી હોય તેમને સ્ત્રીઓ બાબતે ટિપ્પણીથી બચવું જોઈએ કેમ કે સ્ત્રી સાક્ષાત શકિત સ્વરૂપ છે, લક્ષ્મી સ્વરૂપ છે. મારા વર્ષોના જ્યોતિષ અનુભવમાં મેં જોયું છે કે શુક્ર જયારે ખરાબ સ્થિતિમાં હોય છે ત્યારે તે સ્ત્રી સુખમાં ઉણપ લાવે છે આવા સમય સંજોગોમાં શુક્ર માટેનો શ્રેષ્ઠ પ્રયોગ જે જે સ્વરૂપે સ્ત્રીને સન્માન આપી શકાય તે સ્વરૂપે સન્માન આપવું જોઈએ. જીવનમાં આવતા સ્ત્રીપાત્રો કોઈને કોઈ ઋણાનુબંધનથી જ આવતા હોય છે તેને સમજી અને તે મુજબ વ્યવહાર કરવો જોઈએ જે શુક્ર મજબૂત કરવાનો મોટો ઉપાય ગણી શકાય.



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૦૪-૧૨-૨૦૨૪ બુધવાર**

૧૨:૦૦ થી ૦૨:૦૦ સંસદ શિયાળુ સત્ર લાઈવ
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટિવેશન સ્પીચ (સંજય રાવલ)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (સ્મોકર પનીર લબાબદાર)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદ:આજે નહીં તો કયારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ ચાય પે ચર્ચા (સિધ્ધાંતો ચાણક્ય)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (કેરી ઓન લાલુ)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેંડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૦૫-૧૨-૨૦૨૪ ગુરુવાર**

૦૭:૦૦ થી ૧૦:૦૦ ભાગવતકથા(પૂ.દીપાલી દીદી)
૧૦:૦૦ થી ૧૧:૦૦ મોટીવેશનલ સ્પીચ
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ ગીત ગુંજાવલી

## અબતક પંચાગ

**તા.૫-૧-૨૦૨૪ ગુરૂવાર**

| | | | |
|---|---|---|---|
| વિક્રમ સંવત | ૨૦૮૧ | શાલીવાહન શકિઃ | ૧૯૪૬ |
| ખ્રિસ્તી સંવત | ૨૦૨૪ | | |
| તિથી | માગશર શુદ ચોથ વિનાયક ચોથ | | |
| નક્ષત્ર | ઉતરાષાઢા | | |
| યોગ | વૃધ્ધિ | કરણઃ | બવ |
| સુર્યોદય | ૭.૧૩ | સુર્યાસ્તઃ | ૬.૦૨ |
| ચંદ્ર રાશી | મકર | | |
| રાશિ અક્ષર | ખ.જ. | | |
| દિશાશૂળ | દક્ષિણ દિશા તરફ | | |
| રાહુકાળ | બપોરે ૧.૩૦ થી ૩ | | |
| દિવસનાચોઘડીયા | શુભ,રોગ,ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ,શુભ | | |
| રાત્રીનાચોઘડીયા | અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ,શુભ,અમૃત | | |
| અભિજીત મુહૂર્ત | બપોરે ૧૨.૧૫ થી ૧૨.૫૮ | | |

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૨૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૨ | | ૫ | ૪ | | | | ૧ |
| | ૪ | ૯ | ૩ | | | | | ૫ |
| | | | | | | | | |
| | | ૭ | ૯ | | ૨ | | | |
| | | ૧ | | ૭ | ૬ | ૯ | | ૩ |
| | ૫ | ૪ | | | | | ૨ | ૬ |
| | | ૩ | ૮ | | ૫ | | ૯ | |
| | | | | | ૭ | ૪ | | ૮ |
| ૧ | | | | | | ૫ | ૩ | ૭ |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૨૧ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૫ | ૩ | ૨ | ૯ | ૮ | ૪ | ૧ | ૭ |
| ૧ | ૮ | ૨ | ૬ | ૪ | ૭ | ૫ | ૩ | ૯ |
| ૪ | ૭ | ૯ | ૫ | ૩ | ૧ | ૬ | ૨ | ૮ |
| ૩ | ૯ | ૮ | ૧ | ૨ | ૬ | ૭ | ૫ | ૪ |
| ૨ | ૧ | ૫ | ૪ | ૭ | ૯ | ૩ | ૮ | ૬ |
| ૭ | ૬ | ૪ | ૩ | ૮ | ૫ | ૨ | ૯ | ૧ |
| ૮ | ૩ | ૭ | ૯ | ૬ | ૨ | ૧ | ૪ | ૫ |
| ૫ | ૨ | ૬ | ૮ | ૧ | ૪ | ૯ | ૭ | ૩ |
| ૯ | ૪ | ૧ | ૭ | ૫ | ૩ | ૮ | ૬ | ૨ |

## તંત્રી લેખ

# તમાકુની બનાવટો પર આકરો જીએસટી લાદવાની ભલામણ જનહિતની ખરી ''હિમાયત'

દેશના યુવાધનને વ્યસનની ચુંગલમાંથી છોડાવવા અનિવાર્ય બન્યું છે ત્યારે તમાકુ અને તમાકુની પેદાશ નું વધતું જતું વ્યસન સામાજિક ચિંતાનો વિષય બની ગયો છે, સમગ્ર વિશ્વમાં અત્યારે તમાકુ ઉના વ્યસનથી કેન્સર જેવી મહામારી નો ઉપદ્રવ દિવસે દિવસે વધુમાં વધુ ભયંકર બનતો જાય છે ત્યારે જાહેરમાં તમાકુનું વેચાણ અટકાવવા અને ખાસ કરીને શૈક્ષણિક સંકુલો આસપાસ તમાકુની પેદાશો ઉપલબ્ધિ સામે આકરા દંડ અને કાયદાની જોગવાઈ છતાં હજુ તમાકુ નું વેચાણ અને વપરાશ નિયંત્રણમાં લેવા માટે હજુ ઘણું કરવાનું બાકી છે ત્યારે તમાકુ ની પેદાશો પર જીએસટી નો દર વધારવા જીએસટી સમિતિની આવનારી બેઠકમાં મંત્રીઓના સંગઠનો જીઓએમ દ્વારા દરખાસ્ત મુકવા તૈયારી કરવામાં આવી રહી છે જીઓ એમ કમિટીએ તો તમાકુ અને સંબંધિત ઉત્પાદનો પર ૩૫% સુધીનો વિશેષ કર લાદવાની હિમાયત કરી છે. સાથે સાથે આરોગ્ય વીમા પ્રીમિયમ જેવી જ જન આરોગ્ય સાથે સંકળાયેલી સેવા પર નો જીએસટી દર્દ ઘટાડવાની હિમાલય કરી છે તમાકુ અને સોફ્ટ ડ્રીંક જાહેર જન આરોગ્ય માટે નિરંતર નુકસાનકારક સાબિત થઈ રહ્યું છે આ તમામ પ્રોડક્ટ પર ૩૫% સુધીના વિશેષ ઘરની દરખાસ્ત દ્વારા પરોક્ષ રીતે લોકોને વ્યસનથી દૂર કરવાનો પ્રયાસ થઈ રહ્યો છે તમાકુ સહિતના નુકસાનકારક વસ્તુઓના વધારાના કરની આ વખતે આરોગ્ય જાળવણી માટે ના ખર્ચ માં વધારો કરી શકાશે, તમાકુ સહિતના વ્યસન ઉત્પાદનો મોંઘા થાય તો તેમાં સમાજના નુકસાન કરતા વધુ હિત સમાયેલું ગણી શકાય તમાકુની સાથે સાથે લક્ઝરી ઘડિયાળો જૂતા ઘરના જીએસટી વધારા ની જીઓ એમ કમિટીની તમામ સંભવિત દરખાસ્તો ને દેશ હિત નિર્ણયો લેખે ગણવા જોઈએ

# વેરાવળ ફિશરિઝ કોલેજ ખાતે ''વ્હેલ શાર્ક દિવસ''ની ઉત્સાહભેર ઉજવણી

## વ્હેલ શાર્ક સંરક્ષણ અને સંવર્ધન માટે સાગરખેડૂઓને બીરદાવતાં મુખ્ય વન સંરક્ષક

**અબતક,અતુલ કોટેચા,વેરાવળ**

જૂનાગઢ વન વિભાગ, વાઈલ્ડ લાઈફ ટ્રસ્ટ ઈન્ડિયા તથા ટાટા કેમિકલના સહયોગથી ફિશરિઝ કોલેજ વેરાવળ ખાતે ''વ્હેલ શાર્ક દિવસ-૨૦૨૪'' અંતર્ગત ગુજરાતના દરિયાકાંઠે વ્હેલશાર્કના સંરક્ષણ માટે બે દાયકાથી સફળ સહ સંચાલનની ઉજવણી કરવામાં આવી હતી.

જૂનાગઢ વર્તુળ મુખ્ય વન સંરક્ષક કે.રમેશે વ્હેલ શાર્કના સંરક્ષણ અને સંવર્ધન માટે અપીલ કરતા જણાવ્યું હતું કે, આપણે હંમેશા કુદરત સાથે અનુકૂલન સાધીને ચાલવું જોઈએ. આપણે કુદરતના નિયમોને અનુસરવા જોઈએ. જો આપણે એમ નહીં કરીએ તો જનસમૂહ અને આવતી પેઢીને નુકસાન ભોગવવું પડશે. મનુષ્યને તેમની ભૂલમાંથી જ શીખવાનું છે. જો પર્યાવરણને મનુષ્ય નુકસાન પહોંચાડે છે તો મનુષ્ય જ પર્યાવરણને બચાવી શકે છે.

વ્હેલશાર્ક એ આવકનો સૌથી મોટો સ્ત્રોત હોવા છતાં પણ સાગરખેડૂઓએ એમની દરિયાદિલી બતાવી છે. એકબાજુ કમાણી અને બીજીબાજુ નૈતિક ધોરણોમાંથી એમણે નૈતિક ધોરણો પસંદ કર્યા છે. વ્હેલશાર્કને સંરક્ષિત પ્રજાતિ જાહેર કરાતા સમગ્ર સમૂદાયનો હકારાત્મક પ્રતિસાદ સાંપડ્યો હતો. જે દર્શાવે છે કે આ ખાસ પ્રકારના દરિયાઈ જીવને બચાવવા આ સમૂદાય પણ હરહંમેશ સજ્જ છે. એમ કહી તેમણે સાગરખેડૂઓને બીરદાવ્યાં હતાં.





ફિશરમેન માટે નુકસાનીનું વળતર, વ્હેલ શાર્કની જૈવિક ગતિવિધિઓ, સરકારની વિવિધ પોલિસી, ટેક્નોલોજીના ઉપયોગથી ટેગિંગ, વ્હેલ શાર્કના ખોરાકનું માધ્યમ, વાતાવરણમાં ફેરફારો, ગ્લોબલ વોર્મિંગ, દરિયાઈ પ્રદૂષણ, કોસ્ટગાર્ડ અને ફોરેસ્ટ વિભાગના સંયુક્ત પેટ્રોલિંગ સહિત વૈશ્વિક સ્તરે આવતા ફેરફારો વિશે તબક્કાવાર માહિતી આપી હતી.

પ્રોજેક્ટ પાર્ટનર ટાટા કેમિકલ્સ લિમિટેડના પ્રતિનિધિ મુકેશબાબુ સોલંકીએ જણાવ્યું હતું કે, આ પ્રોજેક્ટનો સંદેશો સતત એક પેઢીના માધ્યમથી બીજી પેઢીમાં તેનો વ્યાપ વિસ્તારી રહ્યો છે. સરકાર, જનપ્રતિનિધિઓ અને નાગરિકોના સહિયારા પ્રયત્નોના કારણે જ આ કન્ઝર્વેશન પ્રોજેક્ટની ફળશ્રુતિ મળી રહી છે.

અગ્રણી તુલસીભાઈ ગોહિલે હૂક ફિશિંગ, વ્હેલ શાર્કનો વ્યાપ, વર્ષ ૨૦૦૭ થી લઈ વર્ષ ૨૦૨૪ સુધી ગીર સોમનાથના દરિયાઈ વિસ્તારોમાં આ ખાસ પ્રકારના દરિયાઈ જીવના રક્ષણ માટે કરાયેલા પ્રયત્નો વર્ણવ્યા હતાં.ગુજરાતના દરિયામાં પ્રવાસ કરતી વ્હેલ શાર્કના રક્ષણ અને બચાવ માટે લોકોમાં જાગૃતિ આવે તે હેતુથી ચોક્સી કોલેજ વેરાવળના એન.એસ.એસ વિદ્યાર્થીઓએ ''સેવ ધ વ્હેલ શાર્ક'' નાટકના માધ્યમથી વ્હેલ શાર્ક બચાવવાનો સંદેશો આપ્યો હતો અને વેરાવળ મદદનીશ વન સંરક્ષક એસ.આર.પ્રજાપતિએ આભારવિધિ કરી હતી.

આ કાર્યક્રમમાં જૂનાગઢ વર્તુળ નાયબ વન સંરક્ષક અક્ષય જોશી, કોસ્ટગાર્ડ આસિ.કમાન્ડર અંકિત મિશ્રા, વનવિભાગના અધિકારીઓ સર્વ રસિલાબહેન વાઢેર, વાય.એસ.કળસરિયા, કે.ડી.પંપાણિયા, વાઈલ્ડલાઈફ ટ્રસ્ટ ઓફ ઈન્ડિયાના પ્રતિનિધિ બી.એમ.પ્રવીણકુમાર, ફિશરિઝ કોલેજ અને ચોક્સી કોલેજના વિદ્યાર્થીઓ, પ્રોફેસર્સ અને સાગરખેડૂઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

# ધ્રાંગધ્રા: સાધના સ્કુલના વિદ્યાર્થીએ લોકસંગીત સ્પર્ધામાં નામ રોશન કર્યુ



**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

સુરેન્દ્રનગર જિલ્લાના ધાંગધ્રા શહેરી વિસ્તારમાં મધ્યમાં આવેલ સાધના ફૂલ ડે સ્કૂલ દ્વારા વિદ્યાર્થીઓને રમતગમત ક્ષેત્રે પૂરું પ્રોત્સાહન આપવામાં આવે છે ત્યારે યુવા ઉત્સવ સ્પર્ધા રાજ્ય કક્ષાએ યોજાયેલ રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ ગાંધીનગર પ્રેરિત વડોદરા ખાતે મધ્ય ઝોન પ્રદેશ કક્ષા યોજાઈ હતી જેમાં ધાંગધ્રાના સાધના ફુલ ડે સ્કૂલના વિદ્યાર્થી દ્વારા લોકસંગીત માં ભાગ લીધો હતો જ્યારે લોકવાધ સંગીત માં રુદ્ર સોનગરા નો પ્રથમ નંબર આવતા ધાંગધ્રા શહેર તેમજ સાધના સ્કૂલ અને પરિવારમાં ખુશીની લહેર છવાઈ હતી જ્યારે સાધના ફુલ સ્કૂલના ઓનર સાથે વાત કરતા એમને જણાવ્યું હતું કે આવનાર સમયમાં સાધના સ્કૂલના વિદ્યાર્થીઓ ને અભ્યાસ તેમજ રમતગમત ક્ષેત્રમાં પણ અવલ નંબર આવે એવા પ્રયાસો સાધના સ્કૂલના સ્ટાફ તેમજ પ્રિન્સિપાલ દ્વારા કરવામાં આવી રહ્યા છે.

# પશુપાલકો માટે પશુધન વીમા યોજના બની આશિર્વાદ સમાન: ધારાસભ્ય કૌશિક વેકરીયા

## પશુ સારવાર કેમ્પમાં ૯૦૪ પશુઓને વિવિધ સારવાર તેમજ રસીકરણ તેમજ દવાઓ પૂરી પાડવામાં આવી

**અબતક, પ્રદીપ ઠાકર, અમરેલી**

અમરેલી જિલ્લા પશુપાલન શાખા તેમજ અમરેલી પશુ દવાખાના દ્વારા તાજેતરમાં, અમરેલી તાલુકાના દેવરાજીયા ખાતે પશુ સારવાર કેમ્પ યોજાયો હતો, આ તકે વિધાનસભા નાયબ મુખ્ય દંડક અને અમરેલી-વડિયા-કુંકાવાવના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરિયા ઉપસ્થિતિ રહ્યા હતા.

આ પ્રસંગે ધારાસભ્ય કૌશિક વેકરીયાએ પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યુ કે, રાજ્ય સરકાર દ્વારા પશુપાલકો માટે જાહેર કરવામાં આવેલી પશુધન વીમા યોજના ઉપયોગી છે.પશુપાલકોને નજીવી રકમ ભરી પશુઓ માટે વીમો ઉતારી શકે છે અને પ્રિમિયમની બાકી રકમ સરકાર દ્વારા ચૂકવવામાં આવશે તે બાબતો તેમણે પશુપાલકોને જણાવી હતી.



આ તકે પશુપાલન વિભાગની કામગીરીની સમીક્ષા રાજ્યના નાયબ મુખ્ય દંડક દ્વારા કરવામાં આવી હતી. અમરેલી જિલ્લા પંચાયત નાયબ પશુપાલન નિયામકે કહ્યુ હતુ કે, અમરેલી તાલુકામાં ૧૨ પશુ આરોગ્ય મેળાનું આયોજન કરી અંદાજે ૧૩ હજાર પશુઓ સહિત જિલ્લામાં ૧૪૪ પશુ આરોગ્ય મેળાનું આયોજન કરી આશરે ૯૯ હજાર પશુઓને પીડામાંથી મુકિત મળી છે.દેવરાજીયા ખાતે યોજાયેલા કેમ્પમાં ૩૩ પશુપાલકોના ૯૦૪ પશુઓને વિના મુલ્યે વિવિધ સારવાર, રસીકરણ, તેમજ જરુરી દવા પૂરી પાડવામાં આવી હતી. આ કેમ્પમાં અમરેલી જિલ્લા નાયબ પશુપાલન નિયામક ડો.એસ.બી.કનુડીયા, અમરેલી પશુ દવાખાના પશુ ચિકિત્સા અધિકારી ડો. જી.એસ. ગૌસ્વામી, પશુચિકિત્સા અધિકારી ચિતલ ડો. એ.એલ.સરવૈયા તેમજ પશુ દવાખાનાના કર્મયોગીઓ ઉપસ્થિત રહ્યા હતા..

# હોમગાર્ડ સ્થાપના દિવસ નિમિત્તે હોમગાર્ડ પરિવાર દ્વારા રક્તદાન કેમ્પ

**અબતક, કિરીટ રાણપરીયા, ઉપલેટા**

હોમગાર્ડ સ્થાપના દિવસ નિમિત્તે ઉપલેટા હોમગાર્ડ યુનિટ દ્વારા સવારે ૯ થી બપોરના ૧ વાગ્યા સુધી ભગવતસિંહજી કન્યા શાળા હોલ, બાવલા ચોક ખાતે રક્તદાન મહોત્સવ નું આયોજન કરવામાં આવેલ છે. આ પ્રસંગે અતિથિ વિશેષ તરીકે જિલ્લા હોમગાર્ડ કમાન્ડર કે. બી. કાનાણી, ઉપલેટા ના મામલતદાર નિખિલભાઈ મહેતા ખાસ ઉપસ્થિત રહેશે આ કેમ્પ ને સફળ બનાવવા માટે ઉપલેટા હોમગાર્ડ કમાન્ડર ચેતનભાઈ વ્યાસ ના માર્ગદર્શન નીચે હોમગાર્ડ ના જવાનો જહેમત ઉઠાવી રહ્યા છે.

# રણોત્સવના પ્રવાસીઓ માટે કચ્છના અન્ય પર્યટન સ્થળો સુધી જવા એ.સી વોલ્વો બસ શરૂ

**અબતક, નવીનગીરી ગોસ્વામી, ભુજ**

કચ્છ ભુજ તાલુકાના ધોરડો ખાતે રણોત્સવ શરૂ રણોત્સવ ખાતે આવતા પ્રવાસીઓ કચ્છની સંસ્કૃતિ તેમજ કચ્છ જિલ્લાના પર્યટક સ્થળોની મુલાકાત લઈ શકે એ હેતુથી એસ.ટી. દ્વારા એ.સી વોલ્વો બસ મુકવામાં આવેલી છે જેના રૂટો ધોરડોથી નારાયણ સરોવર સમય સવારે ૮ કલાકે રીટર્ન ભાડું રૂ.૮૦૦/- , ધોરડો થી માતાનામઢ સમય સવારે ૯ કલાકે રીટર્ન ભાડું રૂ.૭૦૦/-, ધોરડોથી માંડવી સમય સવારે ૮ કલાકે રીટર્ન ભાડું રૂ.૭૦૦/-, ધોરડોથી ધોળાવીરા સમય સવારે ૯ કલાકે રીટર્ન ભાડું રૂ.૮૦૦/- નિયત કરવામાં આવેલું છે.તેમજ ઉપરોક્ત તમામ રૂટોનું ઓનલાઈન બુકિંગ GSRTC.IN ની વેબસાઈટ પરથી તેમજ ધોરડો સબરસ બસ સ્ટેશન ખાતે GSRTC ના કાઉન્ટર પરથી ટિકિટ મેળવી શકાશે.

# કંડલા બંદર ખાતે સામાજીક જાગૃત્તિ કાર્યક્રમો સાથે ઉજવાયો એઈડ્સ દિવસ



**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

દીનદયાલ પોર્ટ ઓથોરિટીએ મજૂરો અને સામાન્ય જનતાની જાગૃતિ માટે ત્રણ સ્થળોએ ડિસ્પ્લે કાઉન્ટર પ્રદાન કરીને વિશ્વ એઈડ્સ દિવસ-૨૦૨૪ ની ઉજવણી કરી. HIV/AIDS ના સંભવિત જોખમો પર સંદેશો ફેલાવવા માટે, ડિસ્પ્લે કાઉન્ટર, IEC સામગ્રી અને કોન્ડોમનું વિતરણ, પ્રદર્શન-કમ-રેડ રિબન ઝુંબેશ, એકથી એક કાઉન્સેલિંગ, બ્લડ સેમ્પલિંગ વગેરે સહિત વિવિધ પહેલ કરવામાં આવી હતી. સેવાનિધિ ટ્રસ્ટ અને વી.એન. પટેલ ગ્રામ વિકાસ ટ્રસ્ટ, દીનદયાલ પોર્ટ ઓથોરિટીને પ્રવૃત્તિઓના આયોજન માટે મદદ કરી હતી. પોર્ટના ત્રણ જુદા-જુદા સ્થળોએ, એટલે કે પોર્ટ હોસ્પિટલ, ગોપાલપુરી, વહીવટી કચેરી એમ પોર્ટના ત્રણ અલગ-અલગ સ્થળોએ કાઉન્સેલિંગ, બ્લડ સેમ્પલિંગ વગેરેનું આયોજન કરવામાં આવ્યું હતું. નોર્થ ગેટ, કંડલા ખાતેના પોર્ટ એરિયાના ડિસ્પ્લે કાઉન્ટર પર, લાયકાત ધરાવતા મેડિકલ પ્રેક્ટિશનર અને પેરામેડિકલ સ્ટાફને HIV ટેસ્ટ કીટ અને અન્ય જરૂરી સાધનો સાથે તૈનાત કરવામાં આવ્યા હતા. કુલ ૧૦૨ વ્યક્તિઓની સામાન્ય તબીબી તપાસ માટે તપાસ કરવામાં આવી હતી અને ૨૮ વ્યક્તિઓએ એચઆઈવી પરીક્ષણ માટે તેમના લોહીના નમૂના આપવાનું પસંદ કર્યું હતું. ડિસ્પ્લે કાઉન્ટર્સની મુલાકાત સુશીલ કુમાર સિંઘ, IRSME, ચેરમેન દ્વારા લેવામાં આવી હતી. નંદેશ શુકલા, IRTS, Dy. અધ્યક્ષ; સી. હરિચંદ્રન, સચિવ; અને પોર્ટના અન્ય વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# જામજોધપુર કોંગ્રેસ દ્વારા પાલિકાની ચુંટણી અંતર્ગત કૌશલ્ય ટ્રેનીંગ શીબીર યોજાઇ

## કાર્યકરોને પ્રોજેક્ટર દ્વારા લાઇન માર્ગદર્શન અપાયું



**અબતક, ભરત ગોહિલ, જામજોધપુર**

જામજોધપુર મુકામે ગુર્જર સુતાર વાડી મુકામે નગર પાલિકા ચુંટણી અંતર્ગત કોંગ્રેસના કૌશલ્યો ટ્રેનીંગ શિબિર યોજાઈ હતી. જેમાં પ્રોજેક્ટર દ્વારા લાઇવ પ્રસારણ કરી માર્ગદર્શન આપેલ હતું. આ કાર્યક્રમમાં જીલ્લા પ્રમુખ મનોજ કથીરીયા નગરપાલિકા ચુંટણી ઇન્ચાર્જ દિનેશ પરમાર જામનગર મહાનગરપાલિકા કોર્પોરેટર રચનાબેન નંદાણીયા કો. ઓડિનેટર ક્રિષ્નાબેન પટેલ રાજી ગાંધી પંચાયત રાજ સંગઠન ચેરમેન કાન્તીભાઇ બાવરવા જામ જોધપુર શહેર કોંગ્રેસ પ્રમુખ જમનભાઇ કંટારીયા તથા પક્ષના હોદેદારો કાર્યકરો ભાઇ બહેનો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહેલ હતા.

# ગાંધીધામમાં વિશ્વ વિકલાંગ દિવસે દિવ્યાંગોના આત્મ વિશ્વાસ અને સંઘર્ષની ઉજવણી

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

કચ્છના અંજાર તાલુકામાં રતનાલ ગામે રહેતા નંદલાલ શામજી છાંગા, જેઓ ૯૫% દિવ્યાંગ છે, દિવ્યાંગતા હોવા છતાં જીવન જીવવાની નવી દિશા અપનાવી છે. બેટરીવાળી ગાડી તેમની જીવનસાથી સમાન બની છે, નંદલાલ એસ છાંગા પોતે ૯૫% દિવ્યાંગ હોવા છતાં તેમના તમામ કામ જાતે જ કરે છે, જેઓને સરકાર દ્વારા કચ્છ ઈલેકશન આઈકોન પણ બનાવવામાં આવ્યા છે. ગુજરાત સરકારે પણ આ દિવ્યાંગની નોંધ લીધી છે. તેમનો એક જ ધ્યેય છે કે, તેમના જેવા અનેક દિવ્યાંગોની સરકાર નોંધ લે અને સરકાર દ્વારા મળતા તમામ લાભો દિવ્યાંગો સુધી પહોંચે. નાનકડી બાબા ગાડીમાં ફરતા નંદલાલભાઈ માત્ર રતનાલ ગામ જ નહીં પરંતુ સમગ્ર કચ્છમાં રહેતા દિવ્યાંગોને પ્રેરણા પૂરી પાડી રહ્યા છે.



વિશ્વ દિવ્યાંગ દિવસના અવસરે નંદલાલભાઈ જેવા વ્યક્તિઓ સમાજને પ્રેરણા આપે છે કે શારીરિક અવરોધો જીવનમાં અવરોધ બનતા નથી જો સંઘર્ષ કરવાની તૈયારી હોય. તેમની ગાથા દિવ્યાંગ લોકો માટે એક આદર્શ છે કે દરેક પરિસ્થિતિમાં આગળ વધવું શક્ય છે.

આ વિશેષ દિવસે, કચ્છ અને સમગ્ર ગુજરાતના દિવ્યાંગ ભાઈઓ-બહેનોને નંદલાલભાઈ છાંગાએ હાર્દિક શુભકામના પાઠવી હતી.

# સૌરાષ્ટ્ર પ્રદેશ યુવા ઉત્સવમાં કલાનું હીર ઝળકાવતા ગીર સોમનાથના કલાકારો

## લગ્નગીત, લોકવાર્તા, સંગીત, સમૂહગીત જેવી વિવિધ ૧૩ કૃતિમાં વિજેતા બન્યાં

**અબતક, અતુલ કોટેચા, વેરાવળ**

રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર દ્વારા પ્રેરિત, કમિશનર શ્રી યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, ગાંધીનગર દ્વારા આયોજિત તેમજ જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી અમરેલી દ્વારા સંચાલિત તા.૨૩/૧૧/૨૦૨૪ થી ૨૪/૧૧/૨૦૨૪ સુધી સૌરાષ્ટ્ર પ્રદેશકક્ષા યુવા ઉત્સવ યોજાયો હતો.

આ યુવા ઉત્સવમાં સૌરાષ્ટ્ર પ્રદેશના કુલ ૧૨ જિલ્લાના કલાકારોએ ભાગ લીધો હતો. જેમાં ગીર સોમનાથના કુલ ૧૩ કૃતિમાં કલાકારોએ પોતાની કલાનું હીર ઝળકાવ્યું હતું.

આ યુવા ઉત્સવમાં વકતૃત્વ સ્પર્ધામાં બ વિભાગમાં પ્રથમ ક્રમાંકે અલ્પાબેન, નિબંધ સ્પર્ધામાં બ વિભાગમાં તૃતિય ક્રમે ઝાલા પ્રિયા, પાદપૂર્તિ સ્પર્ધામાં બ વિભાગમાં પ્રથમ ક્રમાંકે ઝાલા અંજલિ, લગ્નગીત, લોકવાર્તા તથા દુહા છંદ ચોપાઈ સ્પર્ધામાં ગોહિલ ભદ્રસિંહે પ્રથમ ક્રમાંક મેળવ્યો હતો.

જ્યારે ચિત્રકલામાં અ અને બ વિભાગમાં તૃતિય ક્રમાંકે કિર્તી ગૌસ્વામી અને પરમાર રક્ષાબહેન, હળવા કંઠ્ય સંગીતમાં અ અને બ વિભાગમાં દ્વિતિય ક્રમાંકે ચુડાસમા હિના અને ટાપરિયા ધાની, શાસ્ત્રીય કંઠ્ય સંગીતમાં દ્વિતિય ક્રમે રામ યશશ્રી, સમુહગીતમાં તૃતિય ક્રમે શ્રીમતી આર.ડી.બારડ કન્યા વિદ્યાલય ઘુસિયા, તેમજ હાર્મોનિયમ સ્પર્ધામાં ઝાલા પ્રિન્સે દ્વિતિય ક્રમ મેળવ્યો હતો. આ તમામ કલાકારોને જિલ્લા યુવા વિકાસ અધિકારી તથા તેમના સ્ટાફે અભિનંદન પાઠવ્યાં હતાં.

# ધ્રાંગધ્રા: ગિરિરાજ ગૌમૃત ચિકિત્સા કેન્દ્ર ૨૦ હજાર દર્દીઓની રોગ મુકિત માટે બન્યું નિમિત

## ગૌમૃત્રની રોગ પ્રતિકારક શકિત અને અરકની દવાના ચમત્કારીક પરિણામ

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રા શહેરમાં ગીરીરાજ ગૌમૃત ચીકીસ કેન્દ્ર સરૂ કરવામાં આવ્યું છે ત્યા ગાય મુતરમાથી થી વિવિધ દવાઓ બનાવી ને દર્દીને વિનામુલ્યે આપવામાં આવે છે અને દવાને લઈને ૨૦ હજાર થી વધુ લોકોના અસાધ્ય રોગોને મટાડી સાજા કરવામા આવ્યા છે આમ પ્રવૃતી ચીકસા કેન્દ્ર ના સેવાભાવી લોકો દ્વારા કરવામાં આવી રહી છે..

દેશના ઈતિહાસમા જોવા મળે છે ગાય મા ૩૩ કરોડ દેવતનો, વાસ ગણાય છે અને, ગાયના દુધ ગૌબર અને મુતર ઉપયોગી બને છે અનેક ફાયદા છે ત્યારે ધ્રાંગધ્રામા ૨૦ વર્ષ પેહલા ગીરીરાજ ગૌમૃત ચીકીસા કેન્દ્રની બટુકભાઈ અઢીયા અને, સેવાભાવી લોકો દ્વારા સ્થાપના



કરવામાં આવી હતી ત્યારે મુખ્ય હેતુ ગાયના મુતરમાથી વિવિધ રોગો, માટે દવા બનાવી તેને વિનામુલ્યે આપી લોકોને, રોગ મુક્ત કરવા માટેની છે ત્યારે ગીરીરાજ ગૌમૃત ચીકીસા કેન્દ્રના બટુકભાઈ અને તેમની ટીમના સેવાભાવી લોકો દ્વારા ગાય રાખતા હોય તેવા આશ્રમ અને લોકો પાસેથી ગૌમુતર લાવી તેમાથી વિવિધ રોગો માટેની દવા બનાવી અને લોકો વિનામુલ્યે વિતરણ કરવામાં આવે છે આમ નીયમીત ગૌમૃતનુ પાણી સાથે સેવન કરવાથી અનેક અસાધ્ય રોગો માથી મુક્તિ મળે છે અને સાજા થઈ જાય છે આ અંગે ગૌમૃત ચીકીસા કેન્દ્રના સંચાલક બટુકભાઈ અઢીયાએ જણાવ્યું કે ગૌમૃત ચીકીસા કેન્દ્ર દ્વારા લોકો ગાયનુ મહત્વ સમજાવી તેના દ્વારા થતા ફાયદાની સમજ આપવામાં આવે છે અને ગૌમૃતમાથી અરક અને દવા બનાવી દેશ અને વિદેશના ૨૦ હજારથી વધુ દર્દીને સાજા કરવામાં આવ્યા કોઈપણ દદીઓ પોતાની દવા ચાલુ રાખીને પણ લઈ શકે છે ગૌમૃતનુ નીયમીત સેવન કરવાથી રોગ પ્રતિકારક શકિત વધે છે અને અનેક અસાધ્ય રોગો મટી જાય છે દરેક વ્યક્તિ એ, પોતાની પાસે સગવતા હોય તો ગાય પાળવી જોઈએ તે સિવાય આયુર્વેદિક કેમ્પ અને અનેક સેવાકીય પ્રવૃતી કરવામાં આવે છે

### ગૌમૃત દ્વારા રોગ પ્રતિકારક શકિત વધારી અને અનેક રોગમાંથી મૃકિત આપે છે

ધ્રાંગધ્રા ગીરીરાજ ગૌમૃત ચીકીસા કેન્દ્ર દ્વારા બનાવવામાં આવેલ દવા અને ગૌમૃતનુ નીયમીત સેવન કરવાથી રોગ પ્રતિકારક શકિત વધે છે તે સીવાય મોટાપા ઘટે છે કેન્સર. ટીબી પથ્થરી. નબળાઈ. ડાયાબિટીસ. બીપી. હાઈપર ટેન્શન. સ્કીનના રોગ અનેક અસાધ્ય રોગોમા રાહત અને મુકિત મળે છે આની કોઈ આડ અસર થતી નથી

### દેશ તથા વિદેશમાંથી પણ દર્દીઓ દવા લેવા માટે આવે છે

ધ્રાંગધ્રા ગીરીરાજ ગૌમૃત ચીકીસા કેન્દ્રમા ગુજરાત સિવાય દેશના મુંબઈ કલકતા દીલ્હી બેંગ્લોર મદ્રાસ લખનવ સહીત દેશના ખુણે ખુણે અને વિદેશમા રહેતા અનેઆરઆઈ અને વિદેશીઓ પણ દવા લેવા અને જાણકારી મેળવા માટે આવે છે ધ્રાંગધ્રામા રહેતા સગા સંબંધી દ્વારા ગૌમૃતની દવાઓ મગાવીને સારવાર લઈને રોગમાથી મૃકિત મેળવી સાજા હર હલ દસ થઈ ગયા છે

# ભચાઉઃ આસુવીરા હોટલમાંથી ગેસ રિફીલીંનું કૌભાંડ ઝડપાયું

## ટેન્ક, ૨૯ ગેસના બાટલા મળી રૂ.૨૧.૯૨ લાખનો મુદામાલ કબ્જેઃ હોટલ સંચાલક સહિત બે ઝડપાયા

**અબતક,ભારતી માખીજાણી, ગાંધીધામ**



ભચાઉ તાલુકાના નવા કટારિયાથી સામખિયાળી જતા રાષ્ટ્રીય ધોરીમાર્ગ પાસે એક હોટેલ પાછળ ચાલતાં ગેસ બોટલ કૌભાંડનો કઈઈ પોલીસે પર્દાફાશ કર્યો હતો અને બે શખ્સને રૂા. ૬૩,૦૦૦ના ૨૯ બોટલ સાથે પકડી પાડવામાં આવ્યા હતા. નવા કટારિયા પાટિયાવાળા રોડથી સામખિયાળી તરફ જતા રાષ્ટ્રીય ધોરીમાર્ગ ઉપર આવેલી આસુવીરા હોટેલમાં ગેસના બોટલનું કૌભાંડ ચાલતું હોવાની પૂર્વ બાતમીના આધારે પોલીસે મોડીરાત્રે કાર્યવાહી કરી હતી. આ હોટેલ પાછળ ઊભેલાં ટેન્કર નંબર જી.જે.-૧૨-એ.વાય.-૫૬૩૨ના વાલ્વ પાસે ઊભા રહી બે શખ્સ તેમાંથી ગેસ કાઢતા જણાયા હતા. આસુવીરા હોટેલ ચલાવનાર મૂળ રાજસ્થાનના ગજેન્દ્રસિંહ શ્યામસિંહ શેખાવત તથા ટેન્કરચાલક મહમદ શાહબુદ્દીન મહમદ રહમત હુસેન શેખને પકડી પાડવામાં આવ્યા હતા. ગજેન્દ્રસિંહ નામનો શખ્સ તેની હોટલે આવતાં ટેન્કરચાલકોને પૈસાની લાલચ આપી તેમના વાહનોમાંથી ગેસ કાઢી બારોબાર વેચતો હતો. આ ટેન્કરના વાલ્વમાં નોઝલ લગાડી તેના બીજા છેડે પાંચ નળી રાખી આ પાંચ નળી વાટે ગેસના બોટલ રિફિલિંગ કરવામાં આવતા હતા. ટેન્કરચાલકે કંડલાથી પ્રોપેઈન નોન ડોમેસ્ટિક ગેસ ભરી વાંકાનેર બાજુ જવાનો હતો. આ વાહનમાં ૧૬.૦૪૫ ટન ગેસ ભરેલું હતું તેમજ આ જગ્યાએથી પાંચ ભરેલા અને ૨૪ ખાલી એમ કુલ ૨૯ બોટલ કિંમત રૂા. ૬૩,૦૦૦ના બોટલ તથા નોઝલ, ટેન્કર, તેમાં રહેલ ગેસ એમ કુલ રૂા. ૨૧,૯૨,૫૨૩નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો.ગજેન્દ્રસિંહ નામનો શખ્સ ગેસના બોટલ કોને વેચતો હતો તે સહિતની આગળની તપાસ પોલીસે હાથ ધરી છે. આ કામગીરી લોકલ ક્રાઈમ બ્રાન્ચનાં પોલીસ ઈન્સપેક્ટર એન.એન.ચુડાસમા, પોલીસ સબ ઈન્સપેક્ટર એમ.વી.જાડેજા તથા એલસીબી સ્ટાફ દ્વારા કરવામાં આવેલ છે.

# સુરેન્દ્રનગર જિલ્લામાં જાહેરનામાનો ભંગ કરતા ૬ શખ્સો વિરૂદ્ધ ફરીયાદ

## ગેસ્ટ હાઉસના સંચાલકો અને સીસીટીવી ન લગાવનાર શખ્સો સામે કાર્યવાહી

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર જિલ્લામાં જાહેરનામાનો ભંગ કરતા શખ્સો વિરૂધ્ધ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી જેમાં જિલ્લામાં અલગ અલગ જગ્યાએ ગેસ્ટ હાઉસ તેમજ હોટલોમાં સીસીટીવી ન લગાવનાર કુલ ૬ શખ્સો વિરૂધ્ધ પોલીસ મથકે ફરીયાદ નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરવામાંઆવી હતી. સુરેન્દ્રનગર જિલ્લામાં ગેસ્ટ હાઉસ તેમજ હોટલોમાં પોલીસ દ્વારા ચેકીંગ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી જેમાં ચોટીલા હાઈવે પર આવેલ બાલાજી હોટલ, સિટી પેલેસ ગેસ્ટ હાઉસ, હરશીવ ગેસ્ટ હાઉસ તેમજ પાટડી ખાતે આવેલ વિરાટ ગેસ્ટ હાઉસમાં ચેકીંગ હાથ ધરતાં ગેસ્ટ હાઉસના સંચાલક દ્વારા ગેસ્ટની એન્ટ્રી પથિક સોફ્ટવેરમાં ન કરવામાં આવતી હોવાનું ધ્યાને આવાત ગેસ્ટ હાઉસના સંચાલકો ચેતનભાઈ સોમાભાઈ બથવાર, અરવિંદભાઈ નારાયણભાઈ વાઘેલા, મનિષભાઈ રમણભાઈ સોલંકી, રાજુભાઈ ગોકળભાઈ ગોયલ વિરૂધ્ધ જાહેરનામા ભંગ અંગેની ફરીયાદ નોંધવામાં આવી હતી. તેમજ ધ્રાંગધ્રા હળવદ હાઈવે પર આવેલ મુરલીધર હોટલમાં તેમજ સાયલા હાઈવે પર આવેલ ભંગારના ડેલામાં સીસીટીવી ન લગાવનાર સંચાલકો વિજયભાઈ જીવણભાઈ ગમારા અને દિનેશભાઈ અમરચંદભાઈ રેવર વિરૂધ્ધ જાહેરનામા ભંગ અંગેની ફરીયાદ નોંધી વધુ તપાસની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# ઉનાના ખજુદ્રા ગામે બંધ મકાનના તાળા તૂટયાઃ સવા લાખની ચોરી

## પરિવાર ગોળના રાબડામાં મજુરીએ ગયા ત્યારે તસ્કરોએ કર્યા પરોણા

**અબતક, ઉના**

ઉના તાલુકાના ખજુદ્રા ગામે બંધ મકાનના કોઈ અજાણ્યા ઈસમોએ તાળા તોડી રોકડ રૂપિયા અને સોના ચાંદીના દાગીના મળી કુલ રૂપિયા ૧ લાખ ૨૫ હજારના માલ મતાની ચોરી કરી નાસી ગયાની પોલીસ ફરિયાદ દાખલ

ઊના તાલુકાના ખજુદ્રા ગામે રહેતા પાંચ ભાઈ લાખ ભાઈ બાંભણિયા તેમના પરિવાર સાથે પોતાનું મકાનને તાળા મારી બંધ કરી કોડીનાર તાલુકાના મિતિયાજ ગામે ગોળના રાબડામાં મજૂરી કામે ગયા હતા અને ત્યાં તેમના ભાઈ રામભાઈ લાખાભાઈએ ફોન કરી જાણ કરેલ કે તમારા મકાનની ઓસરીની લોખંડની ગ્રિલના નકૂચા તૂટેલ છે તેથી તુરંત ખજુદ્રા ગામે આવી જોતા તેમના મકાનની ઓસરીની લોખંડની ગ્રિલના દરવાજાનો નકુચો તોડી પ્રવેશ કરી ઘરના દરવાજાના બારણાંનો નકુચો તોડી રૂમમાં અજાણ્યો માણસ પ્રવેશ કરી રૂમમાં રાખેલ લાકડાના પટારાનો નકુચો તોડી પટારામા રાખેલ મજૂરીના રોકડા રૂપિયા ૧લાખ અને ચાંદીના કમર સાકળી, ચાંદીની ચડા, સોનાની કાનમાં પહેરવાની કડી મળી કુલ રૂપિયા એક લાખ ૨૫૦૦૦/ના મુદામાલની ચોરી કરી નાસી ગયાની ઊના પોલીસ સ્ટેશન મા ફરિયાદ નોંધાવી હતી પોલીસે ગુનો નોંધી તપાસ પી એસ આઈ. ડાંગર કરી રહ્યા છે.

# પાટડીના રામગ્રી ગામના આધેડનું અપહરણ કરી રોકડ રકમ પડાવી લેનાર આરોપી ઝડપાયો

## ચાર શખ્સોએ આધેડ પાસે રૂા.૨૫ લાખની માંગણી કરી મારમારી રૂ.૨.૫ લાખ પડાવી લીધા 'તા

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

પાટડી તાલુકાના રામગ્રી ગામના આધેડનું થોડા દિવસો પહેલા અજાણ્યા શખ્સો દ્વારા અપહરણ કરી માર મારવામાં આવ્યો હતો અને રોકડ રકમની ખંડણી માંગી હતી અને બળજબરીપૂર્વક રૂા.૨.૫ લાખ લઈ અજાણ્યા શખ્સો નાસી છુટ્યા હતા જે અંગે ભોગ બનનાર આધેડે બજાણા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી જેને ધ્યાને લઈ પોલીસે અલગ-અલગ ટીમો બનાવી આધેડનું અપહરણ કરી માર મારનાર આરોપીને રોકડ રકમ અને બાઈક સાથે ઝડપી લીધો હતો.



આ અંગે મળતી માહિતી મુજબ પાટડીના રામગ્રી ગામે રહેતા આધેડ જયંતીભાઈ કલ્યાણભાઈ આસજોલીયા (પટેલ) થોડા દિવસો પહેલા પોતાની કાર લઈને ધંધાના કામે ધ્રાંગધ્રા ગયા હતા અને ત્યાંથી કામ પતાવી પરત ફરી રહ્યાં હતાં તે દરમ્યાન રસ્તામાં કચોલીયાથી કામલપુર ગામ વચ્ચે આવેલ એક કંપની પાસે પહોંચતા બે બાઈક પર આવેલ સેડલા ગામના ભાણજીખાન ઉર્ફે ભનીયો મુરીદખાન જતમલેક સહિતના અન્ય ત્રણ શખ્સોએ એક સંપ થઈ જયંતીભાઈને મારમારી રૂા.૨૫ લાખની માંગ કરી હતી અનેજો આ રકમ નહિં આપે તો જાનથી મારી નાંખવાની ધમકી આપી એક વિડિયો પણ બનાવ્યો હતો અને કારમાં બેસાડી જયંતીભાઈને તેમના ઘરે લઈ જઈ કબાટમાં રાખેલ રોકડ રૂા.૨.૫ લાખ લઈ નાસી છુટ્યા હતા. જેમામલે ભોગ બનનારે બજાણા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે રૂા. ૨.૫ લાખ પડાવી લેનાર નાસતા ફરતા આરોપી ભાણજીખાન ઉર્ફે ભનીયો મુરીદખાન જતમલેકને માલવણથી પીપળી તરફ જતી કેનાલ પરથી રોકડ રૂા. ૪૦,૦૦૦ અને બાઈક સાથે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ધ્રાંગધ્રાઃ નિર્માણ ગ્રુપની સ્કિમનો ભોગ બનેલાઓને ફરિયાદ નોંધાવવા સીઆઈડીની અપીલ

## માસિક ૧ હજાર છ વર્ષ સુધી ભરીને પાકતી મુદ્દતે ૯૮ હજાર આપવાનો વાયદોઃ મેથાણ ગામની ૧૦૦ મહિલા છેતરપિંડીનો ભોગ બની

**અબતક**
**સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રા તાલુકાના મેથાણ ગામની ૧૦૦ જેટલી મહિલાઓ શિકાર બનાવી એક જ ગામમાંથી રૂ. એકાદ કરોડનું મસમોટુ કૌભાંડ આચર્યું હોવાની સનસનીખેજ વિગતો સામે આવી હતી. જેમાં મહિલાઓ પાસે દર મહિને રૂ.૧,૦૦૦ લેખે છ વર્ષના રૂ. ૭૨,૦૦૦ હજાર રોકડા અને રૂ. ૧,૦૦૦ વીમાના મળી કુલ રૂ. ૭૩,૦૦૦નું રોકાણ કરી એમને છ વર્ષ પછી રૂ.૯૮,૦૦૦ પાછા આપવાનો વાયદો કર્યો હતો. અને એ માટે એજન્ટો રોકી ગુજરાત ભરમાં એમની શાખાઓ હોવાની સાથે ધ્રાંગધ્રા ધાંગધ્રા તાલુકાના મેથાણ ગામમાં પણ એમની ઓફિસ હોવાનું જણાવી મસમોટુ કૌભાંડ આચરવામાં આવ્યું હતું અને આ સ્કીમને છ વર્ષ વીત્યા બાદ રોકાણકાર મહિલાઓ એમના રૂ. ૯૮,૦૦૦ પાછા લેવા જતા એમની ધ્રાંગધ્રા ઓફિસે તાળું હોવાની સાથે એજન્ટોએ પણ હાથ ઉંચા કરી દિધા હતા. આથી મહિલાઓ દ્વારા ધ્રાંગધ્રા તાલુકા પોલીસ મથકે આ ફ્રોડ કંપની વિરુદ્ધ લેખિત અરજી આપતાં તાલુકા પોલીસ દ્વારા પ્રેસ નોટ જાહેર કરવામાં આવી હતી.

સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાંગધ્રા તાલુકાના મેથાણ ગામે પ્રસિદ્ધી નિર્માણ ગ્રુપ દ્વારા અપનાધર અપની જમીન સ્કિમ ના માધ્યમથી લોકો ભોગ બન્યા હોય જેની સીધી તપાસ સિ.આઈ.ડી ક્રાઈમ ગાંધીનગર ખાતે સમગ્ર ગુજરાતમા અલગ-અલગ સ્થળોએ વ્યાપક પ્રમાણમાં રાજ્યવ્યાપી છેતરપીંડી કરેલ જેથી ગુનાની રાજ્યવ્યાપી ન્યાયીક તપાસ થાય તે અનુસંધાને ગુજરાત રાજ્ય સીઆઈડી ક્રાઈમ ઝોન પોસ્ટે ગુરનં.૧૧૨૦૧૦૦૨૨૪૦૦૪૯/૨૦૨૪ ઈપીઓ કલમ ૪૨૦,૧૨૦બી મુજબ તા.૨૭/૦૯/૨૦૨૪ ના રોજ સી.આઈ.ડી.ક્રાઈમ ખાતે ગુનો રજીસ્ટર થયેલ છે. જેથી સુરેન્દ્રનગર જીલ્લામાં અથવા બીજા કોઈ પણ જીલ્લામાં કોઈ રોકાણકાર ભોગ બનેલ હોય તેઓએ ઉપરોક્ત બનાવને અનુસંધાને સીઆઈડી ક્રાઈમ તપાસ અધીકારી જે એ પ્રજાપતી ડીટેકટીવ પોલીસ ઈન્સપેક્ટર આ.ગુ.ધન. શાખા, યુ-૧ સીઆઈડી ક્રાઈમ ગાંધીનગર મોબાઈલ નંબર ૮૭૫૮૦ ૮૨૬૬૧- ૯૮૨૫૫ ૦૦૩૬૪ ઉપર સંપર્ક કરવા જન અપીલ કરવામાં આવી હતી.

# ગોંડલમાં બજાજ ફાઈનાન્સ કંપનીના મેનેજરની ઓળખ આપી યુવક સાથે છેતરપિંડી

## ૫ લાખની લોન આપવાની લાલચ આપી રૂ.૩,૫૮,૯૪૮ ઓનલાઈન પડાવી લીધા

**અબતક**
**જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

ઓનલાઈન લોભામણી લાલચો સાથે આજકાલ છેતરપિંડીના કિસ્સા દિવસેને દિવસે વધી રહ્યા છે ત્યારે ગોંડલ પંથક માં બજાજ ફાઈન્સ કંપનીના મેનેજર તરીકેની ખોટી ઓળખ સાથે પાંચ લાખની લોનની લાલચ આપી રૂ.૩,૫૮,૯૪૮ ઓનલાઈન પડાવી લઈ છેતરપિંડી કર્યાનો બનાવ પ્રકાશમાં આવ્યો છે. બનાવ અંગે પોલીસ ફરિયાદ થઈ છે.

બનાવની પ્રાપ્ત વિગત મુજબ ગોંડલ તાલુકાનાં ગુંદાસરામાં રહેતા અને સડક પિપળીયામાં આવેલ રવિ ટેકનોફોર્જ કંપનીમાં કામ કરતા જયેશભાઈ ગોવીંદભાઈ રાઠોડને પિતાની સારવાર અર્થે પૈસાની જરૂરિયાત હતી. તેવા સમયે તેમને એક ફોન આવ્યો. ફોન પર એક શખ્સે હિન્દી ભાષામાં બજાજ ફાઈન્સ કંપનીના મેનેજર પ્રિયમ ઝા તરીકેની ઓળખ આપી ફરીયાદીને રૂપિયા ૫ લાખની લોન આપવાની વાતચીત કરી હતી. જયેશભાઈને રૂપિયાની જરૂરિયાત હોવાથી તેમણે લોન લેવાની હા પાડતા લોન મંજુર કરાવવા માટે ફરિયાદીના આધારકાર્ડ, પાનકાર્ડ, પાસપોર્ટ સાઈઝના ફોટા તથા પાસબુકની નકલો ઓનલાઈન મંગાવી હતી. બાદમાં અલગ અલગ તારીખ સમયે કોઈને કોઈ ફી ટીડીએસ ચાર્જ તેમજ ટેક્ષ રૂપે કોઈને કોઇ ચાર્જ લગાડી કુલ મળી રૂપિયા ૩,૫૮,૯૪૮/- ઓનલાઈન પડાવી લીધા હતા. જયેશભાઈએ પાંચ લાખની લોનની આશાએ મિત્ર પાસેથી પૈસા લઈ ગુગલ પે દ્વારા પ્રિયમ ઝા ને ભરી આપ્યા હતા. લાખો રૂપિયા પડાવી લેવા છતાં લોનના મળતા ફરિયાદીના ભાઈ દિપકભાઈને શંકા જતા તેમણે ફોન પર પ્રિયમ ઝા સાથે વાત કરતા તેણે ફોન કાપી નાખ્યો હતો.જેથી છેતરપીંડી થયાનું જણાતાં જયેશભાઈ એ તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરતા પોલીસે ઈન્ફોર્મશન ટેકનોલોજી અધિનિયમ હેઠળ ગુન્હો નોંધી તપાસ હાથ ધરી છે.

# કંડલાઃ શંકાસ્પદ પામ ઓઈલના જથ્થા સાથે બે શખ્સ ઝડપાયા

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**



## બે ટેન્કર, બે-મોબાઈલ મળી રૂા.૭૪ લાખનો મુદ્દામાલ કબ્જે કરતી એલ.સી.બી.

એલ.સી.બી. ટીમ કંડલા મરીન પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી દરમ્યાન ખાનગી બાતમી હકીકત મળેલ કે એફ.ઓ. સીટી આઈ.ઓ.સી.એલ. કંપની જુના ડંડલા સામે આવેલ રોડ પર ટેન્કર નં. જીજે-૧૨- એટી-૭૬૭૫ વાળાના ડ્રાઈવર કંડલા મુકામે તેલ કંપનીઓમાંથી ફુડ પામ ઓઈલ ભરી જતા ટેન્કરોનાં ડ્રાઈવરો મારફતે સી.પી.ઓ. તેલની ચોરી કરી કરાવે છે.

જેથી એલ.સી.બી. ટીમ ઉપરોકત જગ્યાએ જઈ તપાસ કરતા વાહનમાંથી ફુડ પામ ઓઈલનો જથ્થો મળી આવ્યો હતો. જે બાબતે હાજર મળી આવેલ વાહન ડ્રાઈવરને પુછપરછ કરતા આ જથ્થાના કોઈ આધાર પુરાવા ન હોવાનુ જણાઈ આવતા આરોપીઓ શાકીર અહેમદ યુસુફ અન્સારી અને અનીલકુમાર ભાગીરથી સરોજને પકડી પાડી ફુડ પામ ઓઈલ, બે ટેન્કર, બે મોબાઈલ ફોન સહિત કુલ ૭૪,૦૨,૭૦૦નો મુદામાલ કબ્જે કરી કંડલા મરીન પોલીસ સ્ટેશનમાં સરકાર તરફે ફરીયાદ આપી ગુનો દાખલ કરાવેલ છે અને આગળની કાર્યવાહી માટે કંડલા મરીન પો.સ્ટે ને સોંપવામાં આવેલ છે.

આ કામગીરી લોકલ ક્રાઈમ બ્રાન્ચનાં પોલીસ ઈન્સપેક્ટર એન.એન. ચુડાસમા, પોલીસ સબ ઈન્સપેક્ટર એમ.વી.જાડેજા તથા એલ.સી.બી. સ્ટાફ દ્વારા કરવામાં આવેલ છે.

# ઉપલેટાઃ પટેલ કોટનમાં આગ ભભૂકી, લાખોનું નુકશાન

## ગોડાઉનમાં કપાસનો જથ્થામાં આગ પ્રસરતા ફાયર બ્રિગેડે ત્રણ કલાક પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લીધીઃ જાનહાની ટળી

**અબતક, કિરીટ રાણપરીયા, ઉપલેટા**

શહેરના પોરબંદર નેશનલ હાઈવે રોડ ઉપર આવેલ પટેલ કોટનમાં ગ્રાઉન્ડમં પડેલ ૨૫ જેટલી ગાડીના કપાસમાં સાંજના સુમારે અચાનક આગ લાગતા ભારે નાસ ભાગ મચી જવા પામી હતી. આ ઘટનાની જાણ થતા ઉપલેટા-ધોરાજીના ફાયરો દ્વારા ત્રણ કલાકે આગ કાબુમાં આવી હતી હાલના તબકકે લાખોની નુકશાનીનો અંદાજ લગાવાઈ રહ્યો છે.



તસ્વીરઃ શહેઝાદ બાદશાહ

ઉપલેટા-પોરબંદર હાઈવે રોડ પર ઈરારાના પાટીયા પાસે આવેલ પટેલ કોટનના ગ્રાઉન્ડમાં પડેલ ૨૦ થી ૨૫ જેટલી ગાડીના કપાસમાં સાંજના ૫.૩૦ કલાકના આસપાસ અચાનક અકસ્માતે આગ લાગતા ભારે અફડા તફડી મચી ગઈ હતી આગના ગોળા ખેતરોમાં કામ કરતા ખેત મજુરો જોતા ભારે નાસ ભાગ મચી જવા પામી હતી પટેલ કોટનના ગ્રાઉન્ડમાં પડેલા બે અલગ અલગ ઢગલામાં આગ લાગતા ઘટનાની જાણ થતા ઉપલેટા તેમજ ધોરાજી નગરપાલીકાના ફાયરો ઘટના સ્થળે ઘસી ગયા હતા. ત્રણ કલાકની જહેમત બાદ આગને કાબુમાં લેવામાં આવી હતી. કપાસમાં આગ લાગતા જ ગ્રાઉન્ડમાં પડેલા ઢગલાને મજૂરો અને આજુબાજુના લોકો દ્વારા સ્થાનીક રીતે પાણીનો છંટકાવ કરી આગ ઓલવવાનો પ્રયાસ કરેલો હતો પણ ધોરાકી ઉપલેટાના ફાયરો ઘટના સ્થળે પહોચે તે પહેલા બંને ઢગલામાં આગ ભારે પ્રમાણમાં ભભૂકી ઉઠી હતી. ત્રણ કલાકની જહેમત બાદ આગ કાબુમાં લેવાઈ હતી. હાલ પ્રાથમિક ધોરણે લાખોની નુકશાનીનો અંદાજ સેવાઈ રહ્યો છે.

# ચીભડાં ગામે જૂગાર રમતી ત્રણ મહિલા સહિત ચાર ઝડપાયા

**અબતક, રાજકોટ**

લોધીકા તાલુકાના ચીભડા ગામે આવેલા બાપા સીતારામ ની મઢૂલી નજીક જાહેરમાં જૂગાર રમતો હોવાની બાતમી લોધિકા પોલીસને મળી હતી , બાતમી ના આધારે દડો પાડી જુગાર રમતા લાધાભાઈ ટપુભાઈ સિંધવ, પૂજાબેન વિશાલભાઈ વાઘેલા, જોસના બેન મહિપતભાઈ વાઘેલા અને ચંદ્રિકાબેન રાજેશભાઈ વાઘેલા નામના પત્તા પ્રેમીઓને ઝડપી, જુગારના પટમાંથી રૂ. ૧૦,૫૦૦ની રોકડ કબ્જે કરી છે.

# ભાવનગરઃ હોટલના પાર્કિંગમાંથી ૭૫ હજારના વિદેશી દારૂ ઝડપાયો

## ટ્રક, શરાબની ૧૧૭ બોટલ અને મોબાઈલ મળી રૂ.૮.૮૫ લાખનો મુદ્દામાલ કબજે, ચાલક ઝડપાયો

**અબતક**
**આનંદ રાણા, સિહોર**

ભાવનગર અમદાવાદ ધોરી માર્ગ પર આવેલા નારી ચોકડી પાસે આવેલા હરે કૃષ્ણ હોટલના પાર્કિંગમાં પાર્ક કરેલા ટ્રકમાંથી રૂપિયા ૭૫૦૦૦ ની કિંમતની ૧૧૭ બોટલ વિદેશી દારૂ સાથે ટ્રકના ચાલકની ધરપકડ કરી દારૂ અને વાહન મળી રૂપિયા ૮.૮૫ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. વધુ વિગત મુજબ ભાવનગર જિલ્લામાં વિદેશી દારૂની હેરાફેરી ડામી દેવા એસપી હર્ષદ પટેલે આપેલી સૂચનાને પગલે એલસીબીના પીઆઈ એ આર વાળા સહિતના સ્ટાફે પેટ્રોલિંગ હાથ કર્યું હતું દારૂ ભરેલો જીજે ૪ એક્સ ૬૦ ૬૯



નંબરનો ટ્રક નારી ચોકડી પાસે આવેલી હરે ક્રિષ્ના હોટલના પાર્કિંગમાં હોવાની મળેલી બાતમીના આધારે પીએસઆઈ પી.બી. જેબલિયા અને એએસઆઈ ડી બી ભંડારી સહિતના સ્ટાફે દરોડો પાડી ટ્રકમાંથી રૂપિયા ૭૫૦૦૦ ની કિંમતની ૧૧૭ બોટલ દારૂ સાથે ધોલેરા તાલુકાના નવાગામ નો સુરેશ ઓઘા કાલીયા નામના શખ્સની ધરપકડ કરી દારૂ અને વાહન મળી રૂપિયા ૮.૮૫ લાખનો મુદ્દામાલ કરજે કર્યો છે. ઝડપાયેલા સુરેશ કાલીયા ની પ્રાથમિક તપાસમાં ટ્રકમાં માલિક ભાવનગરનો કિશન માંડણ મકવાણાનો હોવાનું ખુલતા બંને સામે ગુનો નોંધી ધોરણસની કાર્યવાહી હાથ ધરી છે.

# સુરેન્દ્રનગરઃ યુવકની હત્યાને મામલે ત્રણ શખ્સોને ૧૦ વર્ષની કેદ

**અબતક**
**ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

શહેરના લક્ષ્મીનારાયણ સોસાયટી શહેરી નં.૨ માં રહેતા યુવક કિશન કમલેશભાઈ વિરમગામીયાને પ્રજાપતિ જ્ઞાતિની વાડી પાસે ગત તા. ૧૧ સપ્ટેમ્બર ૨૦૧૯ના રોજ રાત્રે ચાર શખ્સો મનહરસિંહ રવુભા, વિજય ડાભી, ભુરો મીયાણો અને રાજુ ઉર્ફે રાજા વજુભાઈ મકવાણાએ એક સંપ થઈ અગાઉના ઝઘડાનું મનદુઃખ રાખી રૂપીયાની માંગ કરી હતી જે આપવાનો ઈન્કાર કરતા ચારેય શખ્સોએ લાકડાના ધોકા, છરી વડે કિશનને મારમારી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. જેમાં સારવાર દરમ્યાન યુવકનું મોત નીપજતા સમગ્ર બનાવ હત્યામાં પરિણામ્યો હતો જે અંગે એ-ડિવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી અને પોલીસે હત્યા નીપજાવનાર ચાર આરોપીઓને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી અને વર્ષ ૨૦૨૦માં સુરેનદ્રનગર મુખ્ય જજ એલ.એસ. પીરજાદાની સેશન્સ કોર્ટમાં કેસ દાખલ કર્યો હતો જે તાજેતરમાં ચાલી જતા સરકારી વકીલ પી.બી. મકવાણાની ધારદાર દલીલો અને દસ્તાવેજી તેમજ આધાર પુરાવાને ધ્યાને લઈ મુખ્ય જજે હત્યા નીપજાવનાર ચાર આરોપીઓ પૈકી ત્રણ આરોપીઓ મનહરસિંહ રવુભા, વિજય ડાભી અને ભુરો મીયાણોને દોષીત ઠેરવી ૧૦ વર્ષની કેદની સજા ફટકારી છે જ્યારે અન્ય એક આરોપી રાજુ ઉર્ફે રાજા મકવાણાને નિર્દોષ છોડી મુકવાનો હુકમ કર્યો છે.

# હળવદ: વેગડવાવ ગામે પેટ્રોલપંપમાં ચોરી કરનાર બેલડી ઝડપાઈ

## ક્રાઈમ બ્રાંચ ટીમે કાર, ત્રણ મોબાઈલ, સ્માર્ટ વોચ અને રોકડ કબ્જે કર્યા, એકની શોધખોળ

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

હળવદ તાલુકાના વેગડવાવ ગામ નજીક ન્યારા કંપનીના જય ભવાની પેટ્રોલપંપમાં ૩૦ નવેમ્બરે વહેલી સવારે નંબર પ્લેટ વગરની સ્વીફ્ટ કારમાં આવેલ ત્રણ બુકાનીધારી દ્વારા ૩૩ હજાર રોકડા તેમજ સ્માર્ટ વોચ સહિત રૂ.૩૪ હજારની ચોરીની ઘટના બની હતી, ત્યારે મોરબી ક્રાઈમ બ્રાંચ ટીમે ગણતરીની કલાકોમાં ચોરીનો ભેદ ઉકેલી ચોરી કરનાર ત્રણ પૈકી બે ઈસમોને સ્વીફ્ટ કાર સહિત ચોરી કરેલ રોકડ, સ્માર્ટ વોચ તથા ત્રણ નંગ મોબાઈલ સહિત રૂ.૧,૬૨,૫૦૦/-નો મુદ્દામાલ સાથે પકડી લેવામાં આવ્યા છે. આ સિવાય પકડવા પર બાકી એક આરોપીને પકડી લેવા આગળની તપાસ ચલાવી છે.



હળવદ તાલુકાના વેગડવાવ ગામે આવેલ જય ભવાની પેટ્રોલપંપમાં ૩૦ નવેમ્બરના રોજ વહેલી સવારે ચોરીના ગુનાની ઘટના બની હતી. ત્રણ અજાણ્યા બુકાનીધારી ઈસમો નંબર પ્લેટ વગરની ગ્રે કલરની સ્વિફ્ટ કારમાં આવ્યા હતા અને પંપની ઓફિસમાં બે જુદા જુદા ટેબલના ખાનામાં રાખેલ કુલ રોકડ રૂ.૩૩,૦૦૦/- તેમજ ટેબલ ઉપર રાખેલ પંપ કર્મચારીની સ્માર્ટ વોચની ચોરી કરી લઈ ગયા હતા.

મોરબી જીલ્લા પોલીસે આ ચોરીની ઘટનાને ગંભીરતાથી લઈ ક્રાઈમ બ્રાંચ ટીમે, પોલીસ મહાનિરીક્ષક અશોકકુમાર અને મોરબી જીલ્લા પોલીસ અધિક્ષક રાહુલ ત્રિપાઠીના માર્ગદર્શન હેઠળ અલગ અલગ ટીમો બનાવી તપાસ શરૂ કરી હતી. ત્યારે હ્યુમન સોર્સ અને ટેકનિકલ માધ્યમો અને ખાનગી બાતમીદારોની બાતમીને આધારે ઉપરોક્ત ચોરીને અંજામ આપનાર આરોપીઓ ગ્રે કલરની સ્વીફ્ટ કાર રજી.નં. જીજે-૧૨-સીજી-૪૦૮૧ હાલ હળવદ વિસ્તારમાં આવેલ છે, જેઓ મોરબી ચોકડી પાસે આવેલ નર્મદા કેનાલ નજીક ઉભા હોય જે મુજબની બાતમીને આધારે ક્રાઈમ બ્રાંચ ટીમે સ્થળ ઉપર કોર્ડન કરી સ્વીફ્ટ કારમાંથી બે ઈસમોને ઝડપી લેવાયા હતા, ત્યારે બંને ઈસમોની આગવી ઢબે પૂછતાછ કરતા પેટ્રોલપંપમાં ચોરી કર્યાની કબુલાત આપી જે પૈકીના રોકડા રૂપિયા ૩૧ હજાર તથા ચોરી કરેલ સ્માર્ટ વોચ પોલીસને પરત કર્યા હતા.

આ સાથે ક્રાઈમ બ્રાંચ પોલીસ ટીમે આરોપી સુલેમાન ઉર્ફે લક્કી અલ્લાહબક્ષ સાલેભાઈ સમા રહે.માધાપર સમાવાસ તા.જી.ભુજ (કચ્છ) તથા મુસ્તાક પચાણભાઈ સમા રહે.જુણાદેઢીયા તા.ભુજ હાલે રહે. માધાપર મહાપ્રભુનગર સોસાયટી તા.જી.ભુજની અટક કરી હતી. પકડાયેલ આરોપીઓ પાસેથી ચોરીમાં ઉપયોગમાં લેવાયેલ સ્વીફ્ટ કાર કિ.રૂ.૧ લાખ, મોબાઈલ નંગ ૩ કિ.રૂ.૩૦,૫૦૦/-, ચોરી કરેલ ૩૧ હજાર તથા સ્માર્ટ વોચ કિ.રૂ.૧ હજાર સાથે ૧,૬૨,૫૦૦/-નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો છે. હજુ એક આરોપી ઈશાભાઈ રાયબભાઈ સમા રહે.જુના દેઢીયા ગામ તા.જી.ભુજ (કચ્છ)ને પકડી લેવા તપાસની તજવીજ શરૂ કરી છે, હાલ પકડાયેલ બંને આરોપીઓને હળવદ પોલીસ મથકમાં આગળની કાયદેસરની કાર્યવાહી સબબ સોંપી આપવામાં આવ્યા છે.

# મોરબી: લજાઈ ખાતે રક્તદાન કેમ્પમાં ૫૪ યુનિટ રક્ત એકત્રિત

**અબતક, ઋષી મહેતા, મોરબી**

મોરબીના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર લજાઈ ખાતે જીએમઈઆરએસ મેડિકલ કોલેજ મોરબી અને તાલુકા હેલ્થ કચેરી ટંકારાના સહયોગથી બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ૫૪ યુનિટ રક્તનું કલેક્શન કરાયું હતું. જેમાં લજાઈ અને આસપાસના ગામના લોકોએ બહોળી સંખ્યામાં ભાગ લીધો હતો.

મોરબી જીલ્લા વિકાસ અધિકારી જે.એસ.પ્રજાપતિ તથા મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ડો. સંજય શાહના સીધા માર્ગદર્શન હેઠળ ટંકારા તાલુકાના લજાઈ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પ ઋષભઊજ્જ મેડિકલ કોલેજ મોરબી, તાલુકા હેલ્થ કચેરી ટંકારા અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર લજાઈના સહયોગથી આ રક્તદાન કેમલનું આયોજન કરવામાં આવ્યું હતું.



આ કેમ્પનું ઉદઘાટન ટંકારા-પડધરીના ધારાસભ્ય દુર્લભજીભાઈ દેથરીયા તેમજ મોરબી જીલ્લા પંચાયતના વિવિધ સમિતિના ચેરમેન અને તાલુકા ભાજપના પ્રમુખો દ્વારા દિપ પ્રાગટ્ય સાથે ખુલ્લો મુકવામાં આવ્યો હતો. ત્યારે આ કેમ્પમાં ઉપસ્થિત મહાનુભાવોએ પ્રસંગને અનુરૂપ પોતાના હકારાત્મક અને પ્રેરણાદાયક વિચાર રજૂ કરીને લોકોને રક્તદાન કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. કેમ્પમાં લજાઈ ગામ તથા આજુબાજુના ગામના લોકોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. ત્યારે કુલ ૫૪ યુનિટ રક્તનું સંગ્રહ થયું હતું.

આ કેમ્પને સફળ બનાવવા માટે જીલ્લા આરોગ્ય શાખાના અધિકારી સંઘાણીભાઈ, લેબ ટેકનિશિયન સેતાભાઈ, ટંકારા હેલ્થ ઓફિસર ડો. અક્ષય, લજાઈ મેડિકલ ઓફિસર ડો. સૃષ્ટિ ભોરણીયા તથા ટંકારા તાલુકા હેલ્થ સુપરવાઈઝર હિતેષભાઈ મેવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર લજાઈના આરોગ્ય સ્ટાફે મહત્વનો ફાળો અને જહેમત ઉઠાવી આ કેમ્પને સફળ બનાવ્યો હતો.

# દિવ્યાંગ બાળકો સાથે કામ કરવા માટે ધૈર્ય જરૂરી: માનવ મંદિરના ટ્રસ્ટી પ્રદીપ વોરા

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબીની માઁ મંગલમૂર્તિ વિશિષ્ટ શાળામાં વિશ્વ દિવ્યાંગ દિવસની ઉજવણી મોટા ઉત્સાહથી કરવામાં આવી હતી. પિસ્તાળીસ જેટલા દિવ્યાંગ બાળકો, તેમના વાલીઓ અને જીલ્લા સમાજ સુરક્ષા અધિકારીની હાજરીમાં પ્રેરક ઉદબોધન યોજાયું હતું. ઉજવણીને છેલ્લે બાળકો અને વાલીઓએ રેલીમાં ભાગ લીધો હતો.

દિવ્યાંગ બાળકો એટલે એવા વિશિષ્ટ બાળકો કે ભગવાને જેમને સામાન્ય બાળકો કરતાં કંઈક ઓછું આપ્યું છે. ઓછું આપ્યું હોવા છતાં આ બાળકોમાં ઘણી બધી ખાસિયતો અને ખૂબીઓ હોય છે, ઘણી બધી સુષુપ્ત શક્તિઓ પડેલી હોય છે. એ શક્તિઓને બહાર લાવવાનું કામ મોરબીની માઁ મંગલમૂર્તિ વિશિષ્ટ બાળકોની શાળા દ્વારા કરવામાં આવે છે. આ શાળા વર્ષ ૨૦૦૧-૦૨માં શરૂ થયેલ છે,

## મંગલમૂર્તિ શાળામાં વિશ્વ દિવ્યાંગ દિવસની ઉત્સાહભેર ઉજવણી: બાળકો અને વાલીઓને કરાયા પ્રોત્સાહિત

દિવ્યાંગ દિવસ નિમિત્તે તમામ બાળકો વાલી સાથે એકત્ર થયા અને જીલ્લા સમાજ સુરક્ષા અધિકારી વૈશાલીબેન જોષી, માનવ મંદિર ટ્રસ્ટ ટ્રસ્ટી પ્રદીપભાઈ વોરા, અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘના જીલ્લા અધ્યક્ષ દિનેશભાઈ વડસોલા, ભરતભાઈ સોલંકી વગેરેએ દિવ્યાંગ બાળકો અને વાલીઓ માટે પ્રેરક ઉદબોધન કર્યા હતા. ત્યારે તેઓએ જણાવ્યું હતું કે દિવ્યાંગ બાળકો સાથે કામ કરવા માટે ખુબજ ધીરજ ધરવી પડે, મગજ પર બરફ રાખીને શાંતિપૂર્વક રીતે કામ કરવું પડે છે.

આ તકે ઉપસ્થિત વાલીઓએ દિવ્યાંગ બાળકો માટે મોરબીમાં નિવાસી સંસ્થા શરૂ થાય એ માટે સૌએ સહિયારા પ્રયત્નો કરવા પ્રતિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી હતી. સંસ્થાને હમેંશા મદદરૂપ બનતા દિનેશભાઈ વડસોલા, વૈશાલીબેન જોષી, પ્રદીપભાઈ વોરા, ભરતભાઈ કૈલા, ભરતભાઈ સોલંકી વગેરે મહાનુભાવોને સન્માન-પત્ર દ્વારા સન્માનિત કરાયા હતા. અંતમાં દિવ્યાંગ દિવસની ઉજવણીના ભાગરૂપે દિવ્યાંગ બાળકો માટે સમાજમાં જાગૃતિ લાવવાના મુખ્ય ઉદ્દેશ્ય સાથે એક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા દુર્ગાબેન કૈલા, દિપાબેન કોટેચા, નેહાબેન જાની, હર્ષિદાબેન જાની, પદ્માબેન, અંજનાબેન વગેરેએ ખુબજ જહેમત ઉઠાવી હતી.

# મોરબી: પિતાની સારવાર માટે વ્યાજે લીધેલી રકમની પઠાણી ઉઘરાણી

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબીના પંચાસર રોડ ઉપર રાજનગરમાં રહેતા અને ખાનગી કંપનીમાં નોકરી કરતા યુવકે વ્યાજખોર ઈસમ વિરુદ્ધ ગંભીર આક્ષેપો સાથે પોલીસ ફરિયાદ નોંધાવી છે, જેમાં પીડિત યુવકે પિતાની સારવાર માટે પોતાના મિત્ર એવા વ્યાજખોર પાસેથી માસિક ૨૦% લેખે વ્યાજે રૂપિયા લીધેલા જેનું વ્યાજ અને રૂપિયા સમયસર ન ચૂકવતા વ્યાજખોર ઈસમે પીડિત યુવકને ફોન ઉપર તેમજ રૂબરૂ પઠાણી ઉઘરાણી કરતો તેમજ ઘરે યુવકની ગેરહાજરીમાં વ્યાજની પઠાણી ઉઘરાણી કરીને યુવકની પત્નીને ફડાકા માર્યા હતા. જે બાદ વ્યાજખોરે છરી બતાવી યુવક પાસેથી સહી કરેલ કોરા ચેક પડાવી લઈ બાઉન્સ કરાવી યુવક વિરુદ્ધ કોર્ટમાં કેસ ચાલુ કરાવ્યો હોય અને વ્યાજના રૂપિયા આપવા દબાણ કરી પરિવાર સહિત તમામને જાનથી મારી નાખવાની ધમકી આપી હોય, હાલ પોલીસે પીડિત યુવકની ફરિયાદને આધારે આરોપી સામે ધાક ધમકી, શારીરિક ઈજાઓ પહોંચાડવી તથા નાણા ધીરધાર અધિનિયમ હેઠળની કલમો મુજબનો ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરી છે.

## પતિના વ્યાજની રકમની ઉઘરાણી કરી પત્નીને માર મારી છરી બતાવી પડાવી લીધેલો ચેક બાઉન્સ કરાવવાની ધમકી

પ્રાપ્ત માહિતી મુજબ મૂળ જામજોધપુરના રહેવાસી હાલ મોરબી પંચાસર રોડ રાજનગર સંગાથ પેલેસ ફ્લેટ નં.૫૦૧માં રહેતા જયદીપભાઈ લાલજીભાઈ માણસુરીયા ઉવ.૩૬ એ સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં આરોપી જયસુખભાઈ ઉર્ફે જશાભાઈ મિયાત્રા રહે.શકત શનાળા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી જાહેર કર્યું કે ફરિયાદી જયદીપભાઈ જે હાલ બ્લડ કેન્સરની સારવાર લેતા હોય તેઓએ ત્રણ વર્ષ પહેલાં પિતાની મોઢાના કેન્સર માટેની સારવાર માટે તેમણે તેમના મિત્ર જયસુખભાઈ ઉર્ફે જશાભાઈ મિયાત્રા પાસેથી રૂ.૪.૫૦ લાખ રૂપિયા ૨૦% વ્યાજે લીધા હોય જે વ્યાજ પેટે માસિક ૬૨ હજાર રૂપિયા જયદીપભાઈ ચૂકવતા હતા શરૂઆતના ચાર મહિના વ્યાજ ચૂકવ્યા બાદ જયદીપભાઈની નોકરી અને પિતાના મરણના બનાવને કારણે તે વધુ વ્યાજ ચૂકવી ન શક્યા જેથી અવાર નવાર વ્યાજખોર દ્વારા ફોન ઉપર અને રૂબરૂ વ્યાજના રૂપિયા બાબતે પઠાણી ઉઘરાણી ચાલુ કરી હતી.

આ દરમિયાન બે વર્ષ પહેલાં, આરોપી જયસુખભાઈએ તેમના ઘરે આવીને પઠાણી ઉઘરાણી કરી જયદીપભાઈની પત્નીને ગાળો આપી ત્રણ ફડાકા મારી દીધા હતા. આ ઉપરાંત, જયસુખભાઈએ છરી બતાવીને એક્સિસ બેંકના બે કોરા ચેક બળજબરીથી પડાવી લીધા હતા અને તે ચેક બેંકમાં નાખી બાઉન્સ કરાવી કોર્ટમાં કેસ નોંધાવ્યો હતો જે કેસ કોર્ટમાં ચાલી રહ્યો છે. ત્યારે સતત માનસિક અને શારીરિક રીતે પઠાણી ઉઘરાણી કરતા વ્યાજખોર વિરુદ્ધ જયદીપભાઈએ ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપી સામે અલગ અલગ આઈપીસી કલમો તથા મની લેન્ડર્સ એક્ટ હેઠળ ગુનો દાખલ કરી આરોપીની અટકાયત કરવા તજવીજ હાથ ધરી છે.

# માણાવદર: સબ રજીસ્ટ્રારની કાયમી ધોરણે નિમણુંક કરવા બાર એસોસિએશન માંગ



**અબતક, જિજ્ઞેશ પટેલ, માણાવદર**

માણાવદર સબ રજીસ્ટ્રાર કચેરી (દસ્તાવેજ નોંધણી ઓફીસ)ના સબ રજીસ્ટ્રાર વી.એમ. લાખાણીની બઢતી સાથે બદલી અન્વયે ઉગ્ર રજુઆત તથા જુનાગઢ હેડઓફીસ તરફથી આવેલ સુચના મુજબ માણાવદર સબ રજીસ્ટ્રાર મુકામે અઠવાડીયામાં ત્રણ દીવસ એટલે કે મંગળવાર, ગુરૂવાર તથા શનિવાર પુરતી ઓફીસની કામગીરી ચાલુ રહેશે. જેમાં માણાવદર તાલુકાની અન્ડરમાં કુલ ૫૮ ગામ તથા ૨ સીટી જેમાં માણાવદર તથા બાંટવાનું કામ આવતું હોય તે સંજોગોમાં કચેરીમાં રોજના ૧૦ થી ૨૦ દસ્તાવેજની નોંધણી થતી હોય અને જો અઠવાડીયામાં ફક્ત ત્રણ દીવસ ઓફીસ ચાલુ રાખવામાં આવે તો અરજદારોને ખુબ જ હાલાકી ભોગવવી પડે તેમ હોય વળી સરકારીને રોજની આશરે ૭ થી ૮ લાખની સ્ટેમ્પ ડ્યુટીની તથા નોંધણી ફીની નુકસાની થાય તેમ હોય વળી ગુરૂવારે જે અરજદારોના દસ્તાવેજો હોય અને તે દીવસે ઈન્ટરનેટ ઠપ્પ હોય અને તે દીવસે દસ્તાવેજ ના થાય તો શુક્રવાર ઓફીસ બંધ હોય શનીવાર રજાનો આવતો હોય રવીવારે રજા હોય તો ડાયરેકડ ગુરૂવારના તમામ દસ્તાવેજ મંગળવારે થાય તેવી સ્થિતી હોય તો દસ્તાવેજનું તમામ કામ પાંચ દીવસ પછી થાય તેમ હોય, તે સંજોગોમાં બહારથી આવતા અરજદારોની હાલત ખુબ જ કફોડી બને તેમ હોય તે સંજોગોમાં હાલના સબ રજીસ્ટ્રારની બઢતી અને બદલી તાત્કાલીક ધોરણે સ્થગીત કરવા વિકલ્પે ચાલુ દીવસોમાં રેગ્યુલર સબ રજીસ્ટ્રારની નિમણૂંક કરવા સમગ્ર માણાવદર પંથકની જાહેર જનતાની તથા તમામ વકીલ એસોશીયેશનની માંગણી છે. તાત્કાલીક ધોરણે કોઈ પગલા લેવામાં નહીં આવે તો ગાંધી ચીંધ્યા માર્ગ ઉગ્ર આંદોલન કરવાની ના છુટકે ફરજ પડશે અને વધુમાં ઉપરોક્ત હાલાકી વંથલી તાલુકાને પણ ભોગવવી પડે તેમ હોય તેથી ઉગ્ર રજુઆત છે.

# મોરબી: તીનપત્તીનો જુગાર રમતા બે પકડાયા

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબી સીટી એ ડિવિઝન પોલીસ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન પંચાસર રોડ ઉપર ઉમિયા માર્કેટ નજીક જાહેરમાં બે યુવકો ગંજીપત્તાના પાના વડે પૈસાની હારજીતનો જુગાર રમતા હોય જેથી પોલીસે સ્થળ ઉપર રેઈડ કરી જુગાર રમી રહેલા અસલમભાઈ અનવરભાઈ માડકીયા ઉવ.૨૭ રહે.મોરબી મહેન્દ્રપરા-૨૦ તથા રોહિતભાઈ ઉર્ફે જીગો શંકરભાઈ કૈલા ઉવ.૩૭ રહે.મોરબી પંચાસર રોડ રાજનગરવાળાની અટક કરવામાં આવી છે. પોલીસે જુગારના પટ્ટમાંથી રોકડા રૂ.૭૦૦/-કબ્જે કરી બંને આરોપીઓ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

# હળવદ: અકસ્માતના ગુનામાં ૨ વર્ષથી વોન્ટેડ ભરૂચથી પકડાયો

**અબતક, ઋષિ મહેતા, મોરબી**



મોરબી એલસીબી/પેરોલ ફર્લો સ્કવોડ ટીમે બાતમીને આધારે અકસ્માતના ગુનામાં ૨ વર્ષથી નાસતા ફરતા આરોપી પરપ્રાંતિય શખ્સને ભરૂચ જીલ્લાના જોલવા ગામથી પકડી લઈ આગળની કાર્યવાહી સબબ હળવદ પોલીસ મથકમાં સોંપવા તજવીજ હાથ ધરી છે.

મોરબી પેરોલ ફર્લો સ્કવોડના હેડ કોન્સે.જયેશભાઈ વાઘેલા તથા કોન્સે.બ્રિજેશભાઈ કાસુન્દ્રા, વિક્રમભાઈ રાઠોડને સંયુક્તમા ખાનગીરાહે હકિકત મળેલકે, હળવદ પોલીસ મથકમાં નોંધાયેલ અકસ્માતના ગુનામાં છેલ્લા બે વર્ષથી નાસતો ફરતો આરોપી સતેન્દ્ર જયરામ યાદવ રહે.પટખૌલી ઘુઘર આર એસ મહા રાજગંજ (યુ.પી) વાળો હાલે ભરૂચ જીલ્લાના વાગરા તાલુકાના જોલવા ગામ ખાતે આવેલ હોવાની ચોકકસ હકીકત મળતા તુરંત જ હકીકત વાળી જગ્યાએ જઈ તપાસ કરતા નાસતો ફરતો આરોપી સતેન્દ્ર જયરામ યાદવ ઉવ.૨૬ રહે.પટખૌલી ઘુઘર આર એસ મહારાજગંજ (યુ.પી) વાળો જોલવા ગામ ઓમ શકિત પ્રા.લી કંપની ખાતેથી મળી આવતા તેની અટક કરી આગળની ઘટીત કાર્યવાહી અર્થે હળવદ પોલીસ સ્ટેશનને સોપી આપેલ છે.

# ટંકારાના વરરાજા હેલીકોપ્ટર લઈ ધ્રોલ પરણવા પહોંચ્યા



**અબતક, જયેશ ભટ્ટાસાણા, ટંકારા**

ટંકારા તાલુકાના જબલપુર નિવાસ બાબુભાઈ ઝાપડાના ચિં પુત્ર કાંધલના શુભ લગ્ન પસંગે હેલિકોપ્ટરમા વરરાજા પરણવા જવાના હોય શાહી લગ્નની શરૂઆત થઈ ગઈ છે. મામેરા આગમન ફુલેકું સંગીત સંધ્યા બાદ ભોજન સંભારંભ ગત રાત્રે ગુજરાતના નામી કલાકારો જીજ્ઞેશ કવિરાજ ભુમી આહિર દ્વારા જબલપુર રામવાડી ખાતે દાંડિયા રાસની રમઝટ બોલાવી હતી આ શુભ પ્રસંગે અનેક નામી હસ્તીઓ આગેવાનો અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.



જાન હેલિકોપ્ટર દ્વારા ધ્રોલ ખાતે શૈલેષભાઈ ગમારાના ચિં પુત્રી મોનિકા સંગ વિવાહ વિધી માટે પહોચ્યા બાદ ફરી હેલીકોપ્ટર દ્વારા જાન ટંકારા આવશે. આ રીતે ટંકારા પહોંચ્યા

# ધોરાજી: ભુખી ચોકડી નજીકથી રૂ.૧૦.૫૮ લાખનો દારૂ ભરેલી બોલેરો ઝડપાઈ

## શરાબની ૧૭૫૨ બોટલ અને વાહન મળી , રૂ ૧૩ લાખનો મુદ્દા માલ કબ્જે: બુટલેગરની શોધખોળ

**અબતક રાજકોટ**

ધોરાજી ની ભૂકી ચોકડી નજીક રેઢી પડેલી બોલેરોમાંથી શરાબની ૧૭૫૨ ધોરાજી તાલુકા પોલીસ ઝડપી,વિદેશી દારૂ અને વાહન મળી રૂ. ૧૩ લાખનો મુદ્દામાલ ઝડપી, બુટલેગર ની શોધ ખોળા હાથ ધરી છે

પોલીસસુત્રો પાસેથી મળતી માહિતી મુજબ, ધોરાજી તાલુકા પોલીસ ની ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન બાતમી મળી હતી કે, ધોરાજી ભુખી ચોકડી થી જામ કંડોરના ચોકડી તરફ આવેલી શોલે હોટલની સામે બોલેરો પિક અપ સફેદ કલરની જી.જે.૦ ૩ બી વી ૪૭૩૭ નંબર વાળી તલ પત્રી થાકેલી કારમાં વિદેશી દારૂ હોવાની જાણ થઈ હતી

ધોરાજી તાલુકા પોલીસની ટીમ તુર્તજ માહિતી મળેલા સ્થળે પહોંચી બોલેરો ની તલાસી લેતા તેમાંથી વિદેશી દારૂની ૧૭૫૨ બોટલ મળી આવી હતી. પોલીસે વિદેશી દારૂનો જથ્થો અને વાહન મળી રૂ ૧૩.લાખનો મુદ્દામાલ કબ્જે કરી,વાહનના નંબરના આધારે બુટલેગરની શોધ ખોળા હાથ ધરી છે.

# રાણાપુર-નવાગામ અને જીયાણાને હાઈવેને જોડતાં રોડનું ખાતમુહુર્ત કરતાં ધારાસભ્ય સોમાણી

**અબતક, લીતેશ ચંદારાણા, વાંકાનેર**

વાંકાનેર પંથકમાં વિકાસને વેગવાન બનાવવા ધારાસભ્ય જીતુભાઈ સોમાણીના પ્રયાસો ના ફલશ્રુતિરૂપે વધુ બે રોડનું ખાતમુર્હુત કરાયું છે. કુવાડવા સમગ્ર વિસ્તારમાં આવતા દરેક ગામોના વિકાસના કામોને આગળ વધારતા ધારાસભ્ય જીતુભાઈ સોમાણી હંમેશા તત્પર રહ્યા છે.



રાજકોટ તાલુકાના જીયાણા ગામથી હાઈવે સુધી એપ્રોચ (રિસર્ફેસ)રોડનું કામ ૮૬.૧૦ લાખ મંજુર થયેલ છે, તેનું તેમજ રાણપુર નવાગામથી હાઈવે સુધી એપ્રોચ (રિસર્ફેસ)રોડનું કામ ૫૫.૧૨ લાખ મંજુર થયેલ છે, આ બન્ને રોડનું ધારાસભ્ય જીતુભાઈ સોમાણીના વરદ્ હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે રાજકોટ જિલ્લા પંચાયત પ્રમુખ પ્રવિણાબેન રંગાણી, રાજકોટ તાલુકા ભાજપ પ્રમુખ જે. કે. પીપળીયા. રાજકોટ તાલુકા પંચાયત પ્રમુખ ચેતનભાઈ કથીરિયા, રાજકોટ તાલુકા પંચાયત પૂર્વ પ્રમુખ પ્રકાશભાઈ કાકડિયા, તાલુકા પંચાયત સદસ્ય કાનજીભાઈ મેઘાણી, સંજયભાઈ રંગાણી, સરપંચો, કાર્યકર્તાઓ, અને બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા.

# અમરેલીમાં તરખાટ મચાવનાર તસ્કર બેલડી ઝડપાય: સાત ચોરીના ભેદ ઉકેલાયા

## જરખીયા, નાના ભંડારીયા, જરખીયા, શેલ ખંભાળીયા, વડેરા અને લુણીધાર ગામે હાથ ફેરો કર્યાની કબુલાત

**અબતક, પ્રદિપ ઠાકર, અમરેલી**

અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. એ.એમ. પટેલની રાહબરી હેઠળ એલ.બી.ટીમ દ્વારા ચોક્કસ બાતમી હકિકત આધારે મુળ મપ્રયપ્રદેશના વતની અને હાલ બાબરા તાલુકાના કોટડાપીઠા ગામની સીમમાં રહેતાઉકારસિંહઈન્દરસિંહડાવર, તથા મુળ મધ્ય પ્રદેશના વતની અને હાલ અમરેલી તાલુકાનાજાળીયા ગામનીસીમ રહેતા જગદીશ ભુરસિંહ મેહુડા નામનાં બે પરપ્રાંતીય ઈસમોને રોકડા રૂ.૧૭,૦૦૦ તથા એન્ડ્રોઈડ મોબાઈલ ફોનનંગ-રકિમત રૂપિયા ૨૨,૦૦૦, તથા એક મોટર સાયકલ નંબર જી.જે.૦૬. ઈ.જી. ૬૩૧૬ કિંમત રૂપિયા ૨૦,૦૦૦ મળી કુલ રૂપિયા ૫૯,૦૦૦ ના મુદ્દામાલ સાથે પકડી પાડી, મંદીર ચોરી સહિતના સાત અનડીટેકટ ગુન્હાઓ ડીટેકટ કરવામાં એલ.સી.બી. ટીમને સફળતા મળેલ છે. ઝડપાયેલ ઈસમોની સઘન પુછપરછ કરતાં તેઓએ આશરે બારેક દિવસ પહેલા અમરેલી તાલુકાના



નાના ભંડારીયા ગામે આવેલ અંબાજી માતાના મંદીરમાં ગયેલ અનેમંદીરમાં આવેલદાન પેટીઓ તોડી તેમાંથી રોકડ રકમની ચોરી કરેલ હોય, તેમજ આશરે વીસેક દિવસ પહેલા લાઠી તાલુકાના જરખીયા ગામની સીમમાં આવેલ સુરાપુરા દાદાના મંદીરના દરવાજાતોડી અનેમંદીરમાંદાન પેટ્ટીના તાળા તોડી રોકડ રકમની ચોરી કરેલહતી. આશરેબે-અઢી માસ પહેલા અમરેલી તાલુકાના સાજીયાવદર ગામના પાટીયા પાસે એકબસમાંથી એકમુસાફર ઉતરેલહોય તેને પૈસા દાગીના આપવાનું કહેતા તેની પાસેથી કંઈ નહી મળતા બડીયા વડે માર મારી જતા રહેલ હતા. વીસેક દિવસ પહેલા ચલાલા પાસેના શેલ ખંભાળીયા ગામે એક નદીના કિનારે આવેલ બાલાજીના મંદીરમાં દાન પેટ્ટી ખોલી તેમાથી પરચુરણ રોકડ રકમની ચોરી કરેલ હતી. પંદર દિવસ પહેલા અમરેલી તાલુકાના વડેરા ગામે આવેલ ગેબી હનુમાન મંદીરમાં દાન પેટ્ટી ખોલી તેમાથી પરચુરણ રોકડ રકમની ચોરી કરેલ હતી. વીસેક દિવસ પહેલા લાઠી તાલુકાના સુરગપરા ગામે આવેલ રામજી મંદીરમાં ચોરી કરવા ગયેલ પરંતુ મંદીરમાં કંઈ નહી મળતા જતા રહેલહતા.એકાદ મહિના પહેલાવડીયા તાલુકાના લુણીધાર ગામે આવેલ એક વાસણની દુકાનના તાળા તોડી ચોરી કરવા ગયેલ પરંતુ દુકાનમાં કંઈ નહી મળતા જતા રહેલ હોવાની આરોપીએ કબુલાત આપતા સાત ગુન્હાનો ભેદ ઉકેલાયોછે.....

# હળવદ:નર્મદા કેનાલમાંથી વૃદ્ધનો મૃતદેહ મળ્યો

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

હળવદના અનિલ ફર્નિચર મોલની પાછળ પસાર થતી નર્મદા કેનાલમાંથી સુરેન્દ્રનગરના મનસુખભાઈ લાલજીભાઈ પનારાનો મૃતદેહ મળી આવ્યો છે. જેના મૃતક મનસુખભાઈ કોઈ કારણોસર નર્મદા કેનાલના પાણીમાં પડી ગયા હોય જેથી તેમનો મૃતદેહ કેનાલના પાણીમાંથી બહાર કાઢયો છે. હાલ મૃતદેહને હળવદ સરકારી હોસ્પિટલ ખાતે લાવવામાં આવતા પોલીસે આ મૃત્યુના બનાવ અંગે અ.મોતની નોંધ કરી આગળની તપાસ ચલાવી છે.

# ઉપલેટા: સોરઠીયા પ્રજાપતિ સમાજ આયોજીત સમુહલગ્નમાં ૧૧ યુગલો પ્રભુતામાં પગલા માંડશે

**અબતક, કીરીટ રાણપરીયા, ઉપલેટા**

શહેરમાં સોરઠીયા પ્રજાપતિ સમાજ દ્વારા તા. ૬ ને શુક્રવારે બપોરે પ્રથમ સમુહ લગ્નનું દિવ્ય અને ભવ્ય આયોજન કરવામાં આવેલ છે. તેમાં ૧૧ નવ દંપતિઓ પ્રભુતામાં પગલા પાડશે આ તકે મહારકતદાન કેમ્પ તથા લોક ડાયરાનું પણ ભવ્ય આયોજન કરવામાં આવેલ છે.

સોરઠીયા પ્રજાપતિ સમાજ, યુવક મંડળ, શ્રીબાઈ મહિલા સત્સંગ મંડળ, ધુન મંડળ ઉપલેટાના હોદેદારોએ જણાવેલ કે શ્રી બાઈ માતાજી અસીમ કૃપાથી ઉપલેટા સોરઠીયા પ્રજાપતિ સમાજને આંગણે આગામી તા. ૬ને શુક્રવારે પ્રથમ સમુહ લગ્નનું ભવ્ય અને દિવ્ય આયોજન કરવામાં આવેલ છે. તેમાં ૧૧ નવદંપતિ પ્રભુતામાં પગલા માંડશે. આ સમુહ લગ્નના આચાર્યપદે મુખ્યાજી ગૌતમ કુમાર એમ. વ્યાસ સંપૂર્ણ લગ્ન વિધી શાસ્ત્રોકત રીતે કરાવશે.







## રકતદાન કેમ્પ અને લોક ડાયરા સહિતના કાર્યક્રમનું આયોજન

વધુમાં આયોજકોએ જણાવેલ કે સમાજ દ્વારા પ્રથમ સમુહ લગ્ન યોજાઈ રહ્યા છે. ત્યારે સમગ્ર સોરઠીયા પ્રજાપતિ સમાજમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. સમુહ લગ્નના મહાદાતા સ્વ. ભાનુબેન જમનભાઈ ગોરધનભાઈ ફટાણીયા હ. રાજેશભાઈ ફટાણીયા મુળ ઉપલેટા હાલ કોંગો આફ્રીકા જોબોગ્રુપ તેમજ મુખ્ય દાતા કડવીબેન પરસોતમભાઈ હરીભાઈ ગોહેલ તરીકે વૃજલાલ રામજીભાઈ ગઢીયા, મોહનભાઈ અરજણભાઈ કડારીયા, પ્રવિણભાઈ બાબુભાઈ વાળા, વલ્લભભાઈ વાલજીાઈ કુકડીયા સહીત સમાજના વિવિધ દાતાઓ દ્વારા કરીયાવરમાં ૫૬ જેટલી વસ્તુઓ, ભોજન સમારંભ, લોકડાયરો, મહા રકતદાન કેમ્પ સહિત સહકાર મળી રહ્યો છે. જયારે આ સમુહ લગ્નમાં તા.૫ ને ગુરુવારે રાત્રે ૯.૩૦ કલાકે નામી કલાકારોનો ભવ્ય લોક ડાયરો યોજાશે.

તેમજ લગ્ન સ્થળે તા. ૬ શુક્રવારે બપોરે ૪ થી રાત્રીના નવ વાગ્યા સુધી મહા રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. સમુહ લગ્નના અવસરોમાં તા. ૬ ને શુક્રવારે બપોરે જાનનું આગમન થશે. બપોરે બે વાગે સામૈયા, સાંજે ૫ કલાકે હસ્ત મેળાપ સાંજે ૫.૧૫ કલાકે સત્કાર સમારોહ, સમુહ ભોજન અને રાત્રીના નવ કલાકે જાન વિદાયના પ્રસંગો યોજાશે. આ સમુહ લગ્નને આખરી ઓપ આપવા સોરઠીયા પ્રજાપતિ સમાજના પ્રમુખ પ્રવિણભાઈ વાળા, ઉપપ્રમુખ વેલજીભાઈ ગોહેલ, મંત્રી ભિખુભાઈ કોરીયા, ખજાનચી હરસુખભાઈ જોગીયા, કારોબારી સભ્યો જીતુભાઈ વારા, ધીરુભાઈ વડુકર, હરેશભાઈ ગઢવાણા, પ્રશાંતભાઈ કુંકડીયા, રમેશભાઈ વેગડ, નીતીનભાઈ ખાણખાણીયા, રાજેશભાઈ કોરીયા જહેમત ઉઠાવી રહ્યા છે.


આ સમુહ લગ્નનું સ્થળ શ્રીબાઈ માતાજી મંદિર શ્યામધામ સોસાયટી - ઉપલેટા ખાતે રાખેલ છે.

# ધારીને પાલિકાનો દરજજો મળતા સરકારના નિર્ણયને આવકારતાં ધારાસભ્ય કાકડીયા

## ધારીનો થશે સર્વાંગી વિકાસ નવી ઉડાન ભરી વિવિધ ક્ષેત્રોને બનાવાશે સુવિધાસભર: ધારાસભ્ય જે.પી.કાકડીયા

**અબતક, નિકુંજ મહેતા, ધારી**

ભાતીગળ ધરાનાં કાંઠે વસતાં ધારીની વિકાસ ઝંખતી જનતાનાં મનના દરેક સ્વપન સાકાર કરવા જેણે પ્રણ લીધું હોય તેમ ભારતીય જનતા પાર્ટીની સંવેદનશીલ સરકારમાથી પોતાનાં વિસ્તારનાં સર્વાંગી વિકાસનાં અનેક વિકાસ લક્ષી નિર્ણયો લેવડાવનાર દરેક સમાજનાં રાહબર અને સૌનાં સુખ નાં સાથીદાર અને દુ:ખના ભાગીદાર અને સૌનાં રાહબર અને ધારી બગસરા ખાંભાનાં સ્વપનદ્રષ્ટા ધારાસભ્ય જે.વી.કાકડીયાનાં એક પછી એક સમગ્ર વિસ્તાર નાં કાયાકલ્પ કરવાનાં નિર્ણયોથી જનતાને ખરેખર સાચાં સુકાની મળ્યાંનો




આત્મ સંતોષ થઈ રહ્યો છે ત્યારે ભારત વર્ષમાં જેનું આધ્યાત્મિક અને પર્યટન ક્ષેત્રે મહત્વનું સ્થાન છે તેવાં ગળધરા ખોડિયારનાં વિકાસ કર્યા બાદ આંબરડી સફારી પાર્કનો વિકાસ કર્યા બાદ મોરપીંછની કલગીમાં વધું એક મોરપીંછ ઉમેરાતા ધારાસભ્ય જે.વી. કાકડીયા એ ધારીને નગર પાલિકાનો દરજ્જો આપવાની ધારી શહેરની જનતાની રાત દિવસની લાગણી અને માંગણી સંતોષાતા યથાક પ્રયત્ન કરી ધારીને નગરપાલિકાનો દરજ્જો અપવાતા ધારીનો સર્વાંગી વિકાસ થશે અને ધંધા,રોજગાર, ખેતી અને પર્યટન સ્થળ સહિત દરેક ક્ષેત્રમાં ઉન્નતી કરતું ધારી સહિત આજુબાજુના ગ્રામ્ય વિસ્તારને હવે અનેક વિધ સવલતો મળશે અને ધારી હવે વિકાસની નવી ઉડાન ભરશે ત્યારે દેશના ગૌરવવંતા વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગુજરાતના ગતિશીલ વિકાસમાં વધુ ગતિ આપનાર અહર્નિશ સેવારત ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ પ્રત્યે ધારી વાસીઓ અભિનંદન વર્ષા વરસાવી રહ્યા છે.

ધારાસભ્ય જે.વી. કાકડીયા પર પણ સમગ્ર વિસ્તારની દરેક જનતા અભિનંદનની વર્ષા કરી રહી છે.

# ગોંડલ: શિવમ્ સાર્વજનિક ટ્રસ્ટ અને ટીમ ગણેશ દ્વારા રકતદાન કેમ્પમાં ૧૬૦ બોટલ એકત્રિત




**અબતક, જીતેન્દ્ર આચાર્ય,ગોંડલ**

છેલ્લા કેટલાક વર્ષો થી તબીબી અને સામાજીક સેવા આપી રહેલા શિવમ સાર્વજનિક ટ્રસ્ટ અને ટીમ ગણેશ દ્વારા સિવિલ હોસ્પિટલ નાં પ્રાંગણ માં રક્તદાન શિબિર તથા સર્વરોગ નિદાન કેમ્પ નું આયોજન કરાયુ હતું.જેમા રક્તદાતાઓ ઉમટી પડતા ૧૬૦ બોટલ રક્ત એકત્રીત થયુ હતુ.અને સો થી વધુ દર્દીઓ નું નિદાન કરાયુ હતું.

મિશ્રરુતુ ને કારણે હાલ ડેન્ગ્યુ, વાયરલ ફીવર સહિત ની ફરિયાદ સાથે દર્દીઓ થી હોસ્પિટલો ઉભરાઈ રહ્યા છે.આવા સંજોગો માં હોસ્પિટલો માં રક્ત ની જરુરીયાત ઉભી થવા પામી હોય બ્લડબેંક માં રક્ત ની અછત હોય પરિસ્થિતિ ગંભીર થવા પામી હતી.આ અંગેની જાણ શિવમ સાર્વજનિક ટ્રસ્ટ નાં પ્રમુખ દિનેશભાઈ માધડ ને થતા ટ્રસ્ટ નાં સદસ્ય તથા તેમના ભત્રીજા જયભાઈ માધડ નાં જન્મદિવસ નિમિતે ટ્રસ્ટ દ્વારા રક્તદાન શિબિર નું આયોજન કરાયુ હતુ.સાથે સર્વરોગ નિદાન કેમ્પ પણ યોજાયો હતો.સાથોસાથ માધડ પરીવાર નાં સ્વ.રાજુભાઈ માધડ ને શ્રધ્ધાસુમન અર્પણ કરાયા હતા.જેમાં નગરપાલિકાનાં પુર્વ સદસ્ય અનિલભાઈ માધડ, પ્રદિપ ભાઈ માધડ સહિત પરીવાર ઉપસ્થિત રહ્યો હતો.

રક્તદાન શિબિર માં ધારાસભ્ય નાં પુત્ર જયોતિરાદિત્યસિંહ (ગણેશભાઈ)નાગરિક બેંક નાં ચેરમેન અશોકભાઈ પીપળીયા,નગરપાલિકા પ્રમુખ અશ્વીનભાઈ રૈયાણી, ઉપપ્રમુખ પરીતાબેન ગણાત્રા, પીઢ આગેવાન પૃથ્વીસિહ જાડેજા, માર્કેટ યાર્ડનાં વાઈસ ચેરમેન ધર્મેન્દ્રસિંહ જાડેજા, ગૌસેવક ગોપાલભાઈ ટોળીયા,સાવનભાઈ ધડુક, તાલુકા પંચાયત પ્રમુખ પ્રતિનિધી ભરતભાઈ ઢોલરીયા,ભાજપ મહામંત્રી સમીરભાઈ કોટડીયા,યુવા ભાજપ નાં જયદીપસિંહ જાડેજા, જીગરભાઈ સાટોડીયા,નગરપાલિકા સદસ્ય રુષિરાજસિંહ જાડેજા સહિત ઉપસ્થિત રહ્યા હતા.

રક્તદાન શિબિર તથા સર્વરોગ નિદાન કેમ્પ ને સફળ બનાવવા શિવમ સાર્વજનિક ટ્રસ્ટ નાં પ્રમુખ દિનેશભાઈ માધડ, ઉપપ્રમુખ અલ્પેશભાઈ આચાર્ય તથા ટીમ દ્વારા જહેમત ઉઠાવાઈ હતી.

આસ્થા બ્લડબેંક તથા ડો.વાડોદરીયા હોસ્પિટલ ની ટીમે સેવા આપી હતી.

# સિહોર: એસ.ટી.નાં ટ્રાફિક કન્ટ્રોલર ટેમુભા ગોહિલની કામગીરીની સરાહના



**અબતક, આનંદ રાણા, સિહોર**

સિહોર એસ.ટી.વિભાગના ટ્રાફિક કંટ્રોલર તરીકે સિહોર ખાતે અગાઉ બદલી થયા બાદ પુન: સિહોર ખાતે બદલી કરી ફરજ સોંપવામાં આવતાં લોકોમાં આનંદની લાગણી ફેલાઈ છે.

સિહોરમાં અગાઉ એસ.ટી. ટ્રાફિક કંટ્રોલર તરીકે લોકોમાં ખુબ જ સારી ઈમેજ ધરાવતા ટેમુભા ગોહિલ વિવેક સભર વાણી વ્યવહાર તથા ખાસ કરીને ગ્રામ્ય પંથકના અપડાઉન કરતાં વિદ્યાર્થીઓને, પેસેન્જર્સ કે શહેરીજનોને હંમેશા ઉપયોગી બનતા નિષ્ઠાવાન કર્મચારી માટેની લાગણી અને માંગણી ધ્યાને લઈ ફરી સિહોર ખાતે મુકવામાં આવેલ છે.

આ સાથે હર્ષની લાગણી સાથે સિહોર તાલુકા નૈતિક માનવ અધિકારના વાઈસ પ્રિન્સિપાલ અશ્વપાલસિંહ રાઠોડે જણાવ્યું હતું કે ટેમુભા ગોહિલે ગ્રામ્ય વિસ્તારની વિદ્યાર્થી બહેનો માટે મુસાફરી પાસ અલગ સુવિધા માટે ઘરે બેઠા ઓનલાઈન મેળવી શકાય તે માર્ગ વાહન વ્યવહાર વિભાગ દ્વારા ગ્રામ્ય શાળાઓ ખાતે પહોંચી આપવામાં આવી હતી. આવી ઉમદા ફરજ બજાવતા કર્મચારીને અનેક પ્રકારની કામગીરી આવતી હોય, પોતાના સિવાય એક પણ અન્ય સહ કર્મચારી ન હોય એસ.ટી.વિભાગના જીલ્લા જનરલ મેનેજરને તથા ઉચ્ચ સ્તરે રજૂઆત કરી એકલા હાથે અનેક ફરજ બજાવતા કર્મચારીને મદદનીશ સ્ટાફ તથા સુવિધાઓ પુરો પાડવા રજૂઆત કરવામાં આવી છે.

# ગાંધીધામ: આહીર સેના ગુજરાત પ્રદેશમાં મિડિયા પ્રવકતા તરીકે દિપકભાઈ છાંગાની વરણી

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**



આહીર સેના ગુજરાત પ્રદેશ કોર કમિટી મેમ્બર દિપકભાઈ છાંગા ની આહીર સેના ગુજરાત પ્રદેશ મા મિડિયા પ્રવકતા પદે વરણી કરવામાં આવતા તેઓને સમાજ ના આગેવાનો મિત્રો દ્વારા શુભેચ્છા મળી રહી છે. આહીર સેના ગુજરાતની સ્થાપના ગત વર્ષે તા. ૨૦-૮-૨૦૨૩ ના જાલસિકા મુકામે હોલ માતા મંદિરે આહીર સમાજ સંમેલન યોજીને કરવામાં આવી હતી ત્યારથી આહીર સેના ગુજરાત પ્રદેશમાં કોર કમિટી મેમ્બર તરીકે નિમણૂક છે સક્રિય કામગીરી ના કારણે આહીર સેના ગુજરાત ટીમ સર્વસંમતિથી ફરી વધુ મહત્વ ની જવાબદારી સોંપી ને મિડિયા પ્રવકતા નિમણૂક કરવામાં આવી છે

# ભાવનગરમાં ૧,૭૬,૭૪૦થી વધુ બાળકોને પોલીયો રસીથી સુરક્ષિત કરાશે

## પોલિયો અભિયાનની પૂર્વ તૈયારીના ભાગરૂપે જિલ્લા કલેકટર આર. કે. મહેતાના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઈ

**અબતક, આનંદ રાણા, સિહોર**

ભારત દેશ પોલિયો મુક્ત થઈ ગયેલ છે,પરંતુ હજુ પણ કેટલાક દેશોમાંથી પોલિયો નાબૂદ થયેલ ન હોવાથી તે પોલિયો ફરીથી ફેલાવાની શક્યતા રહેલી છે. જેથી આપણાં દેશમાંથી પોલિયો નાબૂદ કરવા માટે અભિયાન ચલાવવામાં આવે છે. જે બાબતે જિલ્લા કલેકટર આર. કે. મહેતાની અધ્યક્ષતામાં કલેકટર કચેરી, ભાવનગર ખાતે SNID પોલીયો રાઉન્ડ ૮મી ડિસેમ્બર ૨૦૨૪ અન્વયે સમીક્ષા બેઠક યોજાયેલ તેમજ SNID પોલીયો રાઉન્ડની કામગીરી ૧૦૦ ટકા સંપુર્ણ થાય તે માટે જરૂરી સુચનો આપવામાં આવ્યાં હતાં.

જેમાં ભાવનગર જિલ્લામાં ચાલુ વર્ષે તા.૮મી ડિસેમ્બર, ૨૦૨૪ રોજ પોલિયો અભિયાન દ્વારા ૦ થી ૫ વર્ષનાં બાળકોને પોલિયોની રસીનાં બે ટીપાં પીવડાવી પોલિયોથી સુરક્ષિત કરવાના છે.આ વખતે ભાવનગર ગ્રામ્ય જિલ્લાની વસ્તી ૧૭,૨૪,૩૭૮ છે. તેમાં ૦ થી ૫ વર્ષનાં બાળકોની અંદાજિત સંખ્યા ૧,૭૬,૭૪૦ છે.જિલ્લામાં કુલ ૧૧૧૦ બુથનું આયોજન કરવામાં આવેલ છે. કુલ ૨,૦૮૬ ટીમ દ્વારા પ્રથમ દિવસે પોલિયો બૂથ ઉપર અને બીજા અને ત્રીજા દિવસે ઘર-ઘર મુલાકાત દ્વારા પોલીયોની રસી પીવાડવામાં આવનાર છે. ભાવનગર જિલ્લામાં કુલ ૪૨ જેટલા ટ્રાન્જીટ-મેળા પોઈન્ટ રાખવામાં આવેલ છે. જેમાં બસ સ્ટેન્ડ અને ખાસ અવર જવર રહેતી હોય તેવા વિસ્તારમાં ટ્રાન્ઝીટ પોઈન્ટ દ્વારા પોલિયો રસીકરણની કામગીરી કરવામાં આવનાર છે. સાથે સાથે ૭૨ જેટલી મોબાઈલ ટીમ દ્વારા પણ પોલિયો પીવાડવામાં આવનાર છે.સમગ્ર કામગીરી ઉપર સુપરવિઝન માટે ૨૪૮ સુપરવાઈઝર નિયુક્ત કરવામાં આવેલ છે તેમજ દરેક તાલુકામાં લાઈઝન ઓફિસર દ્વારા દેખરેખ રાખી પોલિયો રસીથી કોઈ બાળક વંચિત ન રહે તે રીતે કામગીરી કરવામાં આવનાર છે.

# સુત્રાપાડા: પોલીસ એન્યુઅલ સ્પોર્ટ્સ મીટના વિજેતા મેડલ એનાયત



**અબતક, રામસિંહ મોરી, સુત્રાપાડા**

ગીર સોમનાથ જિલ્લા પોલીસ એન્યુઅલ સ્પોર્ટ્સ મીટ-૨૦૨૪ સુત્રાપાડા યોજાયેલ, જેમાં પૂર્વ કેબિનેટ મંત્રી જશાભાઈ બારડ, રેન્જ આઈ.જી. નિલેશ જીજુડીયા, ગીર સોમનાથ જિલ્લા એસ.પી.જાડેજા અને પોલીસ અધિકારીઓ હાજર રહ્યા, રમત ઈવેન્ટમાં વિજેતા ખેલાડીઓને મેડલ એનાયત કરવામાં આવ્યા હતા.

# ભાવનગર બે દિવસીય રવિ કૃષિ મહોત્સવ યોજાશે

## જિલ્લા કલેકટર આર. કે. મહેતાની અધ્યક્ષતામાં આયોજન અંગેની સમીક્ષા બેઠક યોજાઈ

**અબતક, આનંદ રાણા, સિહોર**

રાજ્યનાં ખેડૂતોને આગામી રવિ સીઝનમાં રવિ પાકો વિષે આધુનિક કૃષિ તાંત્રિકતા અંગે માર્ગદર્શન તેમજ ખાતાની વિવિધ સહાય યોજનાઓ અને પ્રાકૃતિક ખેતી અંગેને સમજ મળી રહે તે હેતુસર આગામી તા. ૦૬/૧૨/૨૦૨૪ અને તા. ૦૭/૧૨/૨૦૨૪ સુધી બે દિવસીય રવિ કૃષિ મહોત્સવ-૨૦૨૪ જિલ્લાનાં તમામ તાલુકાઓમાં આયોજન કરવામાં આવેલ છે જેના અનુસંધાને જિલ્લા કલેક્ટર આર. કે. મહેતાની અધ્યક્ષતામાં આયોજન અંગેની સમીક્ષા બેઠક યોજાઈ હતી. બેઠકમાં તાલુકા કક્ષાએથી અધિકારીઓ વર્ચ્યુઅલ માધ્યમથી જોડાયા હતા.

જેમાં ગારીયાધાર તાલુકાનો એપીએમસી માર્કેટીંગ યાર્ડ- ગારીયાધાર, ભાવનગર તાલુકાનો શામપરા સ્વામિનારાયણ ગુરુકુળ, સિદસર, ઘોઘા તાલુકાનો ડાભી સમાજની વાડી - મોટા ખોખરા, ઉમરાળા તાલુકાનો એપીએમસી માર્કેટીંગ યાર્ડ - ધોળા, જેસર તાલુકા સેવા સદન-જેસર, મહુવા તાલુકાનો એપીએમસી માર્કેટીંગ યાર્ડ- મહુવા, પાલિતાણા તાલુકાનો એપીએમસી માર્કેટીંગ યાર્ડ- પાલીતાણા, વલ્લભીપુર તાલુકાનો સરકારી મેદાન, શ્રી ગંભીરસિંહજી હાઈસ્કુલ પાછળ - વલ્લભીપુર, સિહોર તાલુકાનો ટાઉન હોલ સિહોર, તળાજા તાલુકાનો એપીએમસી માર્કેટીંગ યાર્ડ- તળાજા ખાતે આયોજન હાથ ધરવામાં આવેલ છે.

ખેડુતોને રવિ સિઝનમાં રવિ પાકો વિષે આધુનિક કૃષિ તાંત્રીકતા અંગે માર્ગદર્શન તેમજ ખેડુતલક્ષી વિવિધ સહાય યોજનાઓ અંગેની સમજ મળી રહે તે માટે તેમજ સસ્ટેનેબલ અને પ્રાકૃતિક કૃષિના વ્યાપ માટે હેતુસર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જિલ્લાના તમામ તાલુકાઓમાં તાલુકા કક્ષાના કૃષિ માર્ગદર્શન સેમીનાર-વ પ્રદર્શન અને સેવાસેતુ કાર્યક્રમ તા.૦૬ અને ૦૭/૧૨/૨૦૨૪ સમય:- સવારે ૦૯:૦૦ કલાક થી સાંજે ૦૫:૦૦ કલાક આયોજન કરેલ છે. જેમાં રવિ પાકો વિષે આધુનિક કૃષિ તાંત્રીકતા અંગે માર્ગદર્શન તેમજ ''શ્રી અન્ન મિલેટ પાકો અંગે માહીતી, ખેતી ખર્ચ ઘટાડા માટે ઈનપુટસના કાર્યક્ષમ ઉપયોગ, પ્રાકૃતિક ખેતી અંગેની માહીતી તેમજ પશુપાલન અને બાગાયત પાકોમાં નવીનત્તમ ટેકનોલોજી અંગે તાંત્રીક માર્ગદર્શન મળી રહે તેમજ વિવિધ પ્રદર્શન ક્રમ વેચોટા અંગેના સ્ટોલ પણ રાખવામાં આવેલ છે.

# ગાંધીધામ: લોકજાગૃતીના હેતુથી બેન્કના અધિકારીઓ સાથે લોન મેળો યોજાયો

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

ગાંધીધામ પોલીસ મહાનિરીક્ષક ચિરાગ કોરડીયા બોર્ડર રેન્જ ભુજ કચ્છ તથા પોલીસ અધિક્ષક સાગર બાગમાર પુર્વ કચ્છ ગાંધીધામ તથા નાયબ પોલીસ અધિક્ષક સાગર સાંબડા ભચાઉં વિભાગનાઓ તરફથી વ્યાજ ખોરીના દૂષણને ડામવા માટે સૂચના કરેલ જે અનુસંધાને સામાન્ય પ્રજાજનોને નાણાકીય જરૂરિયાતો માટે લોન મેળવવામાં અગવડતા ન પડે તથા લોકોને સરળતાથી બેન્કિંગ સવલત મળી રહે તેવા ઉમદા હેતુથી સાગર સાંબડા નાયબ પોલીસ અધિક્ષક




ભચાઉ વિભાગ ભચાઉનાઓના માર્ગદર્શન મુજબ લાકડીયા પોલીસ સ્ટેશનના પ્રાગણમાં ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેકટર એમ.એન.દવે એ લાકડીયા પોલીસ સ્ટેશન દ્વારા સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયા શાખા લાકડીયા તથા બેંક શાખા ભચાઉ ના અધિકારીઓને આમંત્રણ આપી લોન મેળાનું આયોજન કરવામાં આવ્યું જેમાં લોન મેળવવા માગતા લાકડીયા પોલીસ સ્ટેશન વિસ્તારના ૫૦ થી ૬૦ માણસો હાજર રહ્યા હતા. જેઓને બેંકના મેનેજર પ્રતિનિધિઓ દ્વારા બેન્ડ લોન. વીમા પોલીસી, બચત યોજનાઓ વિગેરેની તથા ગામના આગેવાનો દ્વારા જરૂરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. તેમજ અત્યારના સમયમાં અનેક પ્રકારની એપ્લિકેશન દ્વારા લોભામણી લીંકથી ફ્રોડ કરવામાં આવે છે આ બાબતે કોઈપણ જાતની ફરિયાદ હોય તો તાત્કાલિક લાકડીયા પોલીસ સ્ટેશન ખાતે જાણ કરી વ્યાજખોરો વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે જે બાબતની તમામને જાણ કરવામાં આવી. તેમજ ગ્રામજનોને ટ્રાફિક તથા સાયબર ક્રાઈમ બાબતે કાર્યક્રમ કરી જરૂરી સુચનાઓ આપી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

# વડોદરા ખાતે ગાયત્રી માનવ મંડળ દ્વારા ધ્રાંગધ્રાના દિવ્યાંગ સીતાબેનનું સન્માન

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

વડોદરા ખાતે ગાયત્રી માનવ મંડળ દ્વારા આજે ''વિશ્વ દિવ્યાંગ દિવસ''ની ઉજવણી મોટી ઉત્સાહ અને શ્રદ્ધા સાથે કરવામાં આવી. આ પ્રસંગે ધ્રાંગધ્રા દિવ્યાંગ સીતાબેન દેપાળા રંજલબેન ગોહિલ મુકેશભાઈ કનેજીયા અને ડો.રાજેન્દ્ર હથી (હાસ્યકલાકાર ગમ્મત ગુલાલ)સહિત કેટલાક સભ્યોને એમ્પાવરમેન્ટ માટે એવોર્ડ આપવામાં આવ્યા. આ અવસર પર સીતાબેન દેપાળાએ ૧૫ દિવ્યાંગ ભાઈઓ અને બહેનો વડોદરા ખાતે એક વિશેષ પ્રવાસ પર લઈ જવાની વ્યવસ્થા કરી. આ પ્રવાસમાં દરેક દીવ્યાંગ વ્યક્તિને ખાસ કરીને ધાબળા સાડીનું વિતરણ કરવામાં આવ્યું, જે તેઓ માટે અનુકૂળ



અને મહત્વપૂર્ણ હતું ત્યારે કાર્યક્રમનો ઉદ્દેશ દિવ્યાંગો માટેના મૌલિક અધિકારો અને તેમને સમાજમાં શ્રેષ્ઠ રીતે સ્થાન આપવા પર કેન્દ્રિત હતો.

# બગસરા નાગરિક શરાફી મંડળી દ્વારા ૭૧માં સહકાર સપ્તાહની ઉજવણી





**અબતક, સમીર વિરાણી, બગસરા**

બગસરા નાગરિક શરાફી સહકારી મંડળીની બોર્ડ મીટીંગ. ૭૧મા સહકાર સપ્તાહની ઉજવણી તેમજ તાજેતરમા બગસરા મામલતદાર તરીકે નિમણૂક પામેલા પ્રશાંભાઈ ભીંડીનો સન્માન સમારોહના ત્રિવીધ કાર્યક્રમ મંડળીના ચેરમેન રશ્વિનભાઈ ડોડીઆના અધ્યક્ષ સ્થાને યોજાયેલ

આ સમારોહમા મંડળીને સહકારથી સમૃધ્ધીના શૂત્રને સાથે રાખી મંડળીને પ્રગતીતરફના નિર્ણયો લેવામા આવેલ.તેમજ ૭૧મા અખીલ ભારતીય સહકાર સપ્તાહની ઉજવણી કરવામા આવેલ જેમા સહકારી ધ્વજને સલામી આપવામા આવેલ તેમજ

## બોર્ડ મીટીંગ સાથે મામલતદાર પ્રશાંત ભીંડીનું સન્માન કરાયું

તાજેતરમા મામલતદાર તરીકે નિમણુક પામેલા પ્રશાંતભાઈ ભીંડીનૂ અદકેરૂ સન્માન કરવામા આવેલ આ તકે મંડળીના તજજ્ઞ ડીરેકટર શરદભાઈ લાખાણી એ મંડળીની પ્રગતીને બિરદાવેલ.

આ મીટીંગમા મંડળીની વિવિધશાખા અમદાવાદ વિનૂભાઈ રાદડીયા. વડોદરા મનોજભાઈ બોરડ.બગસરા મહેશભાઈ વ્યાસ. લીલીયા પરીનભાઈ રાજપૂરા. અમરેલી તનસૂખભાઈ ઠાકર. રાજકોટ અરવિંદભાઈ નાગ્રેચા સહીતના બોર્ડના સદસયો. તમામશાખાના એડવાઈઝરી બોર્ડ સદસયો.આમંત્રીત સહકારી આગેવાનો ઊપસ્થીત રહેલ

આ સમગ્ર કાર્યક્રમનૂ સફળ સંચાલન મંડળીના જનરલ એમ ડી નિતેષ ડોડીઆ. જનરલ સેક્રેડરી ડી જી મહેતા દ્વારા કરવામા આવેલ.

# ચોટીલા પંથકમાં પાક નુકશાનના સર્વેમાં ગોલમાલ: યોગ્ય રોજ કામ કરવાની માંગ

**અબતક, રણજીતસિંહ ધાધલ, ચોટીલા**



પાક નુકસાનમાં ખેડૂતો સાથે થયેલી ગોલમાલ મુદ્દે રાજુભાઈ કરપડા દ્વારા સર્વેનો ભાંડો ફોડી ચોટીલા પંથકમાં સુરેન્દ્રનગર જિલ્લા ખેતીવાડી અધિકારીને પુરાવા સાથે ધારદાર રજૂઆત કરવામાં આવી હતી.

એક પણ જગ્યાએ સ્થળ પર પંચરોજ કામ કરવામાં આવ્યું નથી, સ્થાનિક આગેવાનને સાથે રાખવામાં આવ્યા નથી, અમુક ગામને સર્વેથી બાકાત કરવામાં આવ્યા તો અમુક જગ્યાએ બાજુ બાજુના બે સર્વે નંબર હોય સરખી જમીન ધરાવતા ખેડૂતોને પણ વધતાં ઓછા પ્રમાણમાં રકમ વળતર પેટે મળી રહી છે. માત્ર ઓફિસમાં બેસી નુકશાનના આંકડા લખવામાં આવ્યા હોવાની ફરિયાદ ઉઠી છે.

જ્યાં થોડો પણ સર્વે થયો ત્યાં પણ નુકસાનીના આંકડા જાણી જોઈને બદલવામાં આવ્યા છે. જેના પુરાવા સાથે રજૂઆત કરવામાં આવી સાથે જ જે ખેડૂતોને મજાક સમાન વળતર મળેલું હતું એ ખેડૂતોએ કૃષિમંત્રીના ખાતામાં આ રકમ પરત આપવા માટે ચેક પણ જિલ્લા ખેતીવાડી અધિકારીને પરત આપ્યા હતા. આ તકે અમૃતભાઈ મકવાણા કિશોરભાઈ, મહેન્દ્રસિંહ, અશોકભાઈ, દેવકરણભાઈ, અજીતભાઈ સહિત સ્થાનિક આગેવાનો સાથે મોટી સંખ્યામાં ખેડૂતો અને સરપંચો ઉપસ્થિત રહ્યા હતા.

# ગોંડલ: દાંમ્પત્યજીવનનો વિંખાયેલો માળો ફરી એક કરતી સખીવન સ્ટોપ સેન્ટર ટીમ

**અબતક, જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

ગોંડલ માં પતિ પત્નિ ઓર વોહ 'ની ઘટનામાં પતિ સાથે જગડા થતા અને પતિ નાં પરસ્ત્રી સાથે નાં સબંધ થી ત્રસ્ત બનેલી પત્નિ છેલ્લા છ માસ થી માવતર ચાલી ગઇ હોય પતિ પાસે પરત ફરવું હોય પણ પતિ તેડી જતો નાં હોય દુખી બનેલી અબળા ની મદદે '' સખી' વન સ્ટોપ સેન્ટર નાં સંચાલીકા દોડી જઇ પતિ પત્નિ નું કાઉન્સિલિંગ કરતા દાંપત્ય નો વિંખાયેલો માળો ફરી એકજુટ બની કિલ્લોલ કરતો બન્યો હતો

ભારત સરકાર પુરસ્કૃત સખી વન સ્ટોપ સેન્ટર દરેક જિલ્લામાં કાર્યરત છે જે હિંસાથી પીડિત મહિલાઓ માટ ચોવીસ કલાક કાર્યરત છે. .જિલ્લા અને મહિલા અને બાળ અધિકારી ડો. જનકસિંહ ગોહિલ ના માર્ગદર્શન હેઠળ ચાલતા સખી વન સ્ટોપ સેન્ટર ગોંડલમા છેલ્લા બે વર્ષ થી કાર્યરત છે. જેમા મહિલાઓ ની તમામ સમસ્યા નું નિરાકરણ કરવામાં આવે છે.

ગોંડલ રહેતા માનસીબેન (નામ બદલાવેલ છે)ને પતિ દ્વારા શારીરિક-માનસિક ત્રાસ ગુજારવામાં આવતો હોય,તેમજ અરજદાર ના પતિ ને અન્ય સ્ત્રી સાથે છેલ્લાં એક વર્ષ થી પ્રેમ સંબંધ હોય,જેના કારણે પતિ-પત્નિ વચ્ચે અવાર-નવાર જગડાઓ થતાં હતા. આખરે અરજદાર માનશીબેન છેલ્લા છ માસથી પોતાના પિયર માં રહેવા ચાલ્યાં ગયા હતા. માનશીબેન પોતાના સાસરીમાં ફરી જવા ઈચ્છતા હોય.પરંતુ પતિ તેમને લઈ જવા તૈયારના હોય માનશીબેન સખી વન સ્ટોપ સેન્ટર પર આવ્યા હતા.સેન્ટરના કર્મચારી નિહારીકાબેન પિપરોતર દ્વારા અરજદાર ની તમામ સમસ્યાઓ સાંભળી માનસિક સાંત્વના આપી હતી.અરજદાર માનશીબેન ડીપ્રેશન ની હાલત મા હોય જેથી સેન્ટર ના યોગ્ય વાતાવરણ માં ઢાળવામાં આવ્યાં હતા..બાદ માં સખી વન સ્ટોપ સેન્ટર ના કર્મચારી નિહારીકાબેન દ્વારા અરજદારના પતિ સાથે ટેલીફોનિક વાતચીત કરી જોઈન્ટ મિટિંગ માટે સેન્ટર પર બોલાવી બંને પક્ષ વચ્ચે જોઈન્ટ મિટિંગ કરાઇ હતી.અરજદાર ના પતિ ને ઠપકો આપી સમજાવેલ કે લગ્ન બાદ અન્ય સ્ત્રી સાથે પ્રેમ સંબંધ રાખવા યોગ્ય નથી.જેના કારણે લગ્ન જીવન પર વિપરીત અસર પડતી હોય છે. અને ફરી આવી ભૂલ નહીં કરે એવું જણાવતા બંને પતિ-પત્નિ ના ઝગડા નો અંત આવ્યો હતો. આમ ખોરંભે ચડેલું લગ્ન જીવન 'સખી વન સ્ટોપ સેન્ટર ની સમજાવટથી ફરી પુરપાટ દોડતુ થયુ હતું.

# દ્વારકા જિલ્લાની ડિસ્ટ્રીકટ ટાસ્ક ફોર્સ ફોર ઈમ્યુનાઈઝેશનની બેઠક યોજાઈ

**અબતક, મહેન્દ્ર કકકડ, દ્વારકા**



દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ડીસ્ટ્રીકટ ટાસ્ક ફોર્સ ફોર ઈમ્યુનાઈઝેશનની બેઠક જીલ્લા સેવા સદન, ખંભાળીયા ખાતે યોજાઈ હતી. આ બેઠકમાં પોલિયો નાબુદી અભિયાન અંતર્ગત જીલ્લામાં પોલીયો અને અન્ય રોગોની વેકસીનેશન અને સર્વેલન્સની કામગીરીની સમિક્ષા કરવામાં આવી હતી. વધુમાં તા.૭ થી ૧૯ ડીસેમ્બરના રોજ યોજાનાર પોલીયો રસીકરણ અભિયાનની તૈયારીઓની માહિતી મેળવી જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ બેઠકમાં આરોગ્ય વિભાગના અધિકારીઓ અને સંબંધિત કર્મચારીઓ ઉપસ્થિત રહયા હતા.

## પોલિયો રસીકરણ અભિયાનમાં બાળકોને અવશ્ય રસી મુકાવવાની અપીલ

પોલિયો રસીકરણ અભિયાનમાં બાળકોને અવશ્ય રસી મુકાવવા જિલ્લાના નાગરિકોને અપીલ કરતા કલેકટર જી.ટી.પંડયાએ જણાવેલ કે જિલ્લામાં પોલિયો રસીકરણ અભિયાન તા.૭, ૮, ૧૯ ડીસેમ્બર દરમ્યાન યોજાશે. ૮૯ હજારથી વધુ બુથ દ્વારા રસીકરણ કરાશે. આ માટે રસીનો પૂરતો જથ્થો ઉપલબ્ધ કરાયો છે અને ટીમોની રચના સાથે સંપૂર્ણ તૈયારી કરવામાં આવી છે. દેવભૂમિ દ્વારકા જીલ્લાનું કોઈપણ બાળક પોલિયોની રસીકરણથી વંચિત ન રહે તે માટે જીલ્લાના નાગરિકોને અપીલ કરવામાં આવી છે.

# પડધરી બીઆરસી ભવન ખાતે વિશ્વ દિવ્યાંગ દિવસ ઉજવાયો

**અબતક, ભૌમિક તળપદા, પડધરી**




સમગ્ર શિક્ષા કચેરી રાજકોટ પ્રેરિત બીઆરસી ભવન પડધરી ખાતે કાર્યરત આઈઈડી શાખા અન્વયે શાળા માં અભ્યાસ કરતા બાળકો પૈકી વિશેષ જરૂરિયાત ધરાવતાં બાળકો એટલે કે દિવ્યાંગ બાળકો સાથે ૩જીડિસેમ્બરએટલેકે 'વિશ્વ વિકલાંગ દિન' ની ઉજવણી કરવામાં આવી તાલુકાનાં કલસ્ટર કક્ષાએ કાર્યરત રીસોર્સરૂમ ગઢડા પ્રા શાળા ખાતે બાળકો સાથે જન જાગૃતિ રેલી યોજી વાલીઓ ને માર્ગદર્શન આપવામાં આવ્યું . સમાજ માં દિવ્યાંગ બાળકોનાં પુનઃ સ્થાપન થાય અને સમાજ માં સન્માન ભેર જીવન જીવી શકે એવાં હેતુસર તાલુકાના સ્પેશ્યલ એજ્યુકેટર વનરાજભાઈ આહીર દ્વારા વાલી માર્ગદર્શન તેમજ સરકાર દ્વારા મળતી સવલતો વિશે માહિતી આપવામાં આવી. મહેતા હર્ષાબેન અને ભાવિકાબેન દ્વારા બાળકોને રંગપૂરણી ચિત્ર સ્પર્ધા કરાવવામાં આવી, જ્યારે મકવાણા સુનિલકુમાર દ્વારા બાળકોને વેશભૂષા જેવાં કાર્યક્રમ સંભાળવામાં આવ્યો. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા તાલુકાના બીઆરસી કો ઓર્ડીનેટર પૂજાબેન પૈજા દ્વારા માર્ગદર્શન હેઠળ યોજાયો. બાળકો નિયમિત શિક્ષણ મેળવે તેમજ તાલુકાના વધુમાં વધું બાળકો સરકાર દ્વારા મળતી સવલતોનો લાભ લેવા પૂજાબેન દ્વારા આવેલ તમામ વાલીઓને સૂચન કરવામાં આવ્યું. ગઢડા શાળા નાં બાળકો, શિક્ષકો અને બ્લોક સ્ટાફ નો વિશેષ સહયોગ રહ્યો. સ્પર્ધામાં વિજેતા બાળકોને વાલીઓના હસ્તે પ્રોત્સાહિત કરવામાં આવ્યા. કાર્યક્રમનાં અંતે બાળકોને રીફ્રેશમેન્ટ આપી રાજી કરવામાં આવ્યા. સફળ આયોજન બદલ જિલ્લા કચેરી તેમજ તાલુકાના સીઆરસી અને શિક્ષકોએ પ્રશંસા વ્યક્ત કરી.


# દ્વારકા જિલ્લા સેવા સદનના પ્રાંગણમાં કરાયું વૃક્ષારોપણ



**અબતક, મહેન્દ્ર કકકડ, દ્વારકા**

દેવભૂમિ દ્વારકા જિલ્લાના મુખ્ય મથક ખંભાળીયા ખાતે જિલ્લા સેવા સદન, જિલ્લા પંચાયત તથા પોલીસ અધિક્ષક કચેરીના સંયુક્ત સંકુલના પ્રાંગણમાં અધિકારીઓ દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવેલ. જીલ્લા કલેકટર જી.ટી.પંડયા, જિલ્લા વિકાસ અધિકારી એ.બી.પાંડોર, અધિક કલેક્ટર ભૂપેશ જોટાણીયા, નાયબ પોલીસ અધિક્ષક હાર્દિક પ્રજાપતિ, અન્ય વરિષ્ઠ અધિકારીઓએ આંબલી, આમળા, જામફળ વગેરે છોડ વાવીને વૃક્ષારોપણ કરેલ. વૃક્ષારોપણ સાથે સંકળાયેલા ગ્રીન ખંભાળીયાના કાર્યકર પરેશ મહેતા અને પરબત ગઢવી પણ ઉપસ્થિત રહયા હતા.

# ઠાકોરજી સાથે ગૌમાતાના દર્શન કરી ભાવિકોએ ધન્યતા અનુભવી



**અબતક, મહેન્દ્ર ઠાકર, દ્વારકા**

દ્વારકા યાત્રાધામમાં આવેલાં દ્વારકાધીશ રાજાધિરાજ સ્વરૂપે બિરાજે છે. દ્વારકા એ કૃષ્ણની કર્મભૂમિ હોવા છતાં અહીં કૃષ્ણ જન્મથી લઈને તેમણે કરેલ સંપૂર્ણ લીલાઓના પ્રસંગોની ઉત્સાહભેર ઉજવણી થાય છે. કૃષ્ણએ બાલ્યકાળમાં ગોકુળમાં ગ્વાલા સ્વરૂપે ગાયો ચરાવી હોય કૃષ્ણને ગૌમાતા અતિપ્રિય હોય જગત મંદિરમાં વારાદાર પૂજારી પરિવાર દ્વારા ગર્ભગૃહમાં ઠાકોરજીની પ્રતિમા સન્મુખ ગૌમાતાના દર્શન ભાવિકોને કરાવ્યા હતા. ભાવિકોએ આ દિવ્ય દર્શન નિહાળી ધન્યતા અનુભવી હતી.

# જસદણ: પૂ.મોરારિબાપુની રામકથાના માધ્યમ થકી અનેક સેવાકાર્યોને મળશે વેગ: જીઆઈડીસી પ્રમુખ વિજય રાઠોડ

**અબતક, હિતેશ ગોસાઈ, જસદણ**

રાજકોટના રેસકોર્સમાં ગત વિકમાં વૃદ્ધ અને વૃક્ષ માટે મોરારીબાપુની માનસ સદ્દભાવના રામકથા નવ દિવસ ચાલી દરમિયાન પૂ.મોરારીબાપુએ ખાસ કરીને રામાયણ સાથે વૃદ્ધ અને વૃક્ષની વાતો દરરોજ કરી આ કથામાં દરેક વયના હજજારો લોકો ઊપસ્થિત રહ્યા જેમાં દરેકને પ્રેરણા મળે એવી અનેક વાતો વ્યાસપીઠ પરથી રજુ થઈ ત્યારે આ અંગે જસદણ જીઆઈડીસી એસોસિએશન અને શહેર યુવા ભાજપ બક્ષીપંચ મોરચાના પ્રમુખ વિજયભાઈ રાઠોડએ આ અંગે પોતાનો પ્રતિભાવ વ્યકત કરતાં જણાવ્યું હતું કે નવ દિવસીય રામકથા રાજકોટમાં પુર્ણ થઈ જેમાં હજ્જારો લોકોએ કથાનું રસપાન કર્યુ જેનાં થકી વૃદ્ધો અને વૃક્ષોનો લાભ આગામી દિવસોમાં લોકોને વધુ મળશે. પૂ.મોરારીબાપુ સામાજિક જાગરણનું કામ વર્ષોથી કરી રહ્યા છે પરંતુ રાજકોટની આ રામકથામાં અનેક સંકલ્પો થયાં તે દેશ માટે એક ખરાં અર્થમાં અનેક પ્રકારની લોકસેવા થશે. વિજયભાઈએ જણાવ્યું હતું કે રાજકોટ સદ્દભાવના વૃદ્ધાશ્રમના વિજયભાઈ ડોબરીયા અને તેમની ટીમના અનેક સભ્યો વર્ષોથી સેવાકાર્ય કરે છે તેથી માણસ તો ઠીક બળદો જેવાં પશુઓની પણ માવજત કરી રહ્યા છે ત્યારે તેમનાં કાર્યને નત મસ્તકે વંદન પણ કથા પછી સદ્દભાવના ટ્રસ્ટની જવાબદારી વધશે પણ એનાં દ્વારા લોકોને પણ લાભ મળશે.

# ઘેલા સોમનાથ મંદિરના પૂજારી હસમુખભાઈ જોશીનો જન્મદિવસ



સૌરાષ્ટ્રની પાવનકારી પાંચાળ ધરામા જસદણ નજીક આવેલ પ્રસિદધ યાત્રાધામ શ્રી ઘેલા સોમનાથ મહાદેવ મંદિરના સેવાભાવી પૂજારી હસમુખભાઈ પ્રાણજીવનભાઈ જોશીનો આજે જન્મદિવસ છે. પોરબંદર જિલ્લાના પાલખડા વતનમા પ્રારંભિક અભ્યાસ બાદ દ્વારકા પાસેની સંસ્કૃત પાઠશાળામાં જ્ઞાન મેળવી છેલ્લા બાર વર્ષથી સરકાર હસ્તક ટ્રસ્ટના શ્રી ઘેલા સોમનાથ મહાદેવ મંદિરમા સેવાભાવ અને સહૃદયી અભિગમથી પૂજારી તરીકે ફરજ બજાવી રહ્યા છે.

હસમુખભાઈ જોશી, ભકિતભાવ પૂર્વક સેવા પૂજા આરતી કરી ભગવાન ભોળાનાથને દૈનિક વિવિધ સ્વરૂપના શણગાર કરી શ્રૃંગાર કરાવી રહ્યા છે, ભસ્મ આરતી સમયે ભગવાન શિવ અને પૂજારીને ભસ્મ ધારી જોવા પણ એક લ્હાવો બની રહે છે. ખ્યાતનામ મંદિરોના પૂજારીઓ અને દેશભરમાંથી આવતા શિવભક્તોમા સન્માન અને પ્રેમ મેળવી શક્યા છે. તેમના મો.નં.૭૦૧૬૧૮૪૦૦૮, ૯૫૮૬૦૯૫૭૨૮ ઉપર શિવભક્તો શુભેચ્છાની વર્ષા થઈ રહી છે.

# ભાણવડ 'હમારી રસોઇ હમારી જિમ્મેદારી' હેઠળ રસોઇ સ્પર્ધા યોજાઇ



**અબતક, મહેન્દ્ર કકકડ, દ્વારકા**

ભાણવડ કન્યા પ્રાથમિક શાળામાં ઓઈલ માર્કેટીંગ કંપનીઓ દ્વારા એલપીજી હેન્ડલીંગ અને સલામતી માટે જાગૃતિ લાવવા હમારી રસોઈ હમારી જિમ્મેદારી નો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં રસોઈ સ્પર્ધા યોજાઈ હતી. આ સ્પર્ધામાં ૧૮ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. ક્રિષ્નાબેન રાજાણી, પૂજાબેન વાછાણી, કિંજલબેન સોનારત વિજેતા થયા હતા. નિર્ણાયકો તરીકે હેતલબેન, રંજનબેન તથા મેરૂબેને સેવા આપી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા શાળાના આચાર્ય શંકરસિંહ બારીયા તથા મુરલીધર ભારત ગેસ એજન્સીના સ્ટાફે જહેમત ઉઠાવી હતી.

# માણાવદર: ધર્મેન્દ્ર પાટિલે અનસૂયા ગૌ-ધામને મારવાડી અશ્વની આપી ભેટ

## અશ્વની વાજતે-ગાજતે પૂજા-વીધી કરી શેઠ પરિવાર દ્વારા અશ્વના કરાયા હર્ષભેર વધામણા

**અબતક, જીજ્ઞેશ પટેલ, માણાવદર**



મૂળ માણાવદરના પણ મુંબઈમાં મોટો કારોબાર ધરાવતા શેઠ પરિવારના હિતેન શેઠ, હરેશ શેઠ અને શ્રીમતી મેઘના શેઠ વગેરેએ મુંબઈની ધીકતી કમાણીનો સદઉપયોગ કરી માણાવદરમાં અનસૂયા ગૌધામ નામના સંકુલની રચના પ્રયોગાત્મક અને વિવિધતા સાથે કરતા બે વર્ષમાં અહીં ઉછેરાતી અસલ નસલની ગિરગાયોના સંવર્ધનની જુદી જ તરેહથી ગુજરાતમાં જ નહિ વિશ્વમાં પણ તેમની ખ્યાતિ પ્રસરી ગઈ છે. બે વર્ષ દરમિયાન આ ગૌધામની મુલાકાતે ૨૦૦ કરતાયે વધારે પ્રભાવશાળી વ્યકિતઓ આવી છે ને ગૌધામની સરાહના કરી છે.

તેમાં વધુ એક છોગાના રંગનો ઉમેરો થયો છે. બારામતીના ધર્મેન્દ્રભાઈ પાટીલે ગૌશાળાની ખ્યાતિથી પ્રેરાઈને આ ગૌશાળાને ભેટ ધરવા બારામતીથી શ્યામ મારવાડી અશ્વને એમ્બ્યુલન્સમાં લાવી આ ગૌશાળાને જયારે પદાર્પણ કર્યા ત્યારે સૌ પ્રથમ ઘોડાના કપાળે કુમકુમ તિલક કરી તેની આરતી ઉતારવામાં આવી હતી. લોકોની ખાસી ભીડ જમા થઈ ગઈ હતી. ઢોલ નગારાના નાદે અશ્વનું સ્વાગત કરાયું હતુ. અશ્વપૂજાનું આ પ્રતીક ગણાય છે. હારતોરા સાથે અશ્વને માતાજીના દર્શન કરાવાયા હતા અને ઉમટેલી ભીડના લોકોને હિતેનભાઈ શેઠ થાબડી પેંડા વહેચી ખુશીમાં સામેલ કર્યા હતા.

# મહાકુંભમાં કરોડો લોકો જોડાવાની સંભાવનાને લઈ કંપનીઓ બ્રાન્ડીંગ પાછળ રૂ. ૩૦૦૦ કરોડ ખર્ચશે

## ૧૩ જાન્યુઆરીથી યોજાનારા મહાકુંભમાં ૪૦ કરોડ લોકો હાજર રહેવાની ધારણા



**અબતક, પ્રયાગરાજ**

મહાકુંભ મેળોએ પવિત્ર અને સૌથી મોટા મેળાવડા તરીકે ગણવામાં આવે છે. પ્રયાગરાજમાં ૧૩ જાન્યુઆરીથી યોજાનારા મહાકુંભમાં ૪૦ કરોડ લોકો હાજર રહે તેવી અપેક્ષા છે. ત્યારે ભારતીય કંપનીઓ પ્રયાગરાજમાં યોજાનાર મહાકુંભમાં બ્રાન્ડિંગ અને માર્કેટિંગ પર ₹૩,૦૦૦ કરોડ ખર્ચવા તૈયાર છે, આ મેળામાં અંદાજીત ૪૦ કરોડ લોકોનું મહેરામણ ઉમટશે જેના કારણે વપરાશની બહોળી તકો હોવાથી કંપનીઓ આકર્ષાઈ છે. વિવિધ ક્ષેત્રોની મુખ્ય બ્રાન્ડ્સ તેમની ચાહના વધારવા અને વધુ લોકો સુધી પહોંચવા માટે આ તકને ઝડપી લેવા તત્પર છે.ક્રાયોન એડવર્ટાઈઝિંગના વાઈસ પ્રેસિડેન્ટ રાજ મોહંતીએ જણાવ્યું હતું કે અમારા ફોન પર સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય બંને કંપનીઓના પ્રશ્નોને લઈ સતત ફોન કોલ આવે છે. એફએમસીજી, ફાર્મા, ઓછા ખર્ચે મોબિલિટી પ્રોવાઈડર્સ, ઈવી અને યુપીઆઈ ગેટવેઝ દ્વારા વધુ રસ દાખવવામાં આવ્યો છે, જેણે મહાકુંભમાં જાહેરાત કરવા માટેના અધિકારો મેળવ્યા છે. મોહંતીએ કહ્યું, ‘‘આ વિશ્વમાં સૌથી મોટો ધાર્મિક મેળાવડો હોવાથી, બ્રાન્ડ્સ મહત્તમ આકર્ષણ મેળવવાનો પ્રયાસ કરી રહી છે.‘‘એચયુએલ, કોકા-કોલા, આઈટિસી, બિસ્લેરી, પર્લ, ડાબર , પેય ટીએમ અને ઈમામી તેમજ મોબિલિટી પ્લેયર્સ અને ઈવી કંપનીઓ ઈવેન્ટમાં રસ ધરાવનારી કંપનીઆ છે.આ ઉપરાંત આ મેળાની અન્ય યોજનાઓમાં ચેન્જિંગ રૂમની અંદર હેર ડ્રાયર્સ અને પેમ્પરિંગ ઝોનની સ્થાપના, રોગપ્રતિકારક શક્તિ વધારવાના શોટ્સ, બેબી કેર રૂમ, લાઈફ-સાઈઝ અમૃત કલશ ઈન્સ્ટોલેશન અને યાત્રાળુઓ માટે પવિત્ર જળ વહન કરવા માટે કમંડલ આકારના પેક બનાવવાનો સમાવેશ થાય છે. આ સાથે આંતરરાષ્ટ્રીય મુલાકાતીઓને પોતાની વસ્તુઓન અનુભવ કરાવી બેવડી તકનો લાભ લેવાનું લક્ષ્ય ધરાવે છે.નવરત્ન થેરાપ્યુટિક ઓઈલ અને બોરોપ્લસ એન્ટિસેપ્ટિક સ્કિન-કેર પ્રોડક્ટ્સ બનાવતી ઈમામીના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, કુંભ મેળો માસ બ્રાન્ડ્સ માટે શ્રેષ્ઠ પ્લેટફોર્મ પૈકી એક છે. મંગલદીપ ધૂપ, બિન્ગો ચિપ્સ અને યિપ્પી નૂડલ્સ સહિત આઈટીસીની બ્રાન્ડ્સ, કુંભ માટે ઓન-ગ્રાઉન્ડ એક્ટિવ રહેશે. કંપનીઓએ એમ પણ જણાવ્યું હતું કે તેઓ ઈવેન્ટમાં લોજિસ્ટિકલ પડકારોને નેવિગેટ કરવા માટે યોજનાઓ બનાવી રહ્યા છે. તેમજ પાર્ક પ્લસના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર અમિત લખોટિયાએ જણાવ્યું હતું કે આ સ્કેલના તહેવારમાં પાર્કિંગ માટે રોકડનો ઉપયોગ ઘણી અરાજકતા તરફ દોરી જાય છે. અમે તહેવાર દરમિયાન ૨૫ લાખ વાહનોની અપેક્ષા રાખીએ છીએ. અમે ફાસ્ટેગ સાથે જોડાયેલા પાર્કિંગના સોલ્યુશન્સ પુરા પાડીશું.આ ઉપરાંત, અમે ઈવિ માલિકોની સરળતા માટે કેટલાક ઈલેક્ટ્રિક વાહન ચાર્જિંગ સ્ટેશનો સ્થાપવાનું વિચારી રહ્યા છીએ, લખોટિયાએ ઉમેર્યું.

# ઉપલેટામાં મહિલા વ્યાજખોરની આચાર્ય પાસે પઠાણી ઉઘરાણી

## રૂ. ૭૦ હજાર ત્રણ ટકા વ્યાજે આપી અઢી લાખ પડાવી લીધા બાદ વધુ પૈસાની માંગ કરી ફડાકા ઝીંકી દીધા

**અબતક, રાજકોટ**

ઉપલેટામાં પુરુષ સમોવડી મહિલા વ્યાજખોરના આતંકનો કિસ્સો સામે આવ્યો છે. મહિલા વ્યાજખોરે ખાનગી શાળાના આચાર્યને રૂ. ૭૦ હજાર ત્રણ ટકા વ્યાજે આપ્યા બાદ અઢી લાખ ઉઘરાવી લીધા છતાં વધુ નાણાંની પઠાણી ઉઘરાણી કરી શારીરિક માનસિક ત્રાસ આપ્યાની રાવ ઉઠી છે. પૈસાની ઉઘરાણી કરવા શાળાએ ધસી જઈ મહિલા વ્યાજખોરે આચાર્યને સરાજાહેર ફડાકા ઝીંકી દીધાનો બનાવ સામે આવતા ઉપલેટા પોલીસે મની લેન્ડિંગ એક્ટ હેઠળ વ્યાજખોર મહિલા રાણીબેન ઉટડીયા વિરુદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. ઉપલેટાના ભક્તિધામ સોસાયટીમાં રહેતા અને ખાનગી શાળામાં આચાર્ય તરીકે ફરજ બજાવતા જગદીશભાઈ હાજાભાઈ વસરા(ઉ.વ.૪૨)એ નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યું છે કે, આજથી બે વર્ષ પહેલા મારે પૈસાની જરૂર હોય જેથી વિજળી રોડ પર ખોડીયાર ફાઈનાન્સ નામે ઓફીસ ખાતે રાણીબેન ઉટડીયા પાસે ગયો હતો. મે તેમણે કહેલ કે, મારે રૂ.૭૦,૦૦૦ જોઈએ છે જેથી આ રાણીબેને મને કહેલ કે ત્રણ ટકા વ્યાજ થાશે. જેથી મે હાં પાડતા મારી પાસેથી કોરો ચેક લઈ રાણીબેન ગોગનભાઈ ઉટડીયાએ મને રૂ. ૭૦,૦૦૦ આપ્યા હતા.

ફરિયાદીએ જણાવ્યું છે કે, ત્રણેક મહીના ત્રણ ટકા વ્યાજ ભરેલ બાદ પૈસાની વ્યવસ્થા નહિ થતા વ્યાજ ભરવામા મોડુ થાય એટલે રાણીબેન મારી પર પેનલ્ટી ગણી વ્યાજ ભરાવતા હતા અને તેમ કરતા કરતા તેણે મારી પાસેથી દસ ટકા વ્યાજ લેવાનુ શરુ કરેલ હતું. રાણીબેન ઉટડીયાને મે મુદ્દલ તથા વ્યાજ સહીત કટકે કટકે અઢી લાખ રૂપીયા ચુકવેલ હતા. ત્યારબાદ મારી પાસે રૂપીયાની સગવડ થતી ન હોય જેથી હું વ્યાજના હપ્તા ભરી શકેલ નહી. જેથી અવાર નવાર રાણીબેન ઉટડીયા ફોનમાં તથા રૂબરૂ મળતા ત્યારે મને કહેતા કે તારે જે કરવું હોય તે કર તારે અમારા વ્યાજના રૂપિયા તો આપવા જ પડશે પરંતુ હું તેમને રૂપીયા અને વ્યાજ આપી શકુ તેમ ન હોય અને મે આ રાણીબેન ઉટડીયાને જણાવેલ કે હું તમને વ્યાજના રૂપિયા થોડા દિવસમાં મેળ કરીને આપી દઈશ તો પણ તેઓ મારી પાસેથી વ્યાજની ઉઘરાણી કરી સતામણી કરતા હતા.

ગત તા.૦૩/૧૨/૨૦૨૪ ના રોજ સવારના આશરે અગીયારથી સાડા અગીયારેક વાગ્યાની વચ્ચે હુ મારી સ્કુલે હતો ત્યારે આ રાણીબેન ઉટડીયા ત્યા આવેલ અને મને સ્કુલની બહાર બોલાવી અને મારી પાસે રૂપીયા ૩૦,૦૦૦ની માંગણી કરી હતી જેથી મેં કહેલ કે તમને રૂપીયા આપી દિધેલ છે અને હવે તમારા જે પૈસા નીકળતા હોય તેનો હીસાબ કરી થાય તેટલા રૂપીયા હુ તમને આપીશ તેમ કહેતા આ રાણીબેન એકદમ ઉશ્કેરાઈ ગયેલ અને મને ડાબા ગાલ પર એક લાફો મારેલ હતો. તેવામા ત્યા પરબતભાઈ મેણશીભાઈ ચંદ્રવાડીયા ત્યા હાજર હોય તે આવી જતા વચ્ચે પડી મને બચાવ્યો હતો. જેથી રાણીબેને મને જાનથી મારી નાખવાની ધમકી આપી પૈસા તો આપવા જ પડશે તેમ કહી ત્યાંથી જતાં રહ્યા હતા.

# હૈદરાબાદ, છત્તીસગઢ અને મહારાષ્ટ્રમાં ભૂકંપના આંચકા : ૫.૩ની તિવ્રતા

## જાનહાનિ અથવા મોટા નુકસાનના કોઈ અહેવાલો નહીં: નિષ્ણાતોએ ભૂકંપ દરમિયાન રહેવાસીઓને સાવચેત રહેવા અને ભીડવાળા અથવા અસુરક્ષિત માળખાથી દુર રહેવાની સલાહ આપી

### ભૂકંપ સવારે ૭.૨૭ કલાકે અનુભવાયો કેન્દ્રબિંદુ જમીનથી ૪૦ કિલોમીટર ઊંડાઈએ નોંધાયું

**અબતક, નવી દિલ્હી**

ભારતની ધરતી આજે ભૂકંપ ના આંચકાથી ધ્રૂજી ઉઠી હતી. આજે ૩ રાજ્યોમાં ભૂકંપ આવ્યો. જોરદાર આંચકાથી લોકોમાં ગભરાટ ફેલાઈ ગયો હતો. સવારે સાડા સાત વાગ્યે ભૂકંપના આંચકા આવતા લોકો ઘરની બહાર નીકળી ગયા હતા. ત્રણેય રાજ્યોમાં આવેલા ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૫.૩ માપવામાં આવી હતી. તેલંગાણા, હૈદરાબાદ અને છત્તીસગઢમાં ભૂકંપ આવ્યો હતો.જો કે ભૂકંપના કારણે કોઈ જાન-માલના નુકસાનના સમાચાર નથી, પરંતુ દિવસની શરૂઆત કરનારા લોકોએ એવા જોરદાર આંચકા અનુભવ્યા કે તેઓ ઘરની બહાર નીકળી ગયા. લોકોએ તેમના ઘરના દરવાજા અને બારી ધ્રૂજતા જોયા. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજીએ ભૂકંપની પુષ્ટિ કરી છે અને દેશવાસીઓને સતર્ક રહેવાની સલાહ પણ આપી છે. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી અનુસાર તેલંગાણાના મુલુગુ જિલ્લામાં સવારે ૫.૩ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. રાજધાની હૈદરાબાદમાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ભૂકંપ સવારે ૭.૨૭ કલાકે આવ્યો હતો. તેનું કેન્દ્ર જમીનથી ૪૦ કિલોમીટર ઊંડાઈએ હતું. બુધવારે સવારે લગભગ ૭.૩૦ વાગ્યે તેલંગાણાના મુલુગ જિલ્લામાં ભૂકંપ આવ્યો હતો. તેલંગાણાથી ૧૧ કિમી દૂર હૈદરાબાદમાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા હતા. તેલંગાણા ઉપરાંત છત્તીસગઢમાં પણ ભૂકંપ આવ્યો હતો. બંને રાજ્યોમાં ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૫.૩ માપવામાં આવી હતી. છત્તીસગઢના બીજાપુરના ચારેય બ્લોકમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ભૂકંપની અસર બસ્તર વિભાગના ઘણા વિસ્તારોમાં પણ જોવા મળી હતી.આજે ૪ ડિસેમ્બરે સવારે ભારતમાં ભૂકંપ આવ્યો હતો. આ પહેલા છેલ્લા ૨૪ કલાકમાં વિશ્વના વધુ ૩ દેશોમાં ભૂકંપના આંચકા આવ્યા છે. આજે સવારે જ ઉત્તર ફિલિપાઈન્સમાં ભૂકંપ આવ્યો હતો, જેની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૫.૬ માપવામાં આવી હતી. અગાઉ આફ્રિકાના દક્ષિણ-પશ્ચિમમાં ભૂકંપ આવ્યો હતો, જેની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૪.૯ માપવામાં આવી હતી. અગાઉ ગુઆમ દેશમાં ભૂકંપ આવ્યા હતા, જેની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૫ માપવામાં આવી હતી. ભૂકંપની અસરથી ફિલિપાઈન્સમાં ઈમારતો અને મકાનોને નુકસાન થયું છે. બાકીના બે દેશોમાં ભૂકંપના કારણે કોઈ જાન-માલના નુકસાનના સમાચાર નથી.

### તેલંગાણામાં છેલ્લા ૨૦ વર્ષનો સૌથી ભયાનક ભૂકંપ

તેલંગાણા ભાગ્યે જ ભૂકંપ અનુભવાય છે, જે આ પ્રદેશમાં ભૂકંપ આવવો એક દુર્લભ ઘટના છે. યુઝર તેલંગાણા વેધરમેને જણાવ્યું કે, છેલ્લા ૨૦ વર્ષમાં પ્રથમ વખત, તેલંગાણામાં સૌથી પ્રબળ પૈકીનો એક, ૫.૩ તીવ્રતાનો ભૂકંપ આજે મુલુગુ ખાતે આવ્યો હતો.

# જીપીએસના ભરોસે ચાલવું ભારે પડી જશે ? વધુ એક દુર્ઘટનામાં પુલ ઉપરથી કાર ખાબકી

## સદભાગ્યે જાનહાનિ ટળી: જીપીએસની સાથે રસ્તા અંગે તપાસ કરવી અને સ્થાનિકોને પૂછવું સલાહભર્યું

**અબતક, રાજકોટ**

જીપીએસ સિસ્ટમ પર વધુ પડતી નિર્ભરતા ખરેખર ચિંતાનો વિષય છે. થોડા દિવસ પહેલા જીપીએસના આધારે ચાલી રહેલા કાર સાથે દુર્ઘટના બની હતી. જેમાં ત્રણ મુસાફરોના મોત નીપજ્યા હતા. ત્યારે ફરી એક વાર ઉત્તર પ્રદેશના બરકાપુર ગામ પાસે બરેલી-પીલીભીત રાજ્ય ધોરીમાર્ગ પર કાર નહેરમાં ખાબકી હતી. સદભાગ્યે કારમાં સવાર ત્રણ યાત્રિક બચી ગયા હતા. આ ઘટના પણ જીપીએસ નિર્દેશોને અનુસરીને બની



હતી. બરેલી-પીલીભીત રાજ્ય ધોરીમાર્ગ પર બનેલી આ ઘટનાએ ફરી એકવાર જીપીએસ નેવિગેશન સિસ્ટમ પર વધુ પડતી નિર્ભરતા અંગે ચિંતા ઊભી કરી છે. ઔરૈયાથી દિવ્યાંશુ સિંહ દ્વારા ચલાવવામાં આવતી સેડાન કાર પીલીભીત તરફ જઈ રહી હતી જ્યારે તે કાલાપુર નહેર પાસેના રસ્તાના ધોવાણવાળા ભાગમાં પહોંચી ગઈ હતી. પોલીસે પુષ્ટિ કરી છે કે તેઓ ગૂગલ મેપ્સના નિર્દેશોનું પાલન કરી રહ્યા હતા. જો કે, આ ઘટના માટે માત્ર નેવિગેશન જ જવાબદાર હતું તેની પુષ્ટિ કરી શકાતી નથી.

સદનસીબે ત્રણેય મુસાફરો કોઈ પણ પ્રકારની ઈજા વિના સલામત રીતે બહાર નીકળવામાં સફળ રહ્યા હતા. સ્થાનિક રહેવાસીઓએ તરત જ અધિકારીઓને જાણ કરી, અને કટોકટીની સેવાઓ સમયસર પહોંચી ગઈ અને ક્રેનનો ઉપયોગ કરીને કારને બહાર કાઢવામાં આવી હતી. આ તાજેતરની ઘટનાઓ દર્શાવે છે કે આપણે સાવચેત રહેવાની જરૂર છે. આવા કિસ્સાઓમાં, ડ્રાઈવરો ખરેખર દોષિત નથી કારણ કે તેઓ ફક્ત દિશાઓનું પાલન કરી રહ્યાં છે. પરંતુ રસ્તાની સ્થિતિ વિશે બે વાર તપાસીને અથવા સ્થાનિકોને રસ્તો પૂછીને વધુ સાવચેતી રાખવા સલાહભર્યું છે. નેવિગેશનનો એક સાધન તરીકે ઉપયોગ કરવો મહત્વપૂર્ણ છે, પરંતુ અણધાર્યા જોખમો અંગે સાવધાન રહેવું જરુરી છે.

# ૨૦૦ જેટલા દેશોમાંથી ૭૨ હજાર છાત્રો ભારતમાં અભ્યાસ અર્થે આવ્યા

## કેન્દ્ર સરકારે ઓગસ્ટ ૨૦૨૩માં સ્ટડી ઈન ઈન્ડિયા પોર્ટલ શરૂ કર્યું, જે વિદેશી વિદ્યાર્થીઓ માટે પ્રવેશ અને વિઝા માટે અરજી કરવા માટેનું મહત્વનું પ્લેટફોર્મ બન્યું

**અબતક, નવી દિલ્હી**

ભારતીય શિક્ષણના આંતરરાષ્ટ્રીયકરણ તરફની મુખ્ય પહેલ, સ્ટડી ઈન ઈન્ડિયા પોર્ટલને શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ માટે ૨૦૦ દેશોમાંથી રેકોર્ડ ૭૨,૨૧૮ વિદ્યાર્થીઓ પ્રાપ્ત થયા છે. ૨૦૧૪-૧૫ માં શરૂ થયેલી સંખ્યામાં નોંધપાત્ર ઉછાળા પછી, કોવિડને કારણે નોંધપાત્ર ઘટાડો થયો, સરકારના નવેસરથી બહુ-પાંખીય પ્રયાસોએ આ વર્ષે તેની અસર થઈ હોય અને રેકોર્ડબ્રેક વિદ્યાર્થીઓ અભ્યાસ અર્થે ભારત આવ્યા છે. ૨૦૧૧-૧૨માં ભારતમાં વિદેશી વિદ્યાર્થીઓની સંખ્યા ૧૬,૪૧૦ હતી, જે ૨૦૧૪-૧૫માં વધીને ૩૪,૭૭૪ થઈ ગઈ છે. ૨૦૧૬-૧૭માં, તે ૪૭,૫૭૫ થઈ અને ૨૦૧૯-૨૦માં, પ્રી-કોવિડ સંખ્યા ૪૯,૦૦૦ થી વધુ હતી. જો કે, સરકારી સૂત્રોના જણાવ્યા અનુસાર, કોવિડ-૧૯ દરમિયાન અને રોગચાળા પછી, સંખ્યા ઘટીને ૨૦૧૪-૧૫ની આસપાસ થઈ ગઈ હતી. ૨૦૧૮ માં શિક્ષણ મંત્રાલય દ્વારા ફ્લેગશિપ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો જેમાં સ્ટડી ઈન ઈન્ડિયા પ્રોગ્રામે ભારતને આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ માટે એક મુખ્ય શિક્ષણ કેન્દ્ર તરીકે પ્રોજેક્ટ કરવાનો પ્રયાસ કર્યો હતો. ‘‘કોવિડની વિશ્વભરના શિક્ષણ પર તેની મોટી અસર પડી હતી. ભારત પર તેની અસર અલગ નહોતી.‘‘ ત્યારબાદ, કેન્દ્રએ ઓગસ્ટ ૨૦૨૩માં સ્ટડી ઈન ઈન્ડિયા પોર્ટલ શરૂ કર્યું, જે વિદેશી વિદ્યાર્થીઓ માટે પ્રવેશ અને વિઝા માટે અરજી કરવા માટેનું કેન્દ્રિય પ્લેટફોર્મ બન્યું છે.

# હવે બેંક ખાતામાં ચાર લોકો સુધી નોમિની નીમી શકાશે

## લોકસભામાં મંજૂર બેન્કિંગ કાયદા પબ્લિક સેક્ટર બેન્કિંગ વ્યવસ્થા સુદ્રઢ અને સલામત બનાવશે

**અબતક, રાજકોટ**



લોકસભાના સત્રમાં રજૂ થનારા મહત્વના મુસદા એકી એક બેન્કિંગ કાયદો ગઈકાલે રજૂ થયો હતો હવે બેંકના ખાતામાં ચાર લોકો ને નોમીની તરીકે નિમવાનો રસ્તો આસાન થયો છે નાણામંત્રી નિર્મલા સીતારામ અને જણાવ્યું હતું કે નવા કાયદાથી જાહેર ક્ષેત્રની બેંકો સલામત સ્થિર અને અસરકારક કામગીરી માટે સશક્ત બનશે તમામ બેન્કોમાં ચાર જેટલા નોમીની નિમવાની છૂટ અપાશે આ નિર્ણય એટલા માટે લેવામાં આવ્યું છે કે ખાતાધારકના અનુગામી અથવા એફડી ધરાવતી કોઈ વ્યક્તિ લોક આઉટ ન થઈ જાય જેમ કે ઘણીવાર બને છે હવે એકથી વધુ રોમીની ની ચોક્કસ ટકાવારી અને ક્રમિક નોમીની સવલત મળશે આ કાયદાથી ડિરેક્ટર શિપ માટે વ્યાજમાં વર્તમાન પાંચ લાખની મર્યાદા ના બદલે બે કરોડ રૂપિયા થઈ શકે છે, નાણામંત્રીએ ચર્ચા દરમિયાન જણાવ્યું હતું કે, માર્ચ ૨૦૧૫માં ૧.૨લાખની સરખામણીમાં સપ્ટેમ્બરના અંતે શિડ્યુલ્ડ કોમર્શિયલ બેંકની શાખાઓની સંખ્યા વધીને ૧.૬લાખ થઈ ગઈ છે, જેમાં સપ્ટેમ્બર ૨૩ થી ૩,૭૯૨શાખાઓ ઉમેરવામાં આવી છે.

આ બિલ પર વિપક્ષની ટીકા થઈ હતીને પણ આમંત્રણ આપ્યું છે. ટી એમ સી સાંસદ કલ્યાણ બેનર્જીએ આક્ષેપ કર્યો હતો કે આ બિલ સંભવિત રીતે સરકારી હિસ્સો ઘટાડીને ‘‘જાહેર ક્ષેત્રની બેંકોના ખાનગીકરણ તરફનું છે

# ગુમસુદા કોમેડિયન સુનિલ પાલની ભાળ મળી!

## મુંબઈ બહાર શો કરવા ગયા બાદ અચાનક પરિવાર સાથે સંપર્ક તૂટી જતા પરિવારે સુનિલ ગુમ થયાની પોલીસમાં ફરિયાદ નોંધાવી ‘તી

**અબતક રાજકોટ**

બોલીવુડના જાણીતા અને કોમેડિયન શો થી લોકોના દિલ પર રાજ કરતા હાસ્ય કલાકાર સુનિલ પાલ ગઈકાલે એકશો પછી કલાકો સુધી ગુમ રહેતા પરિવારે પોલીસને આ અંગે જાણ કરી હતી અને કલાકો બાદ સુનિલ પાલ હેમખેમ મળી આવતા પરિવારની સાથે સાથે તેની ભાળ મેળવવા કામે લાગેલા પોલીસે રાહતનો દમ લીધો હતો,સ્ટેજ ઉપર લોકોને હસાવી આનંદ કરાવતા સુનિલ પાલના પરિવાર પર ગઈકાલે ગંમગીની ના વાદળો છવાઈ ગયા હતાકોમેડિયન અભિનેતા સુનીલ પાલ ઘણા કલાકો સુધી ગુમ રહેતા તેની પત્નીએ મુંબઈના સાંતાક્રુઝ પોલીસ સ્ટેશનમાં ગુમ થવાની ફરિયાદ નોંધાવી હતી. સુનીલ મુંબઈની બહાર એક શો માટે ગયો હતો અને તેણે તેની પત્નીને જાણ કરી હતી કે તે મંગળવારે ઘરે પરત ફરશે પરંતુ અચાનક સંપર્ક તૂટી ગયો હતો અને પરિવારે ચિંતાગ્રસ્ત થઈને પોલીસનો સંપર્ક કર્યો હતો સુનિલ પાલ નો સંપર્ક તૂટી જતા પરિવારે સાન્તાક્રુઝ પોલીસ સ્ટેશનને ફરિયાદ નોંધાવી હતી પોલીસે તાત્કાલિક તપાસ કરીને સુનીલ પાલ ને શોધી



કાઢ્યો હતો સુનિલ પાલની ભાળ મળી જતા પરિવારે પોલીસનો આભાર માની જળવ્યું હતું કે પરિવાર પર આવી પડેલી આ આફત જેવી પરિસ્થિતિમાં પોલીસ તેમના સાચા સાથી બનીને મદદે આવ્યા હતા૨૦૦૫માં ધ ગ્રેટ ઈન્ડિયન લાફ્ટર ચેલેન્જ જીત્યા બાદ સુનીલ પાલ પ્રસિદ્ધિ થયો હતો. તેની સફળ સ્ટેન્ડ-અપ કોમેડી કારકિર્દી ઉપરાંત, તે હમ તુમ (૨૦૦૪) અને ફિર હેરા ફેરી (૨૦૦૬) જેવી બોલિવૂડ ફિલ્મોમાં સહાયક ભૂમિકા કરી હતી. તેની બહુમુખી પ્રતિભાનું પ્રદર્શન. કરનાર સુનીલ પાલ બોલિવૂડમાં ઘણા જાણીતા કોમેડિયનની ખુલ્લેઆમ ટીકા કરવા માટે જાણીતા છે, જેમાં કપિલ શર્મા, સુનીલ ગ્રોવર, તન્મય ભટ અને રોહન જોશીનો સમાવેશ થાય છે.

# ઉર્વિલ પટેલની વધુ એક સદી સાથે ગુજરાતનો સળંગ પાંચમો વિજય

## ગુજરાતે ઉત્તરાખંડ સામે આઠ વિકેટે શાનદાર વિજય હાંસલ કર્યો: કાલે કર્ણાટક સામે મુકાબલો

**અબતક, રાજકોટ**

ગુજરાતના આક્રમક બેટ્સમેન ઉર્વિલ પટેલે મંગળવારે સૈયદ મુસ્તાક અલી ટી૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટમાં વધુ એક ઝંઝાવાતી સદી ફટકારી હતી જેની મદદથી ગુજરાતે વર્તમાન સિઝનમાં તેની વિજયકૂચ જાળવી રાખીને ઉત્તરાખંડ સામે આઠ વિકેટે શાનદાર વિજય હાંસલ કર્યો હતો. ઉર્વિલ પટેલને મેન ઓફ ધ મેચ જાહેર કરાયો હતો. આ સાથે ગુજરાતે વર્તમાન સિઝનમાં સળંગ પાંચમો વિજય હાંસલ કર્યો હતો અને તે પોઈન્ટ ટેબલમાં ૨૦ પોઈન્ટ સાથે બીજા ક્રમે છે. પ્રથમ ક્રમે રહેલી સૌરાષ્ટ્રની ટીમ પણ ૨૦ પોઈન્ટ ધરાવે છે. ઈન્દોરમાં એમેરાલ્ડ હાઈટ્સ ઈન્ટરનેશનલ સ્કૂલ ગ્રાઉન્ડ ખાતે રમાયેલી સૈયદ મુસ્તાક અલી ટી૨૦ ટુર્નામેન્ટની મેચમાં ગુજરાતે ટોસ જીતીને હરીફ ટીમને પ્રથમ બેટિંગ કરવાનું આમંત્રણ આપ્યું હતું. ઉત્તરાખંડે તેની ૨૦ ઓવરમાં સાત વિકેટે ૧૮૨ રનનો સ્કોર નોંધાવ્યો હતો જેના જવાબમાં ઉર્વિલની સદીની મદદથી ગુજરાતે માત્ર ૧૩.૧ ઓવરમાં બે વિકેટ ગુમાવીને ટારગેટ વટાવી દીધો હતો.ઉત્તરાખંડ માટે



આ સિઝનમાં રમતાં આર. સમર્થ અને આદિત્ય તરેએ ૫૪-૫૪ રન ફટકાર્યા હતા જેમાં આદિત્ય વધારે ઝડપી રહ્યો હતો. તેણે માત્ર ૨૬ બોલમાં બે ચોગ્ગા અને પાંચ સિક્સર સાથે રન ફટકાર્યા હતા. આ ઉપરાંત કુણાલ ચંદેલાએ ૨૭ બોલમાં ચાર સિક્સર સાથે ૪૩ રન ફટકાર્યા હતા. ગુજરાતનો વિશાલ જયસ્વાલ સૌથી સફળ બોલર રહ્યો હતો. તેણે ચાર ઓવરમાં ૨૭ રન આપીને ચાર વિકેટ ઝડપી હતી. ૧૮૩ રનના ટારગેટ સામે રમતમાં ગુજરાત માટે ઉર્વિલ પટેલે ઝંઝાવાત સર્જ્યો હતો. આ જ ટુર્નામેન્ટમાં અગાઉ વિક્રમી સદી ફટકારનારા ઉર્વિલે મંગળવારે ૪૧ બોલમાં ૧૧ સિક્સર સાથે અણનમ ૧૧૫ રન ફટકાર્યા હતા. ઓપનર આર્ય દેસાઈએ ૧૩ બોલમાં ચારચોગ્ગા સાથે ૨૩ અને કેપ્ટન અક્ષર પટેલે ૧૮ બોલમાં બે સિક્સર સાથે અણનમ ૨૮ રન ફટકાર્યા હતા. આ સાથે ગુજરાતે સળંગ પાંચ વિજય સાથે ૨૦ પોઈન્ટ હાંસલ કરીને નોકઆઉટમાં પોતાનો પ્રવેશ લગભગ નિશ્ચિત કરી દીધો છે. ગુજરાત હવે તેની આગામી મેચમાં પાંચમી ડિસેમ્બરે કર્ણાટક સામે રમશે.

# બોર્ડર-ગાવસ્કર ટ્રોફીની બીજી ટેસ્ટ રમવા વોશિંગ્ટન સુંદર તૈયાર

## ટીમ ઈન્ડિયાએ પ્રાઈમ મિનિસ્ટર ઈલેવનને ૬ વિકેટે હરાવ્યું હતું, હવે શ્રેણીની બીજી મેચ શુક્રવારથી એડિલેડમાં રમાશે

**અબતક, એડિલેડ**

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે બોર્ડર ગાવસ્કર ટ્રોફી રમાઈ રહી છે. આ સિરીઝની પહેલી ટેસ્ટ મેચ પર્થમાં રમાઈ હતી જે ભારતે ૨૯૫ રનથી જીતી હતી. ત્યારે હવે આ સિરીઝની બીજી ટેસ્ટ મેચ શુક્રવારથી શરૂ થશે.બીજી ટેસ્ટમાં પણ વોશિંગટન સુંદર રમશે તે લગભગ નિશ્ચિત છે.જો કે, પહેલી ટેસ્ટ મેચમાં અંગત કારણોસર રોહિત શર્મા અને શુભમન ગિલ ઈજાના કારણે રમી શક્યા નહોતા. પરંતુ, બીજી ટેસ્ટમાં બંને ખેલાડી વાપસી કરી શકે છે. ટેસ્ટ શ્રેણીની પ્રથમ મેચમાં કેપ્ટન રોહિત શર્મા રમ્યો ન હતો. તે સમયે તે મુંબઈમાં હતો. પરંતુ હવે તેણે વાપસી કરી છે. રોહિતનો પણ પ્લેઈંગ ઈલેવનમાં સમાવેશ કરવામાં આવશે. રોહિતની સાથે ગિલ પણ વાપસી કરશે. ઈજાના કારણે શુભમન પ્રથમ ટેસ્ટ રમી શક્યો ન હતો. ગિલે વોર્મ-



અપ મેચમાં ૫૦ રનની ઈનિંગ રમી હતી. આ દરમિયાન ૭ ચોગ્ગા ફટકાર્યા હતા. સુંદરનું કીવી સામે પણ ખુબ જ સારુ પ્રદશન રહ્યું હતું અને એડિલેડની પીચ પર વોશિંગટનને ખાસ મદદ મળશે કેમ કે પીચમાં સ્પિન જોવા મળશે. ભારત માટે યશસ્વી જયસ્વાલ, રોહિત શર્મા (કેપ્ટન), શુભમન ગિલ, વિરાટ કોહલી, ઋષભ પંત (વિકેટકીપર), કેએલ રાહુલ, નીતિશ રેડ્ડી, વોશિંગ્ટન સુંદર, હર્ષિત રાણા, જસપ્રીત બુમરાહ, મોહમ્મદ સિરાજ બીજી ટેસ્ટની સંભવિત ટિમ છે.

# હાલાર પંથકમાં વીજ તંત્રના વ્યાપક દરોડા રૂ.૬૪.૫૦ લાખની વીજચોરી પકડાઈ



## બે દિવસમાં ૧ કરોડ ૨૨ લાખથી વધુની વીજ ચોરી પકડી લેવાઈ

**અબતક ,જામનગર**

જામનગર શહેર લાલપુર તેમજ જામજોધપુર પંથકમાંથી સોમવારે વીજ તંત્ર દ્વારા ફરીથી વીજ ચેકિંગની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી, અને ૩૯ વિજ ચેકીંગ ટુકડીઓને દોડતી કરાવાઈ હતી. જે ચેકિંગ દરમિયાન ૯૨ વિજ જોડાણમાંથી રૂપિયા ૫૭.૬૨ લાખ વીજ ચોરી પકડી લેવાયા બાદ ગઈકાલે મંગળવારે જામનગર તાલુકા ના કેટલાક વિસ્તાર અને કલ્યાણપુર પંથક માંથી વધુ ૬૪.૫૦ લાખની વિજ ચોરી ઝડપી લેતાં બે દિવસમાં જ વીજ ચોરીનો કુલ આંક ૧ કરોડ ૨૨ લાખને પાર પહોંચ્યો છે.

જામનગર પીજીવીસીએલ વર્તુળ કચેરી ની ચેકિંગ ડ્રાઈવ દ્વારા ગઈકાલે મંગળવારે સવારે સતત બીજા દિવસે વિજ ચેકિંગ ચાલુ રખાયું હતું, અને જામનગર તાલુકાના સિક્કા, ઝાખર, સીંગચ, જોગવડ, મેઘપરઝ દરેડઝ દડીયા સહિતના જામનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તારો ઉપરાંત કલ્યાણપુર તાલુકાના ગઢકા, રાવલ, ભાટિયા સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં પણ ચેકિંગની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.કુલ ૩૮ જેટલી વિજ ચેકિંગ ટુકડીને વહેલી સવારથી દોડતી કરવામાં આવી હતી, જેના માટે ૦૯ નિવૃત આર્મી મેન અને ૨૭ લોકલ પોલીસમેંનને મદદમાં જોડવામાં આવ્યા હતા.

સમગ્ર દિવસ દરમિયાન કુલ ૪૧૩ વીજ જોડાણ ચેક કરવામાં આવ્યા હતા. જે પૈકી ૭૯ વિજ જોડાણમાંથી ગેરરીતી મળી આવી છે, અને તેઓને રૂપિયા ૬૪.૫૦ લાખના વિજચોરીના પુરવણી બિલો અપાયા છે.

વીજ તંત્ર દ્વારા માત્ર બે દિવસ દરમિયાન ૧ કરોડ ૨૨ લાખ થી પણ વધુની વિજ ચોરી ઝડપી લેવામાં આવી છે.

# હાલારી રાસમાં આહીરાણીઓનો પરંપરાગત પોશાકમાં "માભો"

## વૈષ્ણવ ભાઈઓ બહેનોએ હાલારી રાસમાં જોડાઈને લીધો લાભ

**અબતક ,જામનગર**

જામનગરમાં શ્રીવલ્લભરાયજી મહોદયના જયેષ્ઠ આત્મજ રસાર્દ્રરાયજીના શુભવિવાહ પ્રસ્તાવ પ્રસંગોની શરૂઆત પહેલા શુભ વિવાહ પ્રસ્તાવના ઉપલક્ષમાં સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાઈ રહ્યા છે ત્યારે શુભ લગ્ન પ્રસ્તાવ સ્થળે હાલારી રાસનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ખૂબ મોટી સંખ્યામાં વૈષ્ણવો રાસમાં જોડાયા હતા અને હાલારી રાસ કર્યો હતો. આ



ઉપરાંત આહીરાણીઓએ પણ પોતાના પરંપરાગત પોશાકો પહેરીને સુંદર આહીરાણી રાસ રજૂ કર્યો હતો. તા.૩/૧૨/૨૪ ના શુભ વિવાહ પ્રસ્તાવ કાર્યક્રમ સ્થળ ખાતે એટલે કે જામનગર મ્યુનિસિપલ કોર્પોરેશન, મેદાન મેહુલ નગર ટેલિફોન એકસચેન્જ રોડ, શ્રીજી મેરેજ હોલ પાછળ, જામનગર ખાતે શુભ વિવાહ પ્રસ્તાવ કાર્યક્રમ શરૂ થશે જેમાં રાત્રે ૮ કલાકે નિશ્ચય તાંબુલ (બડી સગાઈ) યોજાશે.

પૂજ્ય ગુરુદેવના આંગણે આવેલા શુભ વિવાહ પ્રસ્તાવ પ્રસંગે સમગ્ર વૈષ્ણવ સમાજ સેવા તથા દર્શનો પરમ આનંદ પ્રાપ્ત કરવા શુભ વિવાહ પ્રસ્તાવ સમિતિ ના પ્રમુખ જીતુભાઈ લાલ, ઉપપ્રમુખ કુરજીભાઈ મુંગરા તેમજ વજુભાઈ પાબારી એ વૈષ્ણવોને લાભ લેવા અનુરોધ કર્યો છે તમામ સાંસ્કૃતિક કાર્યક્રમો અને શુભવિવાહ પ્રસ્તાવનું લાઈવ પ્રસારણ યુ-ટ્યુબ ચેનલ પર motihavelijamnagar ફેસબુક પર શ્રી મોટી હવેલી જામનગર તથા ઈન્સ્ટાગ્રામ પર v.yuva.sangathan પરથી કરવામાં આવશે. વૈષ્ણવોના ઉતારા માટે સમિતિના મો. નં. ૯૮૨૪૨ ૯૭૨૩૨ તથા ૯૪૨૮૩ ૧૫૭૫૮ ઉપર સંપર્ક કરવો.

# અંધાશ્રમ પાસે આવેલા ૧૪૦૪ આવાસ પૈકીના વધુ ચાર જર્જરિત બિલ્ડીંગનું ડિમોલીશન

**અબતક, જામનગર**

જામનગર મહાનગરપાલિકા દ્વારા છેલ્લા એક સપ્તાહ દરમિયાન અંધાશ્રમ નજીક આવેલા અતિ જર્જરિત ૧૪૦૪ આવાસ માં ડીમોલિશન ની પ્રક્રિયા પૂનઃ હાથ ધરવામાં આવી હતી, અને ૧૪૦૪ આવાસ પૈકીના વધુ ચાર બ્લોકને આજે જમીન દોસ્ત કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

જામનગરમાં નગરપાલિકાની દબાણ હટાવ શાખા દ્વારા દિવાળી પહેલાં ૧૪૦૪ આવાસ પૈકીના કેટલાક બિલ્ડીંગ દૂર કરાયા હતા, જે પૈકીના આજે બ્લોક નંબર ૮૨,૮૩,૮૪ અને ૮૫ નંબરના વધુ ચાર બિલ્ડીંગ ને જમીન દોસ્ત કરવાની કાર્યવાહી હાથ



ધરવામાં આવી હતી. અત્યાર સુધીમાં કુલ ૩૩ બિલ્ડીંગ પૈકીના ૬૯૬ ફ્લેટ ને જમીન દોસ્તી કરી દેવામાં આવ્યા છે, અને આ કાર્યવાહી અવિરત ચાલુ રાખવામાં આવી છે.

જામનગર મહાનગર પાલિકાની એસ્ટેટ શાખાના અધિકારી નીતિન દીક્ષિત, ઉપરાંત અનવરભાઈ ગજણ, સુનિલભાઈ ભાનુશાળી, યુવરાજસિંહ ઝાલા વગેરેની આગેવાનીમાં સમગ્ર કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

# નૌસેના દિવસે ભારતીય નૌકાદળએ દતક લીધેલા ભૂકંપગ્રસ્ત મોડા ગામમાં યોજાયા સામાજિક સેવાના કાર્યો




**અબતક જામનગર**

ભારતીય નૌકાદળે ૧૯૭૧ માં ભારત પાક યુદ્ધમાં દુશ્મનના દાંત ખાટા કરી વિજય મેળવવાની ઘડીને દર વર્ષે ચાર ડિસેમ્બરે નૌસેના દિવસ તરીકે ઉજવવામાં આવે છે

ઈન્ડિયન નેવલ સર્વિસ વાલસુરા ખાતે વિવિધ સામાજિક સેવા ના કાર્ય સાથે નૌસેના સપ્તાહ ની ઉજવણીના ભાગરૂપે જામનગરસામાજિક સેવાભાવી સંસ્થાઓ અને શાળાના

## આઈએનએસ દ્વારા યોજાયેલ ક્વિઝ સ્પર્ધામાં બાળકોએ રાષ્ટ્રભાવ છલકાવ્યો

વિદ્યાર્થીઓએ નૌસેના ના મોડ ગામની મુલાકાત લીધી હતી

નૌસેના સપ્તાહ અંતર્ગત આઈએનએસ વાલ સુરા દ્વારા જામનગરના વિદ્યાર્થીઓ માટે વીજ કોમ્પિટિશનનું આયોજન કરવામાં આવ્યું હતું. ૨૦ ૨૨ અને ૨૪ નવેમ્બરે યોજાયેલી આ સ્પર્ધામાં ૧૩ શાળાના ૧૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો જેમાં રંગ વિદ્યા નીકેતન ના વિદ્યાર્થીઓ પેન્ટિંગ સ્પર્ધામાં અને સેન્ટફ્રાન્સિસ હાઈસ્કુલ ના વિદ્યાર્થીઓ ક્વિઝ સ્પર્ધામાં વિજેતા થયા હતા

ભારતીય નૌસેનાએ ૨૦૦૧માં આવેલ ભૂકંપમાં મોડા ગામને દત્તક લીધું હતું અને તેના પુનવસન પુનિસ્થાપન અને સામાજિક વિકાસમાં મહત્વ નું પ્રદાન કર્યું હતું છેલ્લા ૨૩ વર્ષથી અનેકવિધ સામાજિક સેવા ના કાર્યો સાથે ગામની આંતર માળખાકીય સુવિધાઓ ઉભી કરી છે પીવાના પાણીની સુવિધા તાજેતરમાં લોકાર્પણ કરવામાં આવ્યું હતું

૨૩ અને ૨૪ નવેમ્બરે આઈએનએસ વાલપુરા દ્વારા મોડા ગામમાં ગ્રામજનો માટે આરોગ્ય કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. મોડા ના વિદ્યાર્થીઓએ આઈએનએસ વાલસુરા ની મુલાકાત લઈ નૌસેનાની કામગીરી અંગે જાણકારી મેળવી હતી લોકોને નૌ સેનાની કામગીરી ની માહિતી મળે અને નૌ સેનાનું રાષ્ટ્ર સુરક્ષામાં શું યોગદાન છે તેની માહિતી મેળવી હતી

# રાષ્ટ્રીય પ્રદૂષણ નિવારણ દિવસ નિમિત્તે જન જાગૃત્તિ અર્થે સેમિનાર યોજાયા

## પ્રદુષણના પ્રકારો, નિવારણના ઉપાયો અને જન જવાબદારી વિષયે અપાયું માર્ગદર્શન

**અબતક, જામનગર**

સમગ્ર દેશભરમાં ૨ સપ્ટેમ્બરે ઉજવવામાં આવતો રાષ્ટ્રીય પ્રદૂષણ નિવારણ દિવસ આ વર્ષે પણ જામનગર અને ખંભાળિયામાં વિશેષ ઉજવણી સાથે ઉજવવામાં આવ્યો હતો. આ દિવસ નિમિત્તે જામનગરની ડી.કે.વી. આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ અને ખંભાળિયાની એસ્સાર પાવર લિમિટેડમાં વિશેષ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

જામનગરની ડી.કે.વી. આર્ટસ એન્ડ સાયન્સ કોલેજમાં યોજાયેલા સેમિનારમાં પ્રદૂષણના પ્રકારો, તેના કારણો અને તેનાથી થતા નુકસાન વિશે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત



પ્રદૂષણ નિવારણ માટેના ઉપાયો અને નાગરિકોની જવાબદારી વિશે પણ માહિતી આપવામાં આવી હતી. કોલેજના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સ્થાનિક લોકો મોટી સંખ્યામાં આ સેમિનારમાં ઉપસ્થિત રહ્યા હતા.

ખંભાળિયાની એસ્સાર પાવર લિમિટેડમાં યોજાયેલા સેમિનારમાં કંપની દ્વારા પ્રદૂષણ નિયંત્રણ માટે કરવામાં આવતા પ્રયાસો વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. કંપનીના અધિકારીઓએ કંપની દ્વારા પ્રદૂષણ નિયંત્રણ માટે ઉપયોગમાં લેવાતી અદ્યતન તકનીકો વિશે વિગતવાર માહિતી આપી હતી. આ ઉપરાંત, કંપની દ્વારા સ્થાનિક સમાજને પ્રદૂષણ નિવારણ માટે જાગૃત કરવા માટે કરવામાં આવતા પ્રયાસો વિશે પણ માહિતી આપવામાં આવી હતી.

વધતી જતી વસ્તી અને ઔદ્યોગિકીકરણને કારણે પ્રદૂષણ એ એક ગંભીર સમસ્યા બની ગઈ છે. પ્રદૂષણ માત્ર આપણા સ્વાસ્થ્ય માટે જ નહીં પરંતુ પર્યાવરણ માટે પણ ખૂબ જ હાનિકારક છે. પ્રદૂષણને કારણે હવા, પાણી અને જમીન દૂષિત થઈ રહી છે. આપણે બધાએ મળીને પ્રદૂષણ નિવારણ માટે પ્રયાસ કરવા જોઈએ.

# શિયાળાની કડકડતી ઠંડીમાં આયુર્વેદિક કાવાની હુંફાળી હુંફ

## હવાઈ ચોક વિસ્તારમાં લોકો સ્વાસ્થ્યવર્ધક કાવોની મજા માણવા આવેઃ કાવાના મસાલાનું પાર્સલ વિદેશમાં લઈ જાય છે

**અબતક, જામનગર**

જેમ ઉનાળામાં આઈસ્ક્રીમ અને ગોલાની વધુ માંગ જોવા મળતી હોય છે તે જ રીતે જામનગરમાં શિયાળામાં આયુર્વેદિક કાવાની ખૂબ માંગ વધતી હોય છે. તેમાં પણ જામનગર અને આયુર્વેદને જુનો નાતો રહ્યો છે ત્યારે જામનગરમા આયુર્વેદિય ઔષધીઓથી ભરપૂર કાવો ખૂબ જ પ્રખ્યાત છે. શિયાળાની શરૂઆત થતાની સાથે જ આ સ્વાસ્થ્યવર્ધક કાવો પીવા માટે જામનગરના હવાઈ ચોક વિસ્તારમાં લોકો ઉમટી પડે છે. પાંચ પેઢી બનાવવામાં આવતો આ કાવો વિશ્વના અન્ય દેશોમાં પણ જાય છે. જે મહેમાનો આવે છે તેઓ વિદેશ લઈ જાય છે આ ઉપરાંત અન્ય રાજ્યમાં પણ આ કાવાના મસાલાનું પાર્સલ જાય છે.

કાવો બનાવવા માટે



બુંદદાણા,લવિંગ, તુલસી, મરી આદુરસ, સંચર, સુંઠ, લીંબુ સહિત ૪૨ જેટલા આયુર્વેદિક મસાલા મિક્ષ કરીને ઉકાળીને બનાવવામાં આ આવે છે. આ કાવામાં આયુર્વેદના મધુર રસ સિવાય તમામ રસ આવી જાય છે એટલે કે કાવો કાવા ખાટો, ખારો, તુરો, તીખો એમ પીનારાની ઈચ્છા મુજબના તમામ સ્વાદમા તૈયાર થાય છે.


કાવા બનાવનાર કિરીટ ભાનુશાળી એ દાવો કર્યો કે કાવા પીવાથી શર્દી, ઉધરસ, કફ,ગેસ, વાયુ, આપચો સહિતની અનેક સમસ્યા ભૂતકાળ બની જાય છે. દિવસ દરમિયાન મલાસાનું મિશ્રણ કરીને કાવો બનાવાયા બાદ રાત્રે તાંબાના વાસણમાં કાવો ગરમ કરવામાં આવે છે. કારણકે તાંબુ શરીર માટે ખૂબ બહુ ઉપયોગી હોવાથી તાંબુ ગરમ કરવાથી તે ઓગળી કાવામાં ભળે છે. જે પણ ફાયદાકારક નીવડે છે. કડકડથી ઠંડીમાં સ્ફૂર્તિનો અહેસાસ કરાવે છે. એટલે કાવાને મેજિક પીણું તરીકે ઓળખે છે..

### કાવા પીવાથી શરદી, ઉધરસ, કફ ,ગેસ સહિતની અનેક સમસ્યા નિવારણઃ કિરીટ ભાનુશાળી



અબતક સાથે વાતચીતમાં કાવા બનાવનાર કિરીટ ભાનુશાળી એજણાવ્યું હતું કે કાવા પીવાથી શર્દી, ઉધરસ, કફ ,ગેસ, વાયુ, આપચો સહિતની અનેક સમસ્યા ભૂતકાળ બની જાય છે. દિવસ દરમિયાન મલાસાનું મિશ્રણ કરીને કાવો બનાવાયા બાદ રાત્રે તાંબાના વાસણમાં કાવો ગરમ કરવામાં આવે છે. કારણકે તાંબુ શરીર માટે ખૂબ બહુ ઉપયોગી હોવાથી તાંબુ ગરમ કરવાથી તે ઓગળી કાવામાં ભળે છે.

# હોમગાર્ડઝ તથા સિવિલ ડિફેન્સ સેવાને ૬૨ વર્ષ પૂર્ણ થતાં સેવાકીય કાર્યક્રમ



**અબતક, જામનગર**

હોમગાર્ડઝ તથા સિવિલ ડિફેન્સ સેવાને તા.૬ ડિસેમ્બરના ૬૨ વર્ષ પૂર્ણ થતા હોય જિલ્લા હોમગાર્ડઝ કચેરી જામનગર દ્વારા આ અવસરે હોમગાર્ડઝ અને સિવિલ ડિફેન્સ ડે ની ઉજવણી કરવાનું આયોજન કરેલ છે.

આ ઉજવણીના અનુસંધાને જામનગર જિલ્લાના તમામ યુનિટો દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

જેમાં જિલ્લાના અલીયાબાડા, ગોપ અને જામજોધપુર યુનિટો દ્વારા તા. ૧-૧૨ થી તા. ૬-૧૨-૨૪ દરમ્યાન બ્લડ ડોનેશન કેમ્પ, જન જાગૃતિ કાર્યક્રમ અને વ્યસન મુક્તિ અભિયાનનું આયોજન હાથ ધરવામાં આવેલ છે.

જ્યારે આ જિલ્લાના ગોપ, ધ્રાફા અને જામવંથલી યુનિટો દ્વારા તા. ૧-૧૨ થી તા. ૬-૧૨-૨૪ દરમ્યાન વૃક્ષારોપણ કાર્યક્રમ હાથ ધરાશે.

તેમજ જિલ્લાના જોડીયા, સિક્કા અને લાલપુર યુનિટ દ્વારા તા.૧-૧૨ થી તા.૫-૧૨-૨૪ દરમ્યાન સ્વચ્છતા અભ્યાન યોજાશે. તા. ૫-૧૨-૨૪ ની પૂર્વ સંધ્યાએ સિટી એ, બી અને સી યુનિટો જિલ્લા કચેરીથી મશાલ રેલી શરૂ કરી ટાઉન હોલ થઈ પરત જિલ્લા કચેરીએ પૂર્ણ કરશે સાથે સાથે ધ્રોલ, કાલાવડ, સિક્કા, લાલપુર, જામજોધપુર, અલિયાબાડા, જોડીયા, ધ્રાફા, જામવંથલી, મોટી ગોપ યુનિટમાં પણ મશાલ રેલીનું આયોજન કરવામાં આવશે.

તા. ૬-૧૨-૨૪ ના સવારે જિલ્લા કક્ષાએ રૂટ માર્ચ પાસ્ટ તથા ડાયસ પ્રોગ્રામ નું આયોજન કરાશે તેમ જિલ્લા હોમગાર્ડ કમાન્ડન્ટ ગીરીશ સરવૈયા દ્વારા જણાવાયું છે.

# જિલ્લાની ૨૬૫ ગ્રામ પંચાયતોની ચૂંટણી માટે તૈયારીઓનો પ્રારંભ

## પાંચ નવી ગ્રામ પંચાયતોમાં પ્રથમવાર યોજાશે ચુંટણી

**અબતક, જામનગર**

રાજયમાં અનેક ગ્રામ્ય પંચાયતોની મુદ્દત પૂરી થઈ રહી હોવાથી ત્યાં ચૂંટણી યોજવા તંત્ર દ્વારા ગતિવિધિ તેજ કરવામાં આવી છે. જામનગર જિલ્લાની પણ ૨૬૫ ગ્રામ્ય પંચાયતની ચૂંટણી યોજાનાર છે. રાજ્યમાં ગ્રામ્ય પંચાયત માંથી અનેક ગ્રામ્ય પંચાયતમાં હોદ્દેદારો ની મુદ્દત પૂર્ણ થઈ છે, તો કેટલાક નવી ગ્રામ્ય પંચાયત અમલમાં આવી છે.જયા ચૂંટણી યોજવામાં આવનાર છે.


જામનગર જિલ્લામાં પાંચ નવી ગ્રામ પંચાયતો બની હતી, જ્યાં વહીવટદાર તરીકે તલાટી મંત્રીને હવાલો સોંપવામાં આવ્યો હતો. આ ઉપરાંત જામનગર તાલુકાની ૬૨, ધ્રોળની ૨૪, જોડિયાની ૨૧, કાલાવડની ૬૮, લાલપુરની ૪૭ અને જામજોધપુરની ૩૪ મળી જિલ્લાની ૨૫૬ ગ્રામ પંચાયતોનો તેમજ પાંચ વિસર્જીત થયેલ ગ્રામ પંચાયતો માં ચૂંટણી માટે તૈયારીઓ થઈ રહી છે. રાજ્ય ચૂંટણી પંચ દ્વારા પણ સબંધિત. જિલ્લા કલેકટર ને ચૂંટણી માટે તૈયારી કરવા સૂચના આપી દેવામાં આવી છે.

# જામ જોધપુર નગરપાલિકા વર્મી કમ્પોઝમાં ભ્રષ્ટાચારનો આક્ષેપ

**અબતક, ભરત ગોહિલ, જામજોધપુર**

જામ જોધપુરના જાગૃત નાગરિક હરેશ ચિત્રોડા દ્વારા નગર પાલિકા દ્વારા વર્મી કંપોઝમાં મોટાપાયે ભ્રષ્ટાચાર આચરવામાં આવેલ. જે અંગેની રજુઆત ગાંધીનગર મ્યુનીસીપલ એડમીનીસ્ટ્રેશનમાં કરવામાં આવેલ હતી. આ અંગે ગાંધીનગર કચેરીએથી આ કૌભાંડ અંગેના તપાસ કરવાના આદેશ નગર પાલિકા પ્રાદેશિક કમીશનરને આપવામાં આવેલ છે. ત્યારે આ કૌભાંડની તપાસ કેવી થાય તે જોવાનું રહ્યું?

# કાલાવડના ધારાસભ્ય મેઘજીભાઈ ચાવડાનો આજે જન્મદિવસ



ભાજપના કાર્યકરથી માંડીને ધ્રોલ તાલુકા પંચાયતના સભ્ય તરીકે ચુંટણી જીત્યા બાદ સામાજીક ન્યાય સમિતિ ચેરમેન મેઘજીભાઈ ચાવડા બન્યા હતા ત્યારબાદ ફરીથી ધ્રોલ ખારવા જીલ્લા પંચાયત બેઠક ઉપરથી મેઘજીભાઈ ચુંટણીમાં વિજય મેળવ્યો અને જીલ્લા પંચાયત પ્રતિષ્ઠાભર્યા જીલ્લા પંચાયત સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના ચેરમેન બન્યા હતા ૨૦૦૯/૨૦૧૨ સુધી સંગઠનમાં મેઘજીભાઈ ચાવડાને જીલ્લા ભાજપ મંત્રી પદની જવાબદારી સોંપવા આવી હતી ત્યારબાદ નવું સિમાંકન થતા ૨૦૧૨ થી ૨૦૧૭ સુધી કોંગ્રેસના પીઢ નેતા ડો. દિનેશ પરમારને કારમો પરાજય આપીને ૭૬- કાલાવડ વિધાનસભાના ધારાસભ્ય બનતા સતત લોકોની વચ્ચે રહીને કામગીરી કરતા સરળ સ્વભાવના મેઘજીભાઈ ચાવડાની છાપ ''કોમનમેન'' તરીકે પડી હતી આજે ધારાસભ્ય મેઘજીભાઈ ચાવડાનો જન્મ દિવસ નિમિત્તે સૌ કાર્યકરો, ટેકેદારો શુભેચ્છકો, નાગરીકો, જનતા, અને નાનામાં નાનો માણસ ''કોમન મેન'' મેઘજીભાઈ ચાવડાને જન્મદિવસ ની શુભેચ્છા પાઠવી રહ્યા છે.

# કાલાવડના વિભાણિયા ગામે પત્ની રિસામણે ચાલી જતા પતિનો આપઘાત


**અબતક, જામનગર**

જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના વિભાણિયા ગામમાં રહેતા પર પ્રાંતિય શ્રમિક યુવાને પોતાની પત્ની રિસાઈને માવતરે ચાલી જતાં મનમાં લાગી આવવાથી ઝેરી દવા પી લઈ આત્મહત્યા કરી લીધી છે. જે મામલે પોલીસ તપાસ ચલાવે છે. આ બનાવની વિગત એવી છે કે મૂળ મધ્યપ્રદેશના વતની અને હાલ કાલાવડ તાલુકાના વિભાણીયા ગામમાં રહેતા હમીરભાઈ ભીખાભાઈ ગોલતર ની વાડીમાં રહીને ખેત મજૂરી કામ કરતા દિલીપ ઉર્ફે વિનુભાઈ ખીમજીભાઈ શીંગાણી નામના ૩૦ વર્ષના પરપ્રાંતિય શ્રમિક યુવાને પોતાના હાથે ઝેરી દવા પી લઈ આત્મહત્યા કરી લીધી છે.

આ બનાવ અંગે મિતલબેન નિખિલભાઈ ડાવેરા નામની સંબંધી મહિલાએ પોલીસને જાણ કરતાં કાલાવડ ગ્રામ્ય પોલીસે બનાવના સ્થળે પહોંચી જઈ મૃતદેહ નો કબજો સંભાળ્યો હતો, અને વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ પૂછપરછ માં જાહેર કરાયા અનુસાર મૃતક યુવાનની પત્ની છેલ્લા ચાર દિવસથી રિસાઈને પોતાના માવતરે ચાલી ગઈ હતી, જે વાતનું તેને મનમાં લાગી આવ્યું હતું, અને પોતાની પત્નીના વિયોગમાં ઝેરી દવા પી લઈ આત્મહત્યા કરી લીધી છે. જે મામલે પોલીસ દ્વારા તપાસ ચલાવાઈ રહી છે.

# ‘રમશે ગુજરાત જીતશે ગુજરાત’: કાલથી ૩૧મી માર્ચ સુધી ખેલ મહાકુંભ



**અબતક, રાજકોટ**

રમશે ગુજરાત જીતશે ગુજરાતના મંત્રથી શરૂ થયેલ ખેલ મહાકુંભ ૩.૦ કાલે ૫ ડિસેમ્બરથી ૩૧ માર્ચ ૨૦૨૫ દરમિયાન યોજાશે.

રાજ્યના રમત ગમત મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ રાજ્યના યુવાનો રમત-ગમત ક્ષેત્રે પોતાની કારકિર્દી ઘડી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે ગુજરાતનું નામ રોશન કરે તે આશયથી વર્ષ-૨૦૧૦માં શરૂ કરેલ ખેલ મહાકુંભ ૩.૦ તા.૫ ડિસેમ્બરથી ૩૧ માર્ચ ૨૦૨૫ના રોજ યોજાશે.

મંત્રીએ વધુમાં ઉમેર્યું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ યોજાનાર ખેલ મહાકુંભ ૩.૦ અંતર્ગત ૩૯ રમતો, ૩૨ ઓલમ્પિક સ્પોર્ટ્સ, ૭ ઈમર્જિંગ સ્પોર્ટ્સ અને સ્પે.ખેલ મહાકુંભ ૩.૦ અંતર્ગત ૨૫ પેરા સ્પોર્ટ્સ જેવી રમતોનું આયોજન કરવામાં આવનાર છે.

જેમાં વર્ષ - ૨૦૧૦માં ૧૬ રમતોથી શરૂ થયેલો ખેલ મહાકુંભ વર્ષ -૨૦૨૩-૨૪માં ખેલ મહાકુંભ ૨.૦માં ૩૯ વિવિધ રમતોનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં વર્ષ ૨૦૨૩-૨૪માં ખેલ મહાકુંભ ૨.૦ માં રેકોર્ડ બ્રેક ૬૬ લાખથી વધુ ગુજરાતના રમતવીરોએ ઉત્સાહપૂર્વક રજિસ્ટ્રેશન કરાવ્યું હતું.

મંત્રીએ કહ્યું કે, ટેલેન્ટ આઈડેન્ટીફીકેશન, ખેલ મહાકુંભ ૩.૦માં કરવામાં આવેલ નવા ફેરફારો, વિજેતા ખેલાડીઓને પુરસ્કાર તેમજ દિવ્યાંગ ખેલાડીઓ માટેનો સ્પેશ્યલ ખેલ મહાકુંભ જેવી નવી બાબતોનો આ વર્ષે ખેલ મહાકુંભમાં આયોજન કરવામાં આવ્યું છે. ખેલ મહાકુંભ ૩.૦ તા.૫ ડિસેમ્બર-૨૦૨૪ થી ૩૧ માર્ચ ૨૦૨૫ સુધી યોજવામાં આવશે. આ ખેલ મહાકુંભ ૭ વિભિન્ન વયજુથ ધરાવતા ગ્રુપોમાં યોજવામાં આવશે. જેમાં અંડર-૯, ૧૧, ૧૪, ૧૭, ઓપન કેટેગરી, ૪૦ વર્ષથી વધુ તેમજ ૬૦ વર્ષથી વધુ વયજુથ ધરાવતા ખેલાડીઓ ભાગ લઈ શકશે.

ખેલ મહાકુંભમાં ભાગ લેવા ઈચ્છુક ખેલાડીઓ ડિસેમ્બર થી ૨૫ ડિસેમ્બર ૨૦૨૪ સુધી ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવી શકશે. ખેલ મહાકુંભનો ઉદ્દ્ઘાટન સમારોહ ૦૪ અથવા ૦૫ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ આયોજન કરવામાં આવશે. શાળા તેમજ ગ્રામ્ય કક્ષાની રમતોમા એથ્લેટીક્સ, કબડ્ડી, ખો-ખો, રસ્સાખેંચ, વોલીબોલ જેવી રમતોનો આયોજન તા.૦૧ થી ૦૩ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ કરવામાં આવશે. તાલુકા કક્ષાએ ૭ રમતો એથ્લેટીક્સ, ચેસ, યોગાસન, કબડ્ડી, ખો-ખો, રસ્સાખેંચ, વોલીબોલ જેવી રમતોનું આયોજન તા.૬ થી ૧૨ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ યોજવામાં આવશે.

જિલ્લા કક્ષાએ આર્ચરી, આર્ટીસ્ટીક સ્કેટીંગ, એથ્લેટીક્સ, બેડમિન્ટન, ચેસ, જુડો, કરાટે, લોન-ટેનીસ, સ્કેટીંગ, સ્વીમીંગ, ટેબલ ટેનીસ, ટેકવોન્ડો, કુસ્તી, યોગાસન, બાસ્કેટબોલ, ફૂટબોલ, હેન્ડબોલ, હોકી, કબડ્ડી, ખોખો, રગ્બી, શુટીંગબોલ, રસ્સાખેંચ, વોલીબોલ જેવી રમતોનું આયોજન તા.૧૫ જાન્યુઆરી ૩૧ જાન્યુઆરીના રોજ આયોજન કરવામાં આવશે.

ઝોન કક્ષાની રમતોમાં બાસ્કેટબોલ, ફૂટબોલ, હેન્ડબોલ, હોકી, કબડ્ડી, ખોખો, શુટીંગબોલ, રસ્સાખેંચ, વોલીબોલ જેવી રમતોનું આયોજન ૦૧ થી ૧૩ ફેબ્રુઆરી સુધી યોજવામાં આવશે. રાજ્યકક્ષાએ રમતોનું આયોજન ૨ ફેઝમાં કરવામાં આવશે. જેમાં ફેઝ-૧- ૧૫ થી ૨૪ ફેબ્રુઆરી ૨૦૨૫ અને ફેઝ-૨- ૧૫ માર્ચથી ૩૧ માર્ચ ૨૦૨૫ સુધી ખેલ મહાકુંભ ૨.૦નો આયોજન કરવામાં આવશે. જેમાં ફેઝ -૧ અને ફેઝ -૨ની રમતોમાં આર્ચરી, એથ્લેટીક્સ, બેડમિન્ટન, બોક્સીંગ, ચેસ, સાયકલીંગ, ફેન્સીંગ, જીમ્નાસ્ટીક, ઘોડેસવારી, જુડો,

(અનુ. આઠમા પાને)

**ખેલ મહાકુંભમાં ૩૯ રમતોનો સમાવેશ ૩૨ ઓલિમ્પિક સ્પોર્ટ્સ અને ૭ ઈમર્જિંગ સ્પોર્ટ્સ ઉપરાંત સ્પે.ખેલ મહાકુંભમાં ૨૫ પેરા સ્પોર્ટ્સનું આયોજનઃ હર્ષ સંઘવી**

---

### રાજકોટ શહેર એસઓજીનો બે દિવસમાં ત્રીજો દરોડો

# ગૌરીદળ નજીકથી નવ કિલો ગાંજા સાથે રાજસ્થાની શખ્સ જગદીશ બિશ્નોઈની ધરપકડ

## મોરબીમાં મજૂરી કરતા કેરિયરને દબોચી રૂ. ૧.૩૧ લાખનો મુદ્દામાલ કબ્જે કરતી પીઆઈ સંજયસિંહ જાડેજાની ટીમ

**અબતક, રાજકોટ**

ગાંજા-ડ્રગ્સના દુષણને ડામવા રાજકોટ શહેર એસઓજી ટીમ સતત ધોસ બોલાવી રહી છે. એસઓજી ટીમે ફક્ત બે દિવસમાં ત્રણ દરોડા પાડી ગાંજા અને ડ્રગ્સના જથ્થા સાથે કુલ ત્રણ શખ્સોની ધરપકડ કરી છે. અગાઉ ગાંજા અને ડ્રગ્સનો જથ્થો ઝડપી લીધા બાદ એસઓજી પીઆઈ સંજયસિંહ જાડેજાની ટીમે રાજકોટની ભાગોળે આવેલ ગૌરીદળ ગામ નજીક દરોડો પાડી ૯ કિલો ગાંજા સાથે



રાજસ્થાની શખ્સ જગદીશ બિશ્નોઈની રૂ. ૧.૩૧ લાખના મુદ્દામાલ સાથે ઝડપી લીધો હતો.

દરોડાની પ્રાપ્ત વિગત મુજબ રાજકોટ શહેર પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશ્નર મહેન્દ્ર બગડીયા, ડીસીપી ક્રાઈમ ડો. પાર્થરાજસિંહ ગોહિલ, એસીપી ક્રાઈમ ભરત બસિયાએ આપેલી સૂચના મુજબ રાજકોટ શહેર વિસ્તારમાં યુવાધનને નશાના રવાડે નહિ ચડવા દેવા તેમજ નાર્કોટિકસ પદાર્થનું વેચાણ અટકાવવા 'સે નો ટુ ડ્રગ્સ' મિશન અંતર્ગત કડક કાર્યવાહી કરવા એસઓજી ટીમ સતત પ્રયત્નશીલ હતી. દરમિયાન પીઆઈ સંજયસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ ગત તા. ૩ ડિસેમ્બરના રોજ એસઓજી શાખાના હેડ કોન્સ્ટેબલ ઈન્દ્રસિંહ જાડેજા અને કોન્સ્ટેબલ હાર્દિકસિંહ પરમારની સંયુકત બાતમીના આધારે રાજકોટ-મોરબી હાઈવે પર આવેલ ગૌરીદળ ગામ નજીક દરોડો પાડવામાં આવ્યો હતો.

એસઓજીની ટીમે ગૌરીદળ ગામ નજીક આવેલ ૬૬ કે.વી. પાવર હાઉસ પાસે જાહેર રોડ ઉપરથી ગાંજાના જથ્થા સાથે એક શખ્સને દબોચી લીધો હતો. પંચોની હાજરીમાં માદક પદાર્થનું વજન

(અનુ. આઠમા પાને)

---

# રાજયના ધો.૩, ૬ અને ૯ના વિદ્યાર્થીઓ માટે આજે સર્વેક્ષણ કસોટી લેવાશે

## રાજયકક્ષાએ કામગીરીના અમલીકરણ માટે ફિલ્ડ ઈન્વેસ્ટિગેટર્સ તરીકે એમ.એડ. બીએડ તાલીમાર્થીઓ તથા કોલેજોના વિદ્યાર્થીઓને શાળાની ફાળવણી કરાઇ

**અબતક, રાજકોટ**

રાજ્યની સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી શાળાઓના ધો.૩, ૬ અને ૯ના વિદ્યાર્થીઓ માટે આજે રાષ્ટ્રીય સર્વેક્ષણ પરીક્ષા લેવામાં આવી છે. બાહ્ય મૂલ્યાંકનકાર દ્વારા કસોટી લેવામા આવી છે. રાજયકક્ષાએ કામગીરીના અમલીકરણ માટે ફિલ્ડ ઈન્વેસ્ટિગેટર્સ તરીકે એમ.એડ. બીએડ તાલીમાર્થીઓ તથા કોલેજોના વિદ્યાર્થીઓને શાળાની ફાળવણી કરવામાં આવી છે. પરીક્ષા સવારના ૧૧ વાગ્યાથી ૧ વાગ્યા દરમિયાન લેવામાં આવી હતી. સમગ્ર દેશમાં રાષ્ટ્રીય સર્વેક્ષણ-૨૦૨૪ પસંદ થયેલી સરકારી, અનુદાનિત, સ્વનિર્ભર તેમજ સેન્ટ્રલ શાળાઓમાં યોજાશે. આ અંતર્ગત ભારત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા પસંદ થયેલી શાળાઓમાં બાહ્ય મૂલ્યાંકનકાર દ્વારા ધો. ૩, ૬ અને ૯ પૈકી જે તે શાળામાં પસંદ થયેલા વર્ગોમાં કસોટી યોજાઈ. તેમજ પસંદ થયેલા ધોરણવાર વિષય શિક્ષકો, શાળાના મુખ્ય શિક્ષક અને વિદ્યાર્થીઓના પણ પ્રતિભાવ મેળવાશે. કસોટીની ગુપ્તતાને ધ્યાનમાં રાખીને રાજ્યની તમામ સમાવિષ્ટ શાળાઓમાં સમાન સમય દરમિયાન કસોટીનું આયોજન કરાયું છે. અગાઉ યોજાયેલા રાષ્ટ્રીય સર્વેક્ષણ વખતે પણ આ રીતે આયોજન કરવામાં આવ્યું હતું.વિદ્યાર્થીઓની રાષ્ટ્રીય

(અનુ. આઠમા પાને)

---

# રાજયભરમાં શુક્ર અને શનિવારે રવિ કૃષિ મહોત્સવ-૨૦૨૪ યોજાશે

## મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તેમજ કૃષિ મંત્રી રાઘવજી પટેલ બનાસકાંઠાના દાંતીવાડા ખાતેથી કરાવશે શુભારંભ


**અબતક, રાજકોટ**

ગુજરાતના ખેડૂતોને પ્રવર્તમાન સમયને અનુરૂપ કૃષિ પદ્ધતિઓ, ટેકનોલોજી અને નવતર અભિગમોથી પરિચિત કરાવવાના શુભ આશય સાથે રાજ્ય સરકાર દ્વારા આગમી તા. ૬ અને ૭ ડિસેમ્બરના રોજ રવિ કૃષિ મહોત્સવ-૨૦૨૪નું આયોજન કરવામાં આવ્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને કૃષિ મંત્રી રાઘવજી પટેલ બનાસકાંઠા જિલ્લાની દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી ખાતેથી રવિ કૃષિ મહોત્સવ-૨૦૨૪નો રાજ્યવ્યાપી શુભારંભ કરાવશે.

કૃષિ મંત્રી રાઘવજી પટેલે વધુમાં જણાવ્યું હતું કે, આગામી તા. ૬ અને ૭ ડિસેમ્બર દરમિયાન રાજ્યભરના ૨૪૬ તાલુકા મથકોએ તાલુકા સ્તરનો રવિ કૃષિ મહોત્સવ યોજાશે. આ રવિ કૃષિ મહોત્સવમાં ગુજરાતના ૨.૫ લાખથી વધુ ખેડૂતો ભાગ લેશે.

તેમણે જણાવ્યું કે, કૃષિ વૈજ્ઞાનિકો અને તજજ્ઞો ખેડૂતો સાથે સીધો વાર્તાલાપ કરી શકે, તેમની સમસ્યાનું નિવારણ લાવી શકે, યોગ્ય માર્ગદર્શન પૂરું પાડી શકે, નવી ખેત પદ્ધતિઓથી અવગત કરી શકે તેમજ ખેડૂતોની સમસ્યાઓને આધારે સંશોધનો કરી શકે તેવા શુભ આશય સાથે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૦૫માં કૃષિ મહોત્સવની નવી પરંપરા શરુ કરી હતી. કૃષિ ક્ષેત્રના સર્વાંગી વિકાસ માટે શરુ થયેલી આ પરંપરાને સુપેરે આગળ ધપાવતા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગ દ્વારા રવિ કૃષિ મહોત્સવ-૨૦૨૪નું આયોજન કરવામાં આવ્યું છે.કૃષિ મહોત્સવે વડાપ્રધાનશ્રીના ‘લેબ ટુ લેન્ડ’ના મંત્રને ખરા અર્થમાં સાકાર કર્યો છે, તેમ જણાવી મંત્રી પટેલે ઉમેર્યું હતું કે, કૃષિ મહોત્સવના આયોજનથી ખેડૂતો અને કૃષિ વૈજ્ઞાનિકો-તજજ્ઞો વચ્ચેનું અંતર દૂર થયું છે. રાજ્ય સરકારના આ આયોજનથી કૃષિ વૈજ્ઞાનિકોને ખેડૂતોની વાસ્તવિક પરિસ્થિતિ સમજવામાં સરળતા થઈ તેમજ ખેડૂતોની સમસ્યાને અનુરૂપ સંશોધનો કરવામાં પણ તેમને સફળતા મળી. કૃષિ મહોત્સવ કાર્યક્રમ એ દેશભરમાં વડાપ્રધાનના એક આગવા વિઝનથી શરુ થયેલો એક અનન્ય કાર્યક્રમ છે, જેના માધ્યમથી ગુજરાતના ખેડૂતોની આવકમાં પણ અનેકગણી વૃદ્ધિ થઈ છે. આ રવિ કૃષિ મહોત્સવમાં વધુમાં વધુ ખેડૂતોને ભાગ લેવા માટે મંત્રીએ અનુરોધ કર્યો હતો. કાર્યક્રમ અંગે વિસ્તૃત સમજ આપતા કૃષિ મંત્રીએ કહ્યું કે, આ બે દિવસીય મહોત્સવમાં વિવિધ ટેકનીકલ માર્ગદર્શન સેમીનાર, પ્રાકૃતિક ખેતીનું નિદર્શન, આધુનિક કૃષિ ટેકનોલોજીનું નિદર્શન-પ્રદર્શન, પ્રાકૃતિક કૃષિના મોડેલ ફાર્મની મુલાકાત અને પશુ આરોગ્ય કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. સાથો-સાથ રાજ્યના પ્રગતીશીલ ખેડૂતોને સરદાર પટેલ કૃષિ સંશોધન પુરસ્કાર તથા આત્મા બેસ્ટ ફાર્મરના એવોર્ડ પણ આ કાર્યક્રમ દરમિયાન એનાયત કરવામાં આવશે.આ ઉપરાંત કૃષિ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકઓ દ્વારા પ્રાકૃતિક અને સસ્ટેનેબલ ફાર્મિંગ, ખેતી અને બાગાયતી પાકોમાં મૂલ્યવર્ધન, બાગાયતી પાકો સાથે મિક્સ ફાર્મિંગ, પ્રાકૃતિક ખેતી, પ્રીસીઝન ફાર્મિંગ, કૃષિ અને બાગાયતી પાકોમાં આધુનિક તાંત્રિકતા વિશે માર્ગદર્શન, મિલેટ પાકોમાં મૂલ્યવર્ધન, સફળ પશુપાલન જેવા વિવિધ વિષયો ઉપર ખેડૂતોને માર્ગદર્શન આપવામાં આવશે. સાથે જ, ખેડૂતોને સબંધિત વિસ્તારમાં થતા પાકો અંગે માર્ગદર્શન તથા તેમના પ્રશ્નોનું નિરાકરણ આપવાનું પણ રાજ્ય સરકારે આયોજન કર્યું છે.

આ બે દિવસીય મહોત્સવમાં ગુજરાતને કૃષિ ક્ષેત્રે નંબર-૧ બનાવવા માટે ચિંતન અને વિવિધ પ્રયાસો કરવામાં આવશે, તેમ તેમણે ઉમેર્યુ હતું.



---

# બાંગ્લાદેશમાં હિન્દુઓ પર થતા અત્યાચારના વિરોધમાં આવતીકાલે રાજકોટમાં મૌન રેલી

## રેસકોર્સથી કલેકટર કચેરી સુધી મૌન રેલી યોજી આવેદન પત્ર અપાશે




**અબતક, રાજકોટ**

બાંગ્લાદેશમાં સત્તા પરિવર્તન બાદ હિન્દુઓ પર સતત અત્યાચારો વધી રહ્યા છે. જેના વિરોધમાં હિન્દુ અસ્મિતા મંચ દ્વારા રાજકોટમાં કાલે ગુરૂવારે મૌન રેલીનું આયોજન કરવામાં આવ્યું છે.

બાંગ્લાદેશમાં હિન્દુઓ પર થઈ રહેલા અત્યાચારના વિરોધમાં તથા હિન્દુઓના રક્ષણની માગ સાથે રાજકોટમાં હિન્દુ અસ્મિતા મંચ દ્વારા કાલે ગુરુવારે બપોરે ૪ વાગે મૌન રેલીનું આયોજન કરવામાં આવ્યું છે.

હિન્દુ અસ્મિતા મંચ રાજકોટના નેજા હેઠળ હિન્દુ સમાજના ભાઈઓ બહેનો કાલે ગુરુવારે સાંજે ૪:૦૦ વાગ્યાથી

(અનુ. આઠમા પાને)

---

### નડિયાદ નજીક એક્સપ્રેસ-વે પર ગમખ્વાર અકસ્માત

# પૂરપાટ દોડતી કારનું ટાયર ફાટતા ડિવાઈડર કૂદી ટ્રક સાથે અથડાઈ: ત્રણના કરૂણ મોત

## બિલોદરા બ્રિજ પાસે સર્જાયેલા અકસ્માતમાં કારમાં હાજર પાંચ લોકો પૈકી બેની સ્થિતિ ગંભીર

**અબતક, રાજકોટ**

નડિયાદ પાસે એક્સપ્રેસ-વે પર કારનું ટાયર ફાટતાં ભયંકર અકસ્માત સર્જાયો છે. બિલોદરા બ્રિજ પાસે કાર- ટ્રક વચ્ચે અકસ્માતમાં ત્રણના મૃત્યુ થયા છે જ્યારે બે ઈજાગ્રસ્ત થયા છે.ટાયર ફાટતા બેકાબૂ બનેલી કાર ડિવાઈડર કૂદી રોંગસાઈડમાં ટ્રક સાથે અથડાઈ હતી. કારમાં પાંચ વ્યકિત સવાર હતા. જે પૈકી એક મહિલા અને બે પુરૂષના મૃત્યુ થયા છે. અકસ્માતના પગલે નડિયાદ ગ્રામ્ય પોલીસનો કાફલો



ઘટનાસ્થળે પહોંચ્યો હતો. એક્સપ્રેસ હાઈવે પેટ્રોલિંગની ટીમે ટ્રાફિક પૂર્વવત કરવાના પ્રયાસ હાથ ધર્યા છે.તમામ મૃતકોના મૃતદેહને નડિયાદ સરકારી હોસ્પિટલ ખાતે રાખવામાં આવ્યાં છે

### કારના પતરા ચીરી મૃતદેહને બહાર કાઢવાની ફરજ પડી

પૂરપાટ દોડતી કારનું ફાયર ફાટતા ડિવાઈડર કૂદી સામેથી આવતા ટ્રક સાથે અથડાઈ હતી. અકસ્માત એટલો ગોઝારો હતો કે, કારનો કચ્ચરઘાણ વળી ગયો હતો. અકસ્માતના પગલે સ્થાનિકોનું ટોળું દોડી આવ્યું હતું અને પોલીસ, એમ્બ્યુલન્સ તેમજ ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવી હતી. તંત્રએ સ્થાનિકોની મદદથી કારના પતરા ચીરી મૃતદેહ બહાર કાઢ્યા હતા જયારે બે ઈજાગ્રસ્તોને સારવાર અર્થે ખસેડ્યા હતા.

ખેડા જિલ્લામાં માર્ગ અકસ્માતના બનાવોમાં સતત વધારો થઈ રહ્યો છે. નડિયાદ

(અનુ. આઠમા પાને)

---

### ગુજરાતની વધુ એક વૈશ્વિક સિદ્ધી


# કચ્છના સ્મૃતિ વન મ્યુઝિયમને યુનેસ્કો દ્વારા ઈન્ટિરિયર્સ શ્રેષ્ઠતા માટે એવોર્ડ

## સ્મૃતિ વન ભૂકંપ મેમોરિયલ મ્યુઝિયમને યુનેસ્કોના પ્રિક્સ વર્સેઈલ્સ ૨૦૨૪માં વૈશ્વિક સ્તરે માન્યતાઃ પેરિસમાં એવોર્ડ અર્પણ કરાયો

**અબતક, રાજકોટ**

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાતની વૈશ્વિક ગૌરવ સિદ્ધિમાં વધુ એક યશકલગીનો ઉમેરો થયો છે. કચ્છ-ભૂજના સ્મૃતિવન મ્યુઝિયમને તેના ઈન્ટિરિયર્સ માટે યુનેસ્કોનું પ્રતિષ્ઠિત પ્રિક્સ વર્સેઈલ્સ ૨૦૨૪ વર્લ્ડ ટાઈટલ એનાયત કરવામાં આવ્યું છે.

પેરિસમાં યુનેસ્કો હેડ ક્વાર્ટર ખાતે યોજાયેલા સમારોહમાં ગુજરાતને એનાયત થયેલો આ એવોર્ડ રાજ્ય સરકાર વતી રાજ્યમંત્રી જગદીશ વિશ્વકર્માએ અનુપમ આનંદ સાથે સ્વીકાર્યો હતો. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ ગૌરવ સિદ્ધિ માટે સ્મૃતિવનની સમગ્ર ટીમને અભિનંદન પાઠવ્યા છે.






ઉલ્લેખનીય છે કે, યુનેસ્કો ખાતે પ્રતિ વર્ષ જાહેર કરવામાં આવતા આર્કિટેક્ચર અને ડિઝાઈન ક્ષેત્રના પ્રતિષ્ઠિત પ્રિક્સ વર્સેઈલ્સ એવોર્ડ અંતર્ગત ભુજના આ સ્મૃતિવન ભૂકંપ મેમોરિયલ મ્યુઝિયમને ૨૦૨૪ના વર્ષની શરૂઆતમાં વિશ્વના ૭ સૌથી સુંદર મ્યુઝિયમ્સની યાદીમાં સ્થાન મળ્યું હતું.

હવે, વૈશ્વિક મંચ પર સાંસ્કૃતિક સીમાચિહ્ન તરીકે પોતાનું સ્થાન વધુ મજબૂત કરીને પ્રિક્સ વર્સેલ્સ ૨૦૨૪ વર્લ્ડ ટાઈટલ મેળવીને સ્મૃતિવન મ્યુઝિયમે આ અંતિમ એવોર્ડ-સન્માન ગૌરવ પ્રાપ્ત કર્યું છે.

આ પ્રિક્સ વર્સેલ્સ એ વૈશ્વિક આર્કિટેક્ચર અને ડિઝાઈન એવોર્ડ છે અને વિવિધ શ્રેણીઓમાં અસાધારણ સિદ્ધિઓ માટે એનાયત કરવામાં આવે છે. મ્યુઝિયમ, એરપોર્ટ, કેમ્પસ, પેસેન્જર સ્ટેશન, રમતગમત સુવિધાઓ, એમ્પોરિયમ, હોટેલ્સ અને રેસ્ટોરન્ટનો તેમાં સમાવેશ થાય છે.

ગુજરાતમાં ૨૬ જાન્યુઆરી, ૨૦૦૧ના ગોઝારા ભૂકંપે જ્યારે કચ્છને ઘમરોળી નાખ્યું હતું, તે સમયે તેમાં જીવ ગુમાવનારા નાગરિકોના સ્મરણમાં સ્મૃતિવન ભૂકંપ સ્મારકનું નિર્માણ વડાપ્રધાનની પ્રેરણાથી કરવામાં આવ્યું છે. ૨૮ ઓગસ્ટ, ૨૦૨૨ના રોજ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આ સ્મારકનું લોકાર્પણ કર્યું હતું.

સ્મૃતિવનનું આર્કિટેક્ચર ઐતિહાસિક ભુજિયો ડુંગર સાથે સુમેળભર્યું સંકલન કરે છે, તેમાં મુલાકાતીઓને આપત્તિની તૈયારી અને શક્તિ અંગે શિક્ષિત કરવા માટે રચાયેલી ઈમર્સિવ ગેલેરીઓ

(અનુ. આઠમા પાને)